Monday 28, September 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# વિસર્જન પછી શ્રીજી વિસરાયા!



## વાપીમાં દમણગંગા અને વલસાડમાં ઔરંગા કિનારે ગણેશ પ્રતિમાઓ રઝળી : વાપીમાં કલીનઅપ ઈન્ડિયાએ ગૌરવપૂર્ણ નિકાલની કામગીરી હાથ ધરી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, વલસાડ, તા. ૨૭ :** ગણેશોત્સવ પૂર્ણ થયા બાદ વાપીના દમણગંગા નદી કિનારે પણ વિસર્જન કરવામાં આવેલી શ્રીજીની અસંખ્ય પ્રતિમાઓ રઝળતી હાલતમાં જોવા મળતા ભાવિકોની લાગણી દુભાય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

વાપી, જીઆઈડીસી તથા આસપાસના વિસ્તારોમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ઠેરઠેર શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી. દોઢ દિવસથી લઈને ૧૧ દિવસ સુધી પૂજા-અર્ચના કર્યા બાદ ભક્તોએ ભારે હૈયે શ્રીજીને વિદાય આપી હતી. જોકે વિસર્જન બાદ નદી કિનારે અને કૃત્રિમ તળાવના આસપાસ પ્રતિમાઓની આવી સ્થિતિ જોવા મળતા સ્વચ્છતા અને પર્યાવરણ અંગે પણ સવાલો ઊભા થયા હતા. આ દરમિયાન આજે રવિવારે ક્લિનઅપ ઈન્ડિયાની ટીમ દમણગંગા વીયર ડેમ અને આસપાસના વિસ્તારમાં પહોંચી હતી. ટીમે નદી કિનારે તથા કૃત્રિમ તળાવની આસપાસ રઝળતી પડેલી શ્રીજીની પ્રતિમાઓને એકત્ર કરવાની કામગીરી હાથ ધરી હતી. ક્લિનઅપ ઈન્ડિયાના હેમંતભાઈ પાટીલના જણાવ્યા મુજબ તેમની ટીમ દ્વારા એકત્ર કરવામાં આવેલી પ્રતિમાઓને યોગ્ય રીતે સાચવી ને નદીના કિનારે સુરક્ષિત રાખવામાં આવી છે અને આગામી દિવસોમાં નદીમાં ફરીથી વિસર્જન કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે

જયારે વલસાડથી પ્રાપ્ત માહિતી પ્રમાણે વલસાડ જિલ્લા અને સંઘપ્રદેશોમાં ગણેશ ચતુર્થીના પાવન પર્વે ભારે ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. દસ દિવસ સુધી પૂજા-અર્ચના અને વિવિધ ધાર્મિક કાર્યક્રમો બાદ અનંત ચતુર્દશીએ ભક્તોએ વાજતે-ગાજતે તેમજ અશ્રુભીની આંખે લાડીલા બાપાને ઔરંગા નદીમાં વિસર્જિત કર્યા હતા. જોકે, વિસર્જનના બીજા દિવસે વલસાડ અને વાપીથી સામે આવેલા દ્રશ્યોએ ગણેશભક્તો અને પર્યાવરણપ્રેમીઓમાં ભારે આક્રોશ ફેલાવ્યો છે. વલસાડથી પ્રાપ્ત માહિતી પ્રમાણે વિસર્જન બાદ ઔરંગા નદીના કિનારે મોટી સંખ્યામાં પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓ યથાવત્ સ્થિતિમાં તથા ખંડિત અવસ્થામાં તરતી અને કાંઠે પડેલી જોવા મળી હતી. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને જાગૃત નાગરિકો અને સંગઠનો દ્વારા આ બાબતે ધાર્મિક લાગણી જાળવવા ગણેશ મંડળના આયોજકોને વિશાળ મૂર્તિઓના બદલે ઈકો-ફ્રેન્ડલી માટીની મૂર્તિઓ જ સ્થાપિત કરી ઉત્સવની પવિત્રતા જાળવી રાખવા અનુરોધ કરાયો છે.

# જિલ્લામાં પણ આજથી ત્રણ દિવસ બેંક હડતાળ




### રવિવારે પણ બેંકો ખુલ્લી રહી : વલસાડ જિલ્લામાં ખ્વપ્માં પૂરતી કેશની વ્યવસ્થા કરવામાં આવી, આજે વલસાડમાં ધરણા પ્રદર્શન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ-વાપી, તા. ૨૭ :** દેશના બેન્કિંગ ઈતિહાસમાં ૧૩૬ વર્ષમાં પ્રથમવાર મહત્વપૂર્ણ ઘટના સામે આવ્યો છે. આગામી દિવસોમાં બેન્કિંગ કર્મચારીઓ દ્વારા ત્રણ દિવસની તારીખ ૨૮ સપ્ટેમ્બરથી ૩૦મી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીની દેશવ્યાપી હડતાલનું એલાન કરવામાં આવ્યું હોવાથી બેન્કિંગ સેવાઓને અસર ન થાય તે હેતુથી આજે રવિવાર હોવા છતાં દેશભરની સાથે વલસાડ જિલ્લામાં પણ અનેક બેંકો ખુલ્લી રાખવામાં આવી હતી.

આ અંતર્ગત વાપી શહેર ઉપરાંત વાપી જીઆઈડીસી અને આસપાસના વિસ્તારોમાં આવેલી બેંક ઓફ બરોડા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહિતની અન્ય રાષ્ટ્રીયકૃત બેંકો આજે રવિવાર હોવા છતાં ખુલ્લી રહી હતી.

અને બ્રાન્ચ ઉપર ગ્રાહકોની ભારે અવરજવર પણ જોવા મળી હતી

વધુમાં પ્રાપ્ત માહિતી પ્રમાણે આજે સોમવારે આ હડતાલના ભાગરૂપે વલસાડ શહેરમાં તિથલ રોડ પર આવેલી બેન્ક ઓફ બરોડાની શાખા ખાતે સવારે ૧૦ વાગ્યે બેન્ક કર્મચારીઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે

આ ત્રણ દિવસીય હડતાલ દરમિયાન વલસાડ જિલ્લામાં વાપી તથા ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી કંપનીઓ અને એના કામદારો તથા અન્ય ખાતેદારો પણ આ હડતાલથી પ્રભાવિત થશે. જેથી સામાન્ય નાગરિકો અને વેપારીઓને રોકડની અછત ન સર્જાય તે માટે જિલ્લાભરના મોટાભાગના ATM મશીનોમાં અગાઉથી જ પૂરતા પ્રમાણમાં રોકડ રકમ (કેશ) લોડ કરી દેવામાં આવી છે.

હડતાલ કરી રહેલા બેંકના કર્મચારીઓની મુખ્ય માંગણીઓમાં અઠવાડિયામાં પાંચ દિવસ બેન્કિંગ કામગીરી કરવાની વ્યવસ્થા, PLI સ્કીમ બંધ કરવાની માંગ તેમજ લાંબા સમયથી પડતર રહેલી અન્ય માંગણીઓને તાત્કાલિક મંજૂર કરવાનો સમાવેશ થાય છે.

ત્રણ દિવસની હડતાલને પગલે વલસાડ જિલ્લામાં નેશનલ બેન્કોની કામગીરીને અસર થવાની શક્યતા છે.

જેના કારણે બેન્કમાં રોકડ વ્યવહારો, ચેક ક્લિયરન્સ સહિતની વિવિધ બેન્કિંગ સેવાઓ માટે આધાર રાખતા ગ્રાહકો તેમજ તાત્કાલિક બેન્કિંગ સેવા જરૂરી હોય તેવા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

હડતાલ દરમિયાન ગ્રાહકોને પડનારી સંભવિત મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને અનેક લોકો પોતાના જરૂરી બેન્કિંગ વ્યવહારો અગાઉથી પૂર્ણ કરી રહ્યા હોવાનું પણ જોવા મળી રહ્યું છે.

# વાપી પંથકમાં કંટ્રોલનું અનાજ હલકી કક્ષાનું આવતું હોવાની બૂમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી પંથકમાં સરકારી સસ્તા અનાજની દુકાનોમાંથી વિતરણ થતું અનાજ હલકી કક્ષાનું આવતું હોવાની ફરિયાદો ઉઠી છે. લાભાર્થીઓના જણાવ્યા અનુસાર પહેલા લૂઝ ચણા સડેલા અને ખાવા લાયક ન આવતા હતા. રજૂઆતો બાદ પેકેટમાં ચણા આવવા લાગતા લોકોને રાહત મળી હતી, પરંતુ હવે ઘઉંના જથ્થાને લઈને નવો વિવાદ સર્જાયો છે.

ગ્રાહકોનો આક્ષેપ છે કે મળતા ઘઉંમાં ઘઉં કરતાં ભૂસું વધારે હોય છે અને ઘઉં પણ હલકી કક્ષાના, કાળા પડી ગયેલા હોય છે. જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ખાવામાં મુશ્કેલી પડી રહી છે. લોકોમાં એવી શંકા પણ વ્યક્ત થઈ રહી છે કે ગોડાઉનમાંથી સારો જથ્થો બારોબાર વેચી મારવામાં આવે છે અને હલકું અનાજ દુકાનો સુધી પહોંચાડવામાં આવે છે. તંત્ર દ્વારા જથ્થાની ગુણવત્તાની તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# વાપીના જે ટાઈપ આરઓબી પર ગર્ડરનું કામ શરૂ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપીના જે ટાઈપ રેલ્વે ઓવરબ્રિજના નિર્માણ કાર્યને વેગ મળ્યો છે. પશ્ચિમ રેલ્વે દ્વારા રવિવારે મોડી રાત્રે મેગા બ્લોક મંજૂર કરવામાં આવતા રેલ્વે ટ્રેક ઉપર બાકી રહેલા ૨૨ મીટરના સ્પાન ચઢાવવા માટે ગર્ડર ઉભું કરવાની કામગીરી હાથ ધરાશે, તેવું રેલ્વે સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગયા સપ્તાહે જે ટાઈપ રોડ બંધ કરી ક્રેન સહિત તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી, પરંતુ રેલ્વે તરફથી બ્લોક ન મળતા કામગીરી થઈ શકી ન હતી.

હવે રવિવારે મેગા બ્લોક મંજૂર થતા મોડી સાંજથી તૈયારી કરી મોડી રાત્રે ગર્ડર લોન્ચિંગનું કામ શરૂ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈ અને રેલ્વેના ઉચ્ચ અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કરી કામગીરીની સમીક્ષા કરી હતી. આ બ્રિજ શરૂ થતા વાપી પૂર્વ પશ્ચિમને જોડતા ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. કામગીરી દરમિયાન રોડ બંધ રહેતા વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

# દહેરીમાં ગાંજાનો છોડ ઉગાડનાર આરોપી ઝડપાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** ઉમરગામ પોલીસ પેટ્રોલિંગ દરમિયાન દહેરી ગામના કટવાડ ફળિયામાં વાડાની ખુલ્લી જમીનમાં ગાંજાનો છોડ ઉગાડી તેની માવજત કરતા હેમરાજ ઉર્ફે પિન્ટુ સોહનલાલ ચૌહાણ (ઉં.વ.૨૭)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી ૩.૭૯૯ કિલો વજનનો લીલો ગાંજાનો છોડ, કિંમત રૂ.૧,૮૯,૯૫૦, તેમજ રૂ.૧૦,૦૦૦નો મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧,૯૯,૯૫૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ મામલે ઉમરગામ પોલીસે એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(B), ૮(C), ૨૦(A), ૨૦(B)(૨)(B) હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.






## નવસારીમાં શુન્ય - કચરા રમતોત્સવ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ)
**નવસારી, તા. ૨૭ :** સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત નવસારી જિલ્લામાં સ્વચ્છતા હી સેવા-૨૦૨૬ અભિયાનની અનોખી ઉજવણી કરવામાં આવી રહી છે. સ્વચ્છતા માત્ર એક ટેવ નથી પણ દૈનિક જીવનશૈલીનો ભાગ બને તેવા ઉમદા હેતુ સાથે નવસારીમાં રમતગમત, તંદુરસ્તી અને સ્વચ્છતાને જોડતી વિવિધ પ્રેરણાદાયી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

અભિયાન અંતર્ગત પરંપરાગત તથા સ્થાનિક રમતોને પ્રોત્સાહન આપવા વિશેષ રમતોત્સવ યોજાયો હતો. આ સમગ્ર રમતોત્સવને 'ઝીરો વેસ્ટ ઈવેન્ટ' (શૂન્ય-કચરા કાર્યક્રમ) તરીકે આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં કચરાના યોગ્ય વિભાજન, પ્લાસ્ટિકનો વપરાશ નાબૂદ કરવા અને સ્રોત પર જ કચરાનું વ્યવસ્થાપન કરવા અંગે સ્પર્ધકો અને દર્શકોને જાગૃત કરાયા હતા. રમત પૂર્ણ થયા બાદ એક અદ્ભુત દ્રશ્ય જોવા મળ્યું હતું. ખેલાડીઓ, વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો, ગ્રામજનો અને આયોજકોએ સાથે મળીને રમતના આખા મેદાનની સામૂહિક સફાઈ હાથ ધરી હતી. આ ઉપરાંત બગીચા, શાળાઓ અને સામુદાયિક હોલ ખાતે 'ફિટ ઈન્ડિયા' સત્રો, યોગ અને ધ્યાનની પ્રવૃત્તિઓ યોજીને તંદુરસ્ત શરીર અને સ્વચ્છ પર્યાવરણનો મજબૂત સંદેશો આપવામાં આવ્યો હતો.

તંદુરસ્તી સાથે સ્વચ્છતાનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડવા માટે જિલ્લામાં સ્વચ્છતા દોડ, સાયકલ યાત્રા (સાયકલોથોન) અને મેરેથોન જેવા આયોજનો કરાયા હતાં, જેમાં સ્થાનિક રમતવીરો, યુવાનો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમના અંતે વિજેતા ખેલાડીઓ તથા ઉત્કૃષ્ટ યોગદાન આપનાર સહભાગીઓનું સ્થાનિક મહાનુભાવો અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર અભિયાન દ્વારા નવસારી જિલ્લામાં સ્વસ્થ નાગરિક-સ્વચ્છ સમાજના મંત્રને નવી ઊર્જા મળી છે અને સામૂહિક જનભાગીદારી દ્વારા સ્વચ્છતા તરફ એક મજબૂત કદમ ઉઠાવવામાં આવ્યું છે.

## બીલીમોરામાં વીજ વિભાગ દ્વારા ર૯મીએ મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ યોજાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૨૭ :** દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ બીલીમોરા ટાઉન સબ-ડિવિઝન દ્વારા બાકી વીજ બિલ ધરાવતા ગ્રાહકો સામે લાલ આંખ કરવામાં આવી છે, જે અંતર્ગત તારીખ ૨૯-૦૯-૨૦૨૬ (મંગળવાર)ના રોજ મોટા પાયે ટીમો ઉતારીને વીજ જોડાણો કાપવા માટે મેગા ડિસ્કનેક્શન ડ્રાઈવ હાથ ધરાશે. વીજ તંત્ર દ્વારા ગ્રાહકોને અગવડતાથી બચવા તાત્કાલિક ઓનલાઈન અથવા કચેરી ખાતે જઈને બાકી બિલ ભરપાઈ કરવા અપીલ કરાઈ છે.

જોડાણ કાપતી વખતે સ્થળ પર કોઈ પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં તેમજ એકવાર પાવર સપ્લાય કપાયા બાદ પુરેપુરા બિલ ઉપરાંત રી-કનેક્શન ચાર્જ ભર્યા પછી જ વીજ પુરવઠો પુનઃ કાર્યરત કરાશે.

## ગડતની અંબિકા હાઈસ્કૂલમાં ચિત્ર અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ગણદેવી, તા.૨૭ :** વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના જાહેર સેવામાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ગડત સ્થિત ધી અંબિકા હાઈસ્કૂલ ખાતે ગણદેવી તાલુકા કક્ષાની 'મારા સપનાનું ભારત' વિષય પર ચિત્રકામ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. તાલુકાની વિવિધ શાળાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈને વિકસિત, આત્મનિર્ભર અને સ્વચ્છ ભારતના પોતાના સંકલ્પને રંગો તથા પ્રભાવશાળી વક્તવ્ય દ્વારા વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં અંબિકા ગ્રામ કેળવણી મંડળના પ્રમુખ અમૃતભાઈ નાયકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પોતાની સર્જનાત્મક પ્રતિભા થકી રાષ્ટ્રનિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર આયોજન જિલ્લા-તાલુકા પ્રશાસનના માર્ગદર્શન અને શાળાના આચાર્ય જિગ્નેશ ટેલર તેમજ શિક્ષકગણના સંકલનથી સુચારુ રીતે પાર પડ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ નિરાલી નાયક, જિલ્લા ભાજપ મહામંત્રી શાંતિલાલ પટેલ,શિક્ષણ વિભાગના પદાધિકારીઓ, વિવિધ શાળાઓના શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. યુવા પેઢીમાં દેશપ્રેમ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રહિતની ભાવના જગાડતી આ બંને સ્પર્ધાઓ વિદ્યાર્થીઓના અદભુત કૌશલ્ય પ્રદર્શન સાથે અત્યંત ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૮-૦૯-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** ભાદરવો વદ, બીજ, **સૂર્યોદય :** ૦૬ : ૩૪ **સૂર્યાસ્ત** ૦૬ :૨૬, **ચંદ્રોદય** - ૦૭:૨૭ **ચંદ્રાસ્ત** - ૦૮:૫૪ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - રેંવતી

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે મધ્યમ ફળદાયી રહેશે. કાર્યક્ષેત્રમાં સહયોગીઓનો સાથ મળશે. વરિષ્ઠ અધિકારીઓ તમારા કામની પ્રશંસા કરશે. જોકે, બપોર પછી માનસિક ચિંતા કે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવાનું ટાળવું.
**વૃષભ(બ.વ.ઉ) :** ગુરુપૂર્ણિમાના સંયોગથી આપના માટે આજનો દિવસ અત્યંત શુભ અને લાભદાયી છે. ભાગ્યનો પૂરો સાથ મળશે. અટકેલા કાર્યો પૂરા થશે.
**મિથુન(ક.છ.ઘ) :** વાણીની સોમવાર કે આજની સ્થિતિમાં નમ્રતા રાખવી જરૂરી છે. વેપાર અને વ્યવસાયમાં સાવધાન રહેવું. અચાનક ખર્ચ વધવાની સંભાવના છે. સ્વાસ્થ્ય બાબતે બેદરકારી ન રાખવી.
**કર્ક(ડ.હ) :** સૂર્ય અને ગુરુની યુતિ તથા ચંદ્રની દ્રષ્ટિથી આપની આવકમાં ગતિ આવશે. દાંપત્યજીવનમાં ખુશીઓ આવશે.
**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ ધૈર્ય અને સંયમ રાખવાનો છે. શુક્રનું નક્ષત્ર બદલાવ તમારા માટે થોડું પડકારજનક હોઈ શકે છે, જેથી ખર્ચા પર કાબૂ રાખવો અને દેખાડાથી દૂર રહેવું.
**કન્યા(પ.ઠ.ણ.) :** વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક કાર્યો સાથે જોડાયેલા જાતકો માટે ઉત્તમ દિવસ છે. સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે. માતા-પિતાના આશીર્વાદથી કાર્યો સફળ થશે.
**તુલા (ર.ત.) :** આપના માટે આજનો દિવસ લાભ અને ખુશીઓ લઈને આવ્યો છે. મિલકત કે વાહન સુખ મળવાના યોગ છે.
**વૃશ્ચિક(ન.ય.) :** આજનો દિવસ સાહસ અને પરાક્રમથી ભરેલો રહેશે. ભાઈ-બહેનોનો સહયોગ મળશે. ટૂંકી મુસાફરી થઈ શકે છે જે ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થશે.
**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે પરંતુ પારિવારિક બાબતોમાં સાવધાની રાખવી. બોલતી વખતે શબ્દો પર સંયમ રાખો જેથી કોઈ વિવાદ ન થાય.
**મકર(જ.ખ) :** ચંદ્ર તમારી જ રાશિમાં બિરાજમાન હોવાથી શિસ્ત અને જવાબદારી વધશે. વેપારમાં અદ્ભુત તરક્કી અને ધનલાભના યોગ છે.
**કુંભ(ગ.શ.સ.) :** આજનો દિવસ ખર્ચાળ સાબિત થઈ શકે છે. વિદેશ કે દૂરના સ્થળેથી વેપારમાં કોઈ સારા સમાચાર મળી શકે છે.
**મીન(દ.ચ.ઝ.થ.) :** આવકના નવા સ્રોત ઊભા થશે. મિત્રો અને સ્વજનો સાથે સારો સમય પસાર થશે. જો તમે નોકરી બદલવા માંગતા હોવ તો યોગ્ય તક મળી શકે છે.

## સાપુતારાની એકલવ્ય મોડેલ વિદ્યાલયમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ સત્ર યોજાયું





(દમણગંગા ટાઈમ્સ)
**આહવા, તા. ૨૭ :** સાપુતારા PM SHRI એકલવ્ય મોડેલ આવાસીય વિદ્યાલય, સાપુતારા ખાતે બુધવારે સાયબર સુરક્ષા અને ગ્રાહક જાગૃતિ (Cyber Security and Consumer Awareness) વિષય પર વિશેષ જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વધતા જતા સાયબર ગુનાઓ અંગે જાગૃત કરવા તેમજ ડિજિટલ સેવાઓ અને ઓનલાઈન વ્યવહારોના સુરક્ષિત અને જવાબદાર ઉપયોગ અંગે માહિતી આપવાનો હતો. કાર્યક્રમમાં સાપુતારા પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ સુમિત્રાબેન તથા પોલીસ કોન્સ્ટેબલ પ્રેઝિનાબેન વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે વિદ્યાર્થીઓને સાયબર ગુનાઓના વિવિધ પ્રકારો, ઓનલાઈન છેતરપિંડી, નકલી ફોન કોલ તથા સંદેશાઓ, બ્લ્ક અને બેંકિંગ સંબંધિત માહિતી શેર કરવાના જોખમો, સોશિયલ મીડિયાના સુરક્ષિત ઉપયોગ તેમજ સાયબર ગુનો બને ત્યારે રાખવાની જરૂરી સાવચેતી અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સજાગ અને જવાબદાર ડિજિટલ નાગરિક બનવા માટે પ્રેરિત કર્યા હતાં. આ પ્રસંગે વિદ્યાલયના આચાર્ય બિંદ્રાવન પાલે જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં સાયબર સુરક્ષા અને ગ્રાહક જાગૃતિ વિદ્યાર્થીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ વિષયો છે. વિદ્યાર્થીઓને ટેક્નોલોજીની સાથે તેના સુરક્ષિત, જવાબદાર અને સકારાત્મક ઉપયોગની જાણકારી હોવી જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓને સત્ર દરમિયાન પ્રાપ્ત થયેલી માહિતીને પોતાના પરિવાર તેમજ સમાજના અન્ય લોકો સુધી પહોંચાડી તેમને પણ જાગૃત કરવા માટે આહ્વાન કર્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ સાયબર સુરક્ષા અને ગ્રાહક જાગૃતિ સાથે સંબંધિત વિવિધ વિષયો અંગે મહત્વપૂર્ણ માહિતી મેળવી હતી તથા ઉપસ્થિત નિષ્ણાતોને પ્રશ્નો પૂછી પોતાની જિજ્ઞાસાઓનું સમાધાન પણ મેળવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં સાયબર જાગૃતિ, ડિજિટલ સુરક્ષા, ગ્રાહક અધિકારો અંગેની સમજ અને જવાબદાર નાગરિકતાની ભાવના વિકસાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થયો હતો.

## નવસારી મનપા મ્યુ. કમિશ્નરે રાત્રી સમયે વિવિધ વિસ્તારોની સઘન ફિલ્ડ વિઝિટ




(દમણગંગા ટાઈમ્સ)
**નવસારી, તા. ૨૭ :** નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા વ્યવસ્થા વધુ સુદ્દઢ બનાવવા તેમજ જાહેર સ્થળોએ સ્વચ્છતા જળવાઈ રહે તે હેતુસર ગત રોજ રાત્રિના સમયે મ્યુનિસિપલ કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સઘન ફિલ્ડ વિઝિટ કરવામાં આવી હતી. રાત્રિના સમયે કરવામાં આવેલી આ ફિલ્ડ વિઝિટ દરમિયાન જાહેર સ્થળો, GVP પોઈન્ટ, ખાણી-પીણીની લારીઓ, લારી-ગલ્લા તથા બજાર વિસ્તારોમાં સ્વચ્છતાની સ્થિતિનું સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

અને સંબંધિત અધિકારીઓ તથા કર્મચારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. રાત્રિના ફિલ્ડ વિઝિટ દરમિયાન સૌપ્રથમ લુંસીકુઇ વિસ્તારમાં આવેલા ખાણી-પીણીના લારીઓ તથા આસપાસના વિસ્તારોની મુલાકાત લેવામાં આવી હતી. ખાણી-પીણીની લારીઓ દ્વારા ઉત્પન્ન થતા કચરાનો યોગ્ય નિકાલ થાય તે અંગે સ્થળ પર જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

જાહેર સ્થળે કચરો ફેલાવનાર તેમજ સ્વચ્છતા નિયમોનું પાલન ન કરનાર સામે નિયમોનુસાર દંડાત્મક કાર્યવાહી કરવા સંબંધિત અધિકારીઓને મ્યુનિસિપલ કમિશનરએ સ્પષ્ટ સૂચના આપી હતી. આ ઉપરાંત નવસારી ફુવારા વિસ્તાર તથા અન્ય વિવિધ વિસ્તારોમાં રાત્રિના સમયે ફિલ્ડ વિઝિટ કરી સ્વચ્છતા અને જાહેર સુવિધાઓની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નવસારી મહાનગરપાલિકા સંચાલિત રેન બસેરા ખાતેની વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી હતી. અહીં આશ્રય મેળવતા જરૂરિયાતમંદો માટેની સુવિધાઓ, સ્વચ્છતા તથા આસપાસના પરિસરની સ્થિતિ અંગે સ્થળ પર જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

આ કાર્યવાહી અંતર્ગત આજ રાત્રીએ કુલ અંદાજે રૂા.૮,૫૦૦/- જેટલી દંડની રકમ વસૂલવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરશ્રીએ શહેરને સ્વચ્છ અને સુઘડ રાખવા માટે નાગરિકો તથા વેપારીઓને કચરો નિયત સ્થળે જ નાખવા અને મહાનગરપાલિકાની સ્વચ્છતા વ્યવસ્થામાં સહયોગ આપવા અપીલ કરી હતી.

## દમણ રેડિયો
102.3 FM
આકાશવાણી
**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## ડાંગ જિલ્લામાં યોજાનારા કાર્યક્રમો અંગે સમીક્ષા બેઠક મળી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**આહવા, તા. ૨૭ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં સેવા, સમર્પણ અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમગ્ર દેશમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લામાં તારીખ ૧૭ ઓક્ટોબર સુધી યોજાનાર વિવિધ કાર્યક્રમોનું આયોજન અંગે ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી ડો.જયરામભાઇ ગામીતના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં સમીક્ષા બેઠકનું આયોજન કરાયું હતું.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત મુખ્ય ૧૩ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવનાર છે જેમાં આશિર્વાદનો દીવો, મારા સપનાનું ભારત - ચિત્ર સેવા, નમો સેવા- અનકહી કહાની, આંગણ મિલન સેવા, સેવાની કહાની, સેવા ફર્સ્ટ ઈનોવેશન ચેલેન્જ, સુશાસન સેવા સંવાદ, વિકસીત ભારતનો સંકલ્પ, સેવા જ્યોતિ કળશ યાત્રા, સેવાના રંગ રાષ્ટ્રના સેંગ, સેવા મારું યોગદાન, સેવા સેતુ અભિયાન, વડનગર - વારાસણી સેવા યાત્રા. આ કાર્યક્રમો અંગે દરેક વિભાગ દ્વારા કરવામાં આવેલ કામગીરી તેમજ આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર કામગીરી અંગે વિવિધ વિભાગના નોડલ અધિકારીઓ દ્વારા માહિતી આપવામાં આવી હતી.

આ બેઠક દરમિયાન સાંસદ સભ્ય ધવલભાઈ પટેલ તેમજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે જરૂરી સુચનો આપી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એન.ડી.પરમાર, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા, જિલ્લા પોલીસ વડા સુશ્રી પૂજા યાદવ, દક્ષિણ ડાંગના નાયબ વન સંરક્ષક નિરજકુમાર, ઉત્તર ડાંગના નાયબ વન સંરક્ષક મુરારીલાલ મિણા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક એસ.ડી. તબિયાર, નિવાસી અધિક કલેક્ટર હિતેશ જણકાટ, પ્રાંત અધિકારી યુ. વી. પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી હિરલ પટેલ, કાર્યપાલક ઈજનેર કેતન કુંકણા સહિતના તમામ ઉચ્ચ અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## આહવામાં વિવિધ વિસ્તારોમાં સફાઈ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**આહવા, તા. ૨૭ :** દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર ગુજરાત રાજ્યમાં આગામી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધી 'સેવા સંકલ્પ અભિયાન'નું વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ દેશવ્યાપી અને રાજ્યવ્યાપી અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય જનસેવા, પર્યાવરણ જતન અને સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓને વેગ આપીને વડાપ્રધાનના સેવાકાર્યોને બિરદાવવાનો છે. આ અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ લોકઉપયોગી અને પર્યાવરણલક્ષી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

આ અભિયાનના ભાગરૂપે આજરોજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલ તેમજ માર્ગ અને મકાન વિભાગ આહવા (રાજ્ય)ના કાર્યપાલક ઈજનેર કેતન કુંકણા તેમજ તેઓની સમગ્ર ટીમ દ્વારા આહવા ખાતે આવેલ ટ્રાન્સફરી હોસ્ટેલ અને જવાહર કોલોની પરિસર તેમજ નજીકના વિસ્તારોમાં સઘન સાફ-સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વિશેષ સફાઈ ઝુંબેશ દરમિયાન કચરો, પ્લાસ્ટિક, સૂકા પાંદડા તથા બિનજરૂરી સામગ્રીઓ દૂર કરી તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

આ અભિયાનમાં માર્ગ અને મકાન વિભાગ આહવા (રાજ્ય) ના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓએ જાતે શ્રમદાન કરીને સ્વચ્છતા ત્યાં પ્રભુતાનો સંદેશ પ્રસરાવ્યો હતો.

## ધવલીદોડમાં રી-સરવે કામગીરીની પ્રભારી મંત્રીએ સ્થળ સમીક્ષા કરી



**આહવા, તા. ૨૭ :** રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના જમીન સંબંધી પ્રશ્નોના નિવારણ અને જમીન મહેસૂલી બાબતોમાં પારદર્શિતા લાવવાના હેતુથી હાથ ધરવામાં આવેલ ભૂમિ-સીમાંકન (રી-સરવે) ઝુંબેશ અંતર્ગત ડાંગ જિલ્લાના મુલાકાતે પધારેલ રાજ્યકક્ષાના મંત્રી વ ડાંગના પ્રભારી મંત્રી ડો.જયરામભાઈ ગામીતે ડાંગ જિલ્લા કલેક્ટર એન.પરમાર સાથે ધવલીદોડ ગામે રામુબાઈ બાગુલના ખેતરની માપણી અંગેની કામગીરીની સમીક્ષા કરી હતી. ધવલીદોડ ગામે સરવે અધિકારીઓ તેમજ સ્થાનિક ખેડૂત ખાતેદારઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં હાથ ધરાયેલી રી-સરવેની માપણી કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ તકે ઉપસ્થિત અધિકારીઓને ખેડૂતોના જમીનના હક્કો અને સીમાઓ બાબતે સંપૂર્ણ ચોકસાઈ જાળવવા અને સમગ્ર કામગીરી અત્યંત પારદર્શક રીતે પૂર્ણ કરવા અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતાં.

ખેડૂતોને પોતાના જમીન મહેસૂલી રેકોર્ડ બાબતે ભવિષ્યમાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે સરવે સંબંધિત તમામ તકનીકી પાસાઓ ચકાસીને ક્ષતિરહિત કામગીરી સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ સમીક્ષા વેળાએ પ્રભારી મંત્રી ડો.જયરામભાઇ ગામીત, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઇ પટેલ, ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઇ ગામીત, જિલ્લા કલેક્ટર એન.ડી.પરમાર, જિલ્લા વિકાસ અધિકારી કુલદીપસિંહ ઝાલા તેમજ સ્થાનિક પદાધિકારીશ્રીઓ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને ગામના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતાં.

## સુડોકુ
નં.૬૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | | | | | 9 |
| 9 | | 2 | | 1 | | | | 5 |
| | | | 9 | | 7 | | 1 | |
| | 2 | | | 7 | 9 | 5 | | |
| | | 1 | | | | 2 | | |
| | | 4 | 2 | 6 | | | 9 | |
| | 4 | | 8 | | 3 | | | |
| 2 | | | | 4 | | 1 | | 7 |
| 5 | | | | | 1 | 8 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૮૩ નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 | 6 |
| 4 | 6 | 5 | 1 | 9 | 7 | 8 | 3 | 2 |
| 7 | 3 | 2 | 6 | 8 | 5 | 4 | 1 | 9 |
| 3 | 7 | 4 | 9 | 6 | 1 | 5 | 2 | 8 |
| 8 | 1 | 6 | 7 | 5 | 2 | 9 | 4 | 3 |
| 2 | 5 | 9 | 8 | 4 | 3 | 1 | 6 | 7 |
| 5 | 4 | 7 | 3 | 2 | 8 | 6 | 9 | 1 |
| 6 | 2 | 1 | 4 | 7 | 9 | 3 | 8 | 5 |
| 9 | 8 | 3 | 5 | 1 | 6 | 2 | 7 | 4 |

ડુંગરીમાં નાણા મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો

## સુથારવાડમાં આંગણવાડીનું લોકાર્પણ કરાયું

### કુપોષણમાંથી મુક્ત થયેલા બાળકોને પ્રોત્સાહક ભેટ તથા શ્રેષ્ઠ કામગીરી કરનાર આંગણવાડી બહેનોનું સન્માન કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** બાળકોના સર્વાંગી વિકાસ અને પોષણ જાગૃતિ અર્થે સમગ્ર રાજ્યમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણ મિલન સેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે ત્યારે વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ડુંગરી ગામમાં સુથારવાડ ખાતે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયેલા આંગણ મિલન સેવા કાર્યક્રમ દરમિયાન મંત્રીના વરદહસ્તે રૂ. ૧૨ લાખના ખર્ચે તૈયાર થયેલી આંગણવાડી (નંદઘર)નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજ્યના નાણા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, કચ્છના ધરતીકંપ બાદ નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળી વિકાસની નવી દિશા આપી હતી. મહિલા અને બાળકોના વિકાસ માટે અલગથી નવા ખાતાની શરૂઆત કરી તેઓના વિકાસ માટે નવી નવી યોજના અમલમાં મુકી હતી. બાળકોના પોષણ માટે સરકાર અત્યંત ચિંતિત છે અને એના માટે જ ખાસ કરીને આપણે સ્વચ્છતા અને આરોગ્ય ઉપર ધ્યાન રાખવું જોઈએ. બાળકોના પોષણ માટે તમામ સુવિધા હોવા છતાં બાળકો નબળા રહે છે એનું કારણ આપણી જીવનશૈલી, સ્વચ્છતા અને સાથે સાથે શિસ્તબદ્ધતા પણ છે. આંગણવાડી બહેનો અને પ્રોગ્રામ ઓફિસરની વિશેષ જવાબદારી છે કે, સ્વચ્છતાની સાથે સાથે બાળકોને શિસ્તના પાઠ શીખવીએ. એમના માતા-પિતાને પણ વખતોવખત મળીને બાળકોના પોષણ અંગે સમજણ આપીએ.

આ પ્રસંગે વલસાડ જિલ્લા આઈસીડીએસના પ્રોગામ ઓફિસર ક્રિષ્નાકુમારી પટેલે માતા-પિતાને ખાસ અપીલ કરતા જણાવ્યું કે, બાળકોને બહારના ફૂડ પેકેટ અને પડીકા ખાવા માટે ક્યારેય આપવા જોઈએ નહી.

ગામના સરપંચ રવિન્દ્રભાઈ પટેલે ડુંગરી ગામની છ આંગણવાડીમાં જે પણ સુવિધાની ઘટ હતી તે અંગે મંત્રી કનુભાઈનું ધ્યાન દોરતા તમામ ઘટ પુરી થઈ ગઈ છે અને પોણિયા ફળિયા ખાતે નવી આંગણવાડી પણ મંજૂર થઈ છે. જે કામો છેલ્લા ૨૫ વર્ષમાં પૂરા ન થયા તે કામો છેલ્લા પાંચ વર્ષમાં મંત્રીના સીધા માર્ગદર્શન હેઠળ પુરા થઈ ગયા છે. સારી કામગીરી કરનાર આંગણવાડી બહેનો અને તેડાગરની બહેનોનું મંત્રી સહિતના મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. કુપોષણમાંથી મુક્ત થયેલા બાળકોને પ્રોત્સાહક ભેટ પણ આપવામાં આવી હતી. વ્હાલી દીકરી અને સગર્ભા તેમજ ધાત્રી માતાઓ માટે મુખ્યમંત્રીના સંદેશનું વાંચન પણ કરવામાં આવ્યું હતું અને ટીએચઆરનું વિતરણ પણ કરાયુ હતું. હાલમાં પોષણ માસ પણ ચાલી રહ્યો હોવાથી પોષણ શપથ પણ લેવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય સોનલબેન પટેલ, તાલુકા પંચાયત સદસ્ય મહેન્દ્ર પટેલ, પ્રિયા પટેલ અને કીર્તિબેન, તાલુકા વિકાસ અધિકારી સંદીપ ભગોરા, જિલ્લા સંગઠન મંત્રી મુકેશભાઈ પટેલ અને તાલુકા સંગઠનના માજી પ્રમુખ મહેશ દેસાઈ સહિત મોટી સંખ્યામાં ગામના આગેવાનો અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ પારડી ઘટક-૨ ના બાળ વિકાસ યોજના અધિકારી રીટાબેન પટેલે કરી હતી જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિવૃત્તિ શિક્ષક જગદીશ પટેલે કર્યુ હતું.

## અતુલ ફાઉન્ડેશન દ્વારા પાર નદી કિનારાની સફાઇ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** અનંત ચતુર્દશીની પરંપરાગત ઉજવણીના બીજા દિવસે, શનિવાર તારીખ ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ અતુલ ફાઉન્ડેશન દ્વારા પાર નદી પર વિસર્જન સ્થળની સાફસફાઈનુ અભિયાન હાથ ધરાયુ હતુ જેમાં અતુલના આશરે પંચાવન જેટલા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સરકારના 'સેવા મેરા યોગદાન'ની પહેલના ઉદ્દેશ્યને સાર્થક ઠેરવ્યો હતો. સફાઈ ઝુંબેશમા આશરે ૨૫૦ કિલો જેટલો કચરો (પ્લાસ્ટિક વેસ્ટ, પેપર વેસ્ટ, ફુલ-હારનો ફ્લોરલ વેસ્ટ વગેરે) ભેગો કરાયો જેનો અતુલ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત વેસ્ટ પ્રોસેસિંગ યુનિટ દ્વારા વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરાયો હતો.

## સેલવાસની કોલેજમાં બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ સંપન્ન




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૭ :** શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ દ્વારા સિલ્વાસામાં શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ વિદ્યા સંકુલ ખાતે વૈશ્વિક ભવિષ્ય અને વિકસિત ભારત @ ૨૦૪૭ વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત અને વિદેશના પ્રખ્યાત શિક્ષણવિદો, સંશોધકો, નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ, ઉદ્યોગ પ્રતિનિધિઓ, સંશોધન વિદ્વાનો, પ્રોફેસરો અને વિદ્યાર્થીઓએ આ પરિષદમાં ભાગ લીધો હતો. આ પરિષદમાં ભારતની ૨૦૪૭ સુધીની વિકાસ યાત્રા અને વૈશ્વિક પરિદૃશ્યમાં ઉભરતા પડકારો અને તકો પર વ્યાપક શૈક્ષણિક ચર્ચાઓ કરવામાં આવી હતી.

લેંગબુસ્ટેક યુનિવર્સિટીના પ્રો-ચાન્સેલર કુલદીપ સિંહ ચરક અને વિવિધ સત્રોમાં ભાગ લેનારા પ્રખ્યાત શિક્ષણવિદો અને નિષ્ણાતોની હાજરી અને સમજદાર યોગદાનથી શૈક્ષણિક સત્રો શોભાયમાન રહ્યા. કોન્ફરન્સમાં લાયન્સ ક્લબ ઓફ સિલવાસા ચેરિટેબલ ટ્રસ્ટ હેઠળ સંચાલિત સંસ્થાઓના આચાર્યો, ઉપ-આચાર્યો, પ્રોફેસરો અને શૈક્ષણિક ટીમો તેમજ સંશોધકો અને વિદ્યાર્થીઓની નોંધપાત્ર ભાગીદારી જોવા મળી.

કોન્ફરન્સનો પ્રથમ દિવસ પરંપરાગત દીપપ્રાગટ્ય સમારોહ, સરસ્વતી વંદના અને પ્રતિષ્ઠિત મહેમાનોના ઔપચારિક સ્વાગત સાથે શરૂ થયો. પ્રથમ દિવસનો વિષય સૈદ્ધાંતિક પાયો અને નીતિ આંતરદૃષ્ટિ હતો, જેમાં ૨૦૪૭ માં વિકસિત ભારતના સંદર્ભમાં વૈચારિક માળખા, નીતિ પરિપ્રેક્ષ્ય અને આંતરશાખાકીય અભિગમોની ચર્ચા કરવામાં આવી હતી. શૈક્ષણિક કાર્યક્રમમાં ચાર પૂર્ણ સત્રો, એક તકનીકી સત્ર અને એક પેનલ ચર્ચાનો સમાવેશ થતો હતો. આ સત્રોએ સમકાલીન વિકાસલક્ષી મુદ્દાઓ, નીતિ પરિપ્રેક્ષ્ય અને ઉભરતા પડકારો પર સારી રીતે સંશોધન કરેલ અને અર્થપૂર્ણ વિચારોના આદાનપ્રદાનને સરળ બનાવ્યું.

કોન્ફરન્સનો બીજો દિવસ એપ્લાઈડ સાયન્સ, એડવાન્સ્ડ સ્પેસ ટેકનોલોજી અને શિક્ષણશાસ્ત્ર પર કેન્દ્રિત હતો. શૈક્ષણિક પ્રવચનમાં વૈજ્ઞાનિક પ્રગતિ, ટેકનોલોજીકલ શક્યતાઓ અને શિક્ષણ માટે નવીન અભિગમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બીજા દિવસના કાર્યક્રમમાં સાત પૂર્ણ સત્રો અને એક ટેકનિકલ સત્ર IIનો સમાવેશ થતો હતો, જેણે સંશોધન પ્રસ્તુતિઓ, નિષ્ણાત સંવાદો અને આંતરશાખાકીય ચર્ચાઓ દ્વારા વિવિધ વિષયો પર જ્ઞાન અને સંશોધનના આદાનપ્રદાનને સરળ બનાવ્યું હતું.

બંને દિવસો દરમિયાન, પરિષદે સંશોધન પ્રસ્તુતિઓ, નિષ્ણાતોના સંવાદ, આંતરશાખાકીય આદાનપ્રદાન અને શૈક્ષણિક માન્યતા માટે એક વ્યાપક પ્લેટફોર્મ પૂરું પાડ્યું. વિવિધ સત્રોએ વિજ્ઞાન, ટેકનોલોજી, શિક્ષણ, નીતિ અને સમાજના ક્ષેત્રોમાં સૈદ્ધાંતિક દ્રષ્ટિકોણને સમકાલીન વ્યવહારુ સંદર્ભો સાથે જોડવાની તક પૂરી પાડી.ટ્રસ્ટ મેનેજમેન્ટ, શૈક્ષણિક નેતૃત્વ, આયોજન સમિતિ, પ્રોફેસરો, સંયોજકો, સંશોધકો, સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓએ પરિષદના સફળ આયોજનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમના સામૂહિક પ્રયાસોથી પરિષદના વિવિધ શૈક્ષણિક અને વિશેષ સત્રોનું સફળતાપૂર્વક સંચાલન શક્ય બન્યું. બે દિવસીય પરિષદનું સમાપન સમકાલીન પડકારોનો સામનો કરવા અને ભારતની લાંબા ગાળાની વિકાસ યાત્રામાં સંશોધન, શિક્ષણ, નવીનતા અને સહયોગની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડીને થયું.

## વાપી રેલ્વે સ્ટેશને રમતનું આયોજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** મિશન સ્વચ્છ ભારત અભિયાન (સ્વચ્છ ભારત અભિયાન) હેઠળ, ભારતીય રેલ્વેનો સ્વચ્છતા પખવાડો, જે ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી ચાલશે, તે દેશભરમાં યોજાઈ રહ્યો છે.

મુસ્કાન એનજીઓ ટીમે વાપી રેલ્વે સ્ટેશન પર એક અનોખી રમતનું આયોજન કર્યું હતું, જેમાં પ્લેટફોર્મ પર મુસાફરોને ભીના અને સૂકા કચરા વિશે માહિતી આપવામાં આવી હતી. અને સાચા જવાબ આપનારા મુસાફરોને સુંદર ભેટથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ગુંજ ડાન્સ સ્ટુડિયો, વાપીના યુવા કલાકારોએ તેમના નૃત્ય શિક્ષક વિવેક નાયક સાથે મળીને સ્વચ્છ ભારત પર એક સુંદર નૃત્ય નાટક રજૂ કર્યું.

જેણે હાજર દરેક મુસાફરોનું ધ્યાન ખેંચ્યું. તેમણે હાજર રહેલા તમામ મુસાફરોને સ્વચ્છ રેલ્વે અને સ્વચ્છ ભારત માટેના આ મિશનમાં સંપૂર્ણ સમર્થન આપવા પણ વિનંતી કરી. કાર્યક્રમ દરમિયાન વાપી રેલ્વે સ્ટેશનના તમામ મહાનુભાવો, રેલ્વે પોલીસ વિભાગ, સ્વચ્છતા કર્મચારીઓ અને સમગ્ર રેલ્વે ટીમ હાજર રહી હતી.

## વલસાડ જિલ્લાની ૨૯૬ શાળાઓમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

### ૫૮,૨૧૦ જેટલા વિદ્યાર્થીઓ, ૨,૮૬૪ જેટલા શિક્ષકો તથા ૧,૭૮૭ જેટલા વાલીઓ અને અન્ય સભ્યોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સ્વચ્છતા અંગેની વિવિધ કામગીરી હાથ ધરી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લામાં વિકસિત ભારત ૨૦૪૭ સેવા સંકલ્પ અભિયાન ૨૦૨૬ અંતર્ગત જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા સ્વચ્છતા સેવા યોગદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના કુલ ૨૯૬ સરકારી, અનુદાનિત તથા બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૮,૨૧૦ જેટલા વિદ્યાર્થીઓ, ૨,૮૬૪ જેટલા શિક્ષકો તથા ૧,૭૮૭ જેટલા વાલીઓ અને અન્ય સભ્યોએ ઉત્સાહપૂર્વક સહભાગી બની સ્વચ્છતા અંગેની વિવિધ કામગીરી હાથ ધરી હતી.

જિલ્લા કલેક્ટર નિતિન સાંગવાનના માર્ગદર્શન તથા જિલ્લા શિક્ષણાધિકારી ડૉ.રાજશ્રી ટંડેલના દિશાનિર્દેશન હેઠળ શાળાઓમાં વિવિધ સ્વચ્છતા અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત શાળા પરિસરની સફાઈ, પ્લાસ્ટિક મુક્ત શાળા અભિયાન, રમતના મેદાન તથા શાળાની આસપાસના વિસ્તારની સફાઈ, પ્લાસ્ટિક તથા અન્ય કચરાનું એકત્રીકરણ અને યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. ઉપરાંત, શાળા પરિસરમાં વૃક્ષારોપણ, ઔષધીવનનું નિર્માણ, સ્વચ્છતા અંગે શપથ તથા સ્વચ્છ શાળા - સ્વચ્છ સમાજનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ સાથે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડના સમગ્ર સ્ટાફ દ્વારા પણ શ્રમજીવી વિદ્યાલયના પરિસરની સફાઈ કરી સ્વચ્છતા સેવા યોગદાનમાં સક્રિય સહભાગીતા નોંધાવવામાં આવી હતી. કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ સ્વયં શ્રમદાન કરી સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપ્યો હતો. શાળાઓ દ્વારા માઈક્રો પ્લાનિંગ તૈયાર કરી આયોજનબદ્ધ રીતે કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ તથા શાળા પરિવારના સભ્યોની સક્રિય ભાગીદારીથી સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ અંગે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

સ્વચ્છતા એ માત્ર એક દિવસની પ્રવૃત્તિ નહીં, પરંતુ સતત જીવનશૈલી બને તેવા સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા, પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ તથા સામાજિક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું.

શ્રી ગણેશ યુવક મંડળ સેવા ગ્રુપ ઓફ વાપી

## વાપી કબ્રસ્તાન રોડ ગણપતિ ઉત્સવ એટલે હિન્દુ-મુસ્લિમ એકતાનું પ્રતિક



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :**વાપી ટાઉનના કબ્રસ્તાન રોડ વિસ્તારમાં છેલ્લા ૩૩ વર્ષથી શ્રી ગણેશ યુવક મંડળ સેવા ગ્રુપ ઓફ વાપી દ્વારા ગણેશોત્સવનું આયોજન કરવામાં આવે છે.

મંડળની સ્થાપના વિજય બાબા દુબે તથા મંડળના સભ્યો દ્વારા કરવામાં આવી હતી.

ત્રણ દાયકાથી વધુ સમયથી મંડળ દ્વારા ધાર્મિક આસ્થા સાથે ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ ગણેશોત્સવની વિશેષતા એ છે કે અહીં હિન્દુ-મુસ્લિમ એકતાનું સુંદર ઉદાહરણ જોવા મળે છે. શ્રીજીની પ્રતિમા લાવવા સહિત ગણેશોત્સવ દરમિયાન ડીજે અને મહાપ્રસાદના આયોજનમાં મુસ્લિમ સમાજના લોકો પણ સહયોગ આપી રહ્યા છે. આ વર્ષે પણ મુસ્લિમ સમાજના સભ્યો દ્વારા શ્રી ગણેશ યુવક મંડળ સેવા ગ્રુપ ઓફ વાપીને વિવિધ રીતે સહકાર આપવામાં આવ્યો હતો.

ગણેશોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ પૂરતો સીમિત ન રહે, પરંતુ સામાજિક એકતા અને ભાઈચારાનો સંદેશ પણ આપે તે દિશામાં મંડળ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સાથે જ ગણેશોત્સવ દરમિયાન સ્વચ્છતા જળવાઈ રહે અને પર્યાવરણને નુકસાન ન થાય તેની પણ મંડળ દ્વારા ખાસ કાળજી રાખવામાં આવી રહી છે.

## વાપી ભાજપ કાર્યાલયમાં પં. દિનદયાળ ઉપાધ્યાયને પુષ્પાંજલિ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની ૧૧૦મી જન્મજયંતિ નિમિત્તે વાપી ખાતે નાણામંત્રી અને સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના જનસંપર્ક કાર્યાલય પર આયોજિત પુષ્પાંજલિ કાર્યક્રમમાં કનુભાઈ દેસાઈ અને વાપી શહેર ભાજપ સંગઠનના પ્રમુખ મનીષ દેસાઈ તથા વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ તથા સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહી પંડિતજીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા. અંત્યોદયના વિચારને કેન્દ્રમાં રાખી રાષ્ટ્રસેવા અને સંગઠનને સમર્પિત પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીનું જીવન અને કાર્ય આપણા સૌ માટે સદૈવ પ્રેરણારૂપ છે. તેમના રાષ્ટ્રભાવના, સેવા અને સમર્પણના વિચારોને આત્મસાત કરી જનસેવાના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો આ અવસર છે. આ પ્રસંગે વાપી શહેર ભાજપના હોદ્દેદારો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, બુથ પ્રમુખ, સમિતિ સભ્યો તથા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેરલાવમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ખેરલાવ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને ઈમરજન્સીના સમયે ઝડપી અને સમયસર આરોગ્ય સેવા મળી રહે તે હેતુથી ખેરલાવ ગ્રામ પંચાયતના સરપંચ મયંક પટેલ દ્વારા કરવામાં આવેલી રજૂઆત અને સતત અનુસરણને સફળતા મળી છે. ખેરલાવ ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ થતાં હવે ખેરલાવ ઉપરાંત અંબાચ, ડુમલાવ, રોહિણા, બરઈ સહિત નજીકના આસપાસના ગામોના નાગરિકોને પણ ઝડપી ઈમરજન્સી સેવાનો લાભ મળશે.

આ પ્રસંગે સરપંચ મયંક પટેલે જણાવ્યું કે, ખેરલાવ અને આસપાસના ગામોના નાગરિકોને ઈમરજન્સીના સમયે સમયસર આરોગ્ય સેવા મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની જરૂરિયાત અંગે રજૂઆત કરવામાં આવી હતી. આજે આ સેવા ઉપલબ્ધ થતાં ગ્રામ્ય વિસ્તારના લોકોને તેનો સીધો લાભ મળશે. આકસ્મિક ઘટના, સર્પદંશ, ગંભીર બીમારી, પ્રસૂતિ સહિતની તાત્કાલિક પરિસ્થિતિમાં દર્દીને સમયસર હોસ્પિટલ સુધી પહોંચાડવામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા મહત્વપૂર્ણ બની રહેશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ઈમરજન્સીના સમયે આ સુવિધા ઉપલબ્ધ થવાથી દર્દીઓ તથા તેમના પરિવારજનોને મોટી રાહત મળશે. ખેરલાવ ગ્રામ પંચાયતના સરપંચ મયંક પટેલ દ્વારા ગામની આરોગ્યલક્ષી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સંબંધિત તંત્ર સમક્ષ ૧૦૮ સેવા શરૂ કરવા રજૂઆત કરવામાં આવી હતી અને સેવા ઉપલબ્ધ થાય તે માટે જરૂરી અનુસરણ તથા સંકલન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે ખેરલાવને આ મહત્વપૂર્ણ આરોગ્ય સુવિધા પ્રાપ્ત થઈ છે. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય અદિતિ પટેલ, પારડી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ હિરેન પટેલ, બરઈના સરપંચ અશોક પટેલ તેમજ સામાજિક આગેવાનો, ગ્રામજનો અને ૧૦૮ સેવા સાથે સંકળાયેલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ૧૦૮ સેવાની ટીમ તરફથી EME દિલીપ વસાવા, Fleet હિતેશ રાઠોડ, ઈએમટી ભક્તેશ પટેલ તથા પાઈલોટ હેમંત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## દમણ-દીવ કોંગ્રેસ કમિટીના સેક્રેટરી કમ પ્રવક્તા તરીકે હર્ષ દુબે નિમાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૭ :** ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીની નવી દિલ્હીની સૂચના અનુસાર દમણ-દીવ કોંગ્રેસ અધ્યક્ષ કેતન પટેલ દ્વારા સંગઠનાત્મક નિમણૂક કરવામાં આવી છે. કેતન પટેલે દમણના યુવા હર્ષ દુબે ને તાત્કાલિક અસરથી દમણ-દીવ પ્રદેશ કોંગ્રેસ કમિટીના સેક્રેટરી કમ પ્રવક્તા તરીકે નિયુક્ત કર્યા છે. હર્ષ દુબે દમણ-દીવમાં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની વિચારધારા, નીતિઓ અને કાર્યક્રમોને આગળ વધારવા તેમજ તેનું અસરકારક સંચાર કરવા માટે જવાબદાર રહેશે. તેઓ પ્રદેશ કોંગ્રેસ કમિટીના ઓથોરાઈઝ્ડ પ્રવક્તા તરીકે પણ પાર્ટીનું પ્રતિનિધિત્વ કરશે. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ કેતન પટેલે હર્ષ દુબેને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. હર્ષ દુબે લૉ ફાઈનલ યરના વિદ્યાર્થી છે. કેતન પટેલે આશા વ્યક્ત કરી હતી કે હર્ષ દુબે પોતાની જવાબદારી નિષ્ઠા અને મહેનતથી નિભાવશે તથા દમણ-દીવમાં કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત બનાવવામાં યોગદાન આપશે.

## છીરીમાં 'આંગણ મિલન સેવા' કાર્યક્રમનો શુભારંભ

### મંત્રી કનુભાઈ દેસાઈએ લાભાર્થીઓ સાથે યોજનાકીય સંવાદ કરી બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કર્યુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વિકસિત ભારત - જન સેવા અભિયાન અંતર્ગત આંગણ મિલન સેવા કાર્યક્રમનો રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈનાં વરદ હસ્તે છીરી ખાતે આવેલા રામનગરની આંગણવાડી કેન્દ્રથી શુભારંભ કરવામાં આવ્યો હતો.

મંત્રી કનુભાઈ દેસાઈ એ છીરીની રામનગર આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ લાભાર્થીઓ સાથે યોજનાકીય સંવાદ કરી બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કર્યુ હતું. બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓ કરવવામાં આવી હતી. પ્રશંસનીય સેવા બજાવનાર આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વાપી મનપાના ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન સતીષભાઈ પટેલ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનિષ દેસાઈ, વાપી મનપાના પ્રભારી ભરત જાદવ, છીરીના માજી સરપંચ નુરૂભાઈ ચૌધરી, ડેપ્યુટી મ્યુનીસીપલ કમિશ્નર કિરણસિંહ રણા અને વાપી મનપાના આઈસીડીએસ વિભાગના પ્રોગામ ઓફિસર નિલમ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## નમો વિચાર મંચના જિલ્લા મહિલા શાખાના પ્રમુખ તરીકે નીતા ટીલાલાની વરણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** નરેન્દ્ર મોદી વિચાર મંચની મહિલા શાખાના વલસાડ જિલ્લા અધ્યક્ષ તરીકે નીતાબેન (નિર્મલા) પી. ટીલાલા (પટેલ)ની વરણી કરવામાં આવતા વલસાડ જિલ્લાના મહિલા વર્ગમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

નીતાબેન ટીલાલા વાપી મહાનગર ભાજપ મહિલા મોરચામાં ઉપપ્રમુખ તરીકે પણ કાર્યરત છે. તેઓ ધાર્મિક તેમજ સામાજિક ક્ષેત્રે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય રહી સતત પોતાની કામગીરીથી આગવી ઓળખ ઊભી કરી છે.


નરેન્દ્ર મોદી વિચાર મંચના રાષ્ટ્રીય મંત્રી ઉષાબેન પટેલ, પ્રદેશ અધ્યક્ષ ચેહરભાઈ દેસાઈ, પ્રદેશ મહામંત્રી મહેશભાઈ ભટ્ટ, પ્રદેશ મહિલા શાખાના અધ્યક્ષ નેહલબેન ગોર તેમજ જિલ્લા અધ્યક્ષ મનમોહનભાઈ શાહ દ્વારા ઉત્સાહી અને ધાર્મિક-સામાજિક સેવાકીય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર નીતાબેન ટીલાલાની વલસાડ જિલ્લા મહિલા શાખાના અધ્યક્ષ તરીકે નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હતી.

આ ભલામણને રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા અનુમોદન મળતા નીતાબેન ટીલાલાની જિલ્લા અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂક બદલ નીતાબેને નરેન્દ્ર મોદી વિચાર મંચના રાષ્ટ્રીય નેતૃત્વ સહિત તમામ હોદ્દેદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વિશેષ વાંચન

Monday 28, September 2026
દમણગંગા ટાઇમ્સ

# અગ્નિપરીક્ષા : લોકશાહીની



સ્વતંત્ર, પ્રજાસત્તાક ભારતમાં ચૂંટણી પ્રક્રિયા શરૂ થઈ, ત્યારથી વાદવિવાદ શરૂ થયા છે. અલબત્ત, લોકતંત્રમાં તે સ્વાભાવિક છે અને ચૂંટણીના એક ભાગ તરીકે સ્વીકાર્ય પણ છે. શરૂઆતમાં મતદારોની આંગળી ઉપર ઓળખની નિશાની માટે શાહીનું ટપકું મુકાતું હતું તેનો વિવાદ થયો. રશિયાથી આયાત થયેલી શાહી તરત ભૂંસાઈ જતી હોવાની ફરિયાદ તત્કાલીન જનસંઘના નેતા બલરાજ મધોકે કરી હતી, પણ રાજકીય વિપક્ષોનો ટેકો મળ્યો નહીં. આ પછી મતપેટીઓમાં મતપત્રકની ગોલમાલના આક્ષેપ થયા. વોટિંગ મશીન આવ્યાં અને સુપ્રીમ કોર્ટમાં નિષ્ણાતો સમક્ષ તપાસ થયા પછી તેમાં ગોલમાલ નહીં હોવાનું પ્રમાણપત્ર મળ્યું છતાં યાંત્રિક ગોલમાલની ફરિયાદ હજુ છે. ચૂંટણીમાં મતદાન માટે મતદાતાઓની યાદીમાં નામાવલીમાં ગરબડ હોવાની અને વોટ બેન્ક વટાવવા માટે નકલી - અપાત્ર મતદારોનાં નામ જોડી દેવાયાં હોવાની ફરિયાદ અને શંકા હોવાથી સમગ્ર દેશમાં મતદારોની નામાવલીની ફેરતપાસ - ચકાસણી કરવાની શરૂ થઈ અને લાખો નામ રદ થયાં. આ પ્રક્રિયા સામે સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ થઈ, વિપક્ષી નેતા અને નેતાઓએ જાહેરમાં ઊહાપોહ મચાવ્યો. જો કે, નામ રદ થયાં હોય તેની ફરીથી તપાસ માગવાની જોગવાઈ છે, પણ તેમાં વર્ષો નીકળી જાય. મતદારોની ફેરતપાસ - અને નકલી નામોની બાદબાકી સામે વિપક્ષોનો વિરોધ હતો - અને છે. હવે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારની કાર્યવાહી સામે વિરોધ અને એમને રુખસદ આપવાની, ધરપકડ કરવાની માગણી ઊઠી છે તેના મૂળમાં મતદારયાદીની ફેરતપાસનો વિરોધ છે, વિપક્ષો અને જેમનાં નામ કપાયાં હોય તેવા લોકોનો વિરોધ સમજી શકાય છે, પણ ચૂંટણીપંચના ત્રણ સભ્ય - કમિશનરોમાંથી બે સભ્યએ પણ મુખ્ય કમિશનરની મનમાનીનો વિરોધ કર્યો છે તે ગંભીર બાબત છે. વિરોધ પક્ષોના નેતાઓ બૂમાબૂમ કરતા હતા એમનાં મોઢામાં પતાસાં પડયાં છે! એમની માગણીને બળ મળ્યું છે. મુખ્ય ચૂંટણી કમિશનર ઉપર નજર દેખાય છે, પણ નિશાના ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે ! ભૂતકાળમાં ચૂંટણીના તમાશાના વિવાદ થયા છે, સંભળાયા પણ છે. ૧૯૭૭માં રાયબરેલી અને અમેઠીમાં ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધીનો પરાજય નિશ્ચિત હતો. મતગણતરી શરૂ થઈ, ત્યારે કાર્યકરોએ મથકો ઉપર હુમલા કર્યા અને તમામ મતપેટીઓ ઉઠાવી જવાના - ચોરી કરવાના પ્રયાસ કર્યા પણ મતગણતરી કરનારા સામાન્ય સ્ટાફના કર્મચારીઓ મતપેટીઓને વળગી રહ્યા. છાતી સરસી ચાંપીને માથાં ઉપર લાઠીઓના ઘા ઝીલ્યા, પણ મતપેટીઓની રક્ષા કરી. લોકતંત્રના સાચા રક્ષકો આ હતા. ૧૯૭૭માં ઈન્દિરા ગાંધી અને સંજય ગાંધી હારી ગયા છે એવું પરિણામ જાહેર નહીં કરવા માટે તત્કાલીન કમિશનર સ્વામીનાથન ઉપર દબાણ થયું. રાત આખી એમણે ફોન બંધ રાખ્યા, ત્યારે એમના દરવાજા ધણધણાવવામાં આવ્યા, પણ એમણે મચક આપી નહીં - આખરે નિવૃત્ત થઈને ખોવાઈ ગયા ! આપણા લોકતંત્રની આ સફળતા છે. ચૂંટણી પ્રક્રિયા જોવા, અભ્યાસ કરવા અન્ય લોકશાહી દેશોના અધિકારીઓ ભારત આવે છે. આપણા વોટિંગ મશીનોની માગ અને નિકાસ થાય છે. પ્રેસિડેન્ટ ટ્રમ્પે પણ ભારતની ચૂંટણી સિસ્ટમ વખાણી છે ! અને હવે મતદારયાદીની ફેરતપાસ સામે પંચમાં જ આંતરિક વિરોધ હોવાના ઢોલ પિટાયા છે ! મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારે બંને સાથી કમિશનરોને વિશ્વાસમાં લીધા વિના નિર્ણય લીધા છે તેથી મતદારોને અન્યાય થયો છે. લાખો નામ રદ થયાં હોવાથી સંવિધાને આપેલા મતાધિકારથી લોકો વંચિત થયા છે. મુખ્ય કમિશનર સામે બંને કમિશનરની ફરિયાદ છે તેમાં ત્રણ મુખ્ય મુદ્દા છે. કાનૂની મુદ્દો નવા મતદારે ફોર્મ-૬ ભરવાનું હોય છે તેમાં ઉમેદવારના પિતા, દાદા અગાઉની મતદાર ચકાસણીમાં ઉપસ્થિત હતા કે નહીં તે લખવાનું છે. મતલબ કે મતદાર મૂળ ભારતીય છે - પાછળથી આવીને વસાહતી બની ગયા નથી ? આ શરત રાખવી હોય તે મતદાનના નિયમો - ૧૯૫૦માં નક્કી થયા તેમાં સુધારો કરવો જોઈએ - એવી દલીલ સ્વીકારી નહીં. બીજો મુદ્દો ટેકનિકલ છે. દેશભરમાં જે અધિકારીઓ ફેરતપાસનાં કામે લાગ્યા છે તેઓનું ટકનિકલ જ્ઞાન મર્યાદિત છે. સેન્ટ્રલ આઈટી ટીમ પાસે વધુ સત્તા છે. આ ટીમને સત્તા કોણે આપી ? અમને પૂછયું નથી ! રજૂઆત કરી પણ વ્યર્થ, ત્રીજો મુદ્દો કાર્યશૈલીનો છે. બે કમિશનરની રજૂઆત - ૧૦ મહિનામાં ૧૪ વખત થઈ હોવા છતાં ધ્યાન પર લેવાય નહીં. મુખ્ય કમિશનર અન્ય કમિશનરોની હરોળના ગણાય - એમના ઉપરી નહીં. આમાં મૂળ તો મતદારયાદીમાં સુધારા - નામ રદ કરવાનો મુદ્દો વિવાદનાં કેન્દ્રમાં છે. મુખ્ય કમિશનરને વારંવાર ફરિયાદ - રજૂઆત થઈ હોવા છતાં એમણે સાંભળી, સ્વીકારી નહીં. ફરિયાદ ભારત સરકારના કેબિનેટ સેક્રેટરીને પણ થઈ હોવાની વાત સાચી હોય તો ગંભીર છે. સરકારની જાણ - મંજૂરીથી જ્ઞાનેશકુમાર નિર્ણય લઈ રહ્યા હોવાનું સાબિત થાય છે. એક પ્રશ્ન ઊઠે છે ! આ બંને કમિશનર લેખિત રજૂઆત પછી આટલો સમય મૌન કેમ રહ્યા ? અખબારમાં ધડાકો થયો, પણ બંને કમિશનર રાજીનામાં આપીને જાહેરમાં આવ્યા હોત તો ? અધૂરામાં પૂરું - જે દિવસે મુખ્ય કમિશનર ઉપર ચારે બાજુથી પસ્તાળ પડી તે જ દિવસે સુપ્રીમ કોર્ટમાં ચૂંટણીપંચના મુખ્ય કમિશનર તથા અન્ય બે કમિશનરની નિમણૂકનો કેસ આવ્યો. આ નિમણૂક માટે વિશેષ સમિતિ હોય છે, જેમાં વડાપ્રધાન, એક કેબિનેટ પ્રધાન અને ત્રીજા વિપક્ષના નેતા સભ્ય હોય છે. તેથી વડાપ્રધાન અને કેબિનેટ પ્રધાન એક તરફ હોવાથી એમની બહુમતી નિશ્ચિત હોય છે અને કમિશનર નિષ્પક્ષ - તટસ્થ - સ્વતંત્ર હોવાની શક્યતા નથી એવી દલીલ અરજદારની હતી. ૨૦૨૩માં સંબંધિત કાયદામાં ઉપરોક્ત વ્યવસ્થા કરવામાં આવી. આ પહેલાં સમિતિમાં વડાપ્રધાન, સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને વિપક્ષી નેતા હતા. નવી વ્યવસ્થાને પડકારવામાં આવી અને સુનાવણી વખતે એક ન્યાયમૂર્તિએ સ્પષ્ટ કહ્યું કે, આ વ્યવસ્થામાં વિપક્ષી નેતા માત્ર શોભાના ગાંઠિયા જેવા છે. જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે, કારોબારી-સરકારના હાથમાં ઘણી સત્તા છે. આઝાદી પછીના સાત દશકમાં જેઓ સત્તા ઉપર આવ્યા એમણે હાથ ઉપર રાખ્યો છે. જો આપણે મુક્ત અને પ્રમાણસર ચૂંટણી કરાવવી હોય, તો ચૂંટણીપંચ સ્વતંત્ર હોય એટલું જ નહીં, સ્વતંત્રપણે કાર્યવાહી થાય છે તે પણ બતાવવું જોઈએ. હવે આ મુદ્દો પાંચ સભ્યની બંધારણીય બેંચ પાસે મોકલવામાં આવ્યો છે. હવે મુખ્ય કમિશનર જ્ઞાનેશકુમારનાં રાજીનામા અને ધરપકડની માગણી થઈ છે. બિહાર, બંગાળ, મહારાષ્ટ્રમાં ફરીથી - નવેસરથી ચૂંટણીની માગણી વિરોધ પક્ષો કરી રહ્યા છે, પણ તે શક્ય નથી. હવે એસઆઈઆર ફેરતપાસને બ્રેક લાગશે ?, જે રાજ્યોમાં ચૂંટણી આવી રહી છે, ત્યાં જૂની યાદીઓના આધારે મતદાન થઈ શકે ? જો યોગ્ય સમાધાન નીકળે નહીં તો જબરદસ્ત ઉત્પાત - થશે અને ચૂંટણી ટાળવી - મુલતવી પણ રાખવી પડે. આ સંજોગોમાં એક રાષ્ટ્ર એક ચૂંટણીનો નિર્ણય પણ મુલતવી રહેશે ? વિપક્ષો નવી યાદીના આધારે ચૂંટણી સ્વીકારે નહીં, બહિષ્કાર કરે અથવા દેશભરમાં ભારે ઉત્પાત જાગે. ઈમર્જન્સી જેવી સ્થિતિની શંકા થાય. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીનામું આપશે ? આપે તો અત્યારના બે કમિશનર છે તેમનું શું ? સમસ્ત પંચ - બરખાસ્ત કરીને - સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ નવી નિમણૂક કરવી પડે. ચૂંટણીપંચના વિવાદની ગંભીર અસર રાજકારણ ઉપર પડી શકે છે. મુખ્ય કમિશનર સામે મહાભિયોગ - ઈમ્પીચમેન્ટનો પ્રસ્તાવ સંસદમાં સરકારની બહુમતીથી નામંજૂર થઈ શકે છે, પણ વિવાદ સર્વોચ્ચ અદાલતમાં અને જનતાની અદાલતમાં જશે તે નક્કી છે. હવે આ રાજકીય મહાભારતમાં રાહુલ ગાંધી બરાબર પાસાં ફેંકી રહ્યાં છે. કપિલ સિબ્બલ એમના મામાની ભૂમિકામાં કાનૂની સલાહકાર છે. છેલ્લા ત્રણ મહિનાથી રાહુલ ગાંધી વોટ ચોરીના આક્ષેપ કરી રહ્યા હતા, ત્યારે ત્રણે કમિશનરે એક અવાજે આક્ષેપોને રદિયો આપ્યો હતો. હવે બે કમિશનરે પણ મુખ્ય કમિશનર ઉપર આક્ષેપ કર્યા છે, ત્યારે રાહુલ ગાંધીએ એમને વખાણ્યા, વધાવ્યા છે કે પરિણામ જાણીને તમે શાણપણ વાપર્યું છે. ત્રણ મહિના પહેલાં રાહુલ ગાંધીને અંદરખાનેથી માહિતી આપનાર કોઈ હોય, તો ઓફિશિયલ સિક્રેટ એક્ટ લાગુ પડે ? બીજું, રાહુલ ગાંધીએ જ્ઞાનેશકુમારને સલાહ - અથવા ધમકી આપી છે કે, તાજના સાક્ષી બનો - વડાપ્રધાન અને ગૃહપ્રધાનનાં નામ આપો તો છૂટી જશો. જો કે, આ શક્ય લાગતું નથી એટલે જ ઈમ્પીચમેન્ટની કાનૂની તૈયારી થઈ રહી છે. રાહુલ ગાંધી કહે છે કે, એમની પાસે હજુ ઘણી માહિતીનો મસાલો છે !, પણ જ્ઞાનેશકુમાર ઉપર આવી ગર્ભિત ધમકીની અસર થશે ? રાજીનામું આપવાની ઉતાવળ નથી. સંસદમાં ઠરાવ મંજૂર થાય, તો વાત જુદી છે,

પણ કાનૂની કાર્યવાહી - દેશદ્રોહના આરોપ હોય તો પણ નહીં. રાહુલ ગાંધીએ મોદી ઉપર એવો આક્ષેપ કર્યો છે કે, જેન-ઝી યુવા વર્ગનો મતાધિકાર ખૂંચવી લેવા માગે છે ! નોંધપાત્ર છે કે કોક્રોચ પાર્ટીના અભિજિત દીપકેએ ધમકી આપી છે કે, જ્ઞાનેશકુમાર ૪૮ કલાકમાં રાજીનામું નહીં આપે અને મતદારયાદીની ચકાસણી રદ નહીં થાય, તો ફરીથી જંતર-મંતર શરૂ થશે ! આ વાદ-વિખવાદના રાજકીય મહાભારતના કારણે દેશભરમાં અંધાધૂંધી સર્જાય તેમ છે. મોદી સરકારની કટોકટી છે, પણ આપણી લોકશાહીની અગ્નિપરીક્ષા થશે એમ જણાય છે. કેન્દ્ર સરકારે સંસદના વર્ષાસત્રને 'સિમાપ્ત' જાહેર કરવાની ભલામણ રાષ્ટ્રપતિજીને કરી નથી કદાચ મહિલા આરક્ષણનો પ્રસ્તાવ લાવવાનો વિચાર હશે. પણ હવે વિપક્ષો સંસદના વર્તમાન વર્ષાસત્રની બેઠક બોલાવીને ચૂંટણી કમિશનર સામે મહાભિયોગ - ઈમ્પીચમેન્ટની દરખાસ્ત લાવી શકે. ૨૪મી એપ્રિલ, ૨૦૨૬ના ઈમ્પીચમેન્ટની બીજી દરખાસ્ત આપી હતી તે હજુ સ્પીકરનાં ટેબલ ઉપર છે તેમાં છેલ્લી ઘટનાઓ ઉમેરીને ફરીથી હાથ ધરી શકાય. મહાભિયોગનો પ્રસ્તાવ ફરીથી રજૂ થાય, તો તે દાખલ કરવા માટે લોકસભાના ઓછામાં ઓછા ૧૦૦ અને રાજ્યસભાના ૫૦ સભ્યનો ટેકો જોઈએ. દાખલ થયા પછી આક્ષેપોની તપાસ કરવા માટે વિશેષ સમિતિ નીમવી પડે... તેના અહેવાલમાં આક્ષેપો સાબિત થાય તે પછી ગૃહમાં હાજર રહેલા સભ્યોમાં બે તૃતીયાંશનો ટેકો મળે તો ઠરાવ મંજૂર થાય. આખરે સંસદની ભલામણથી જ મુખ્ય કમિશનર પદભ્રષ્ટ થાય. આ પ્રક્રિયામાં સરકાર - વડાપ્રધાનની સલાહ, ભલામણ ચાલે નહીં. રાષ્ટ્રપતિ પાસે પણ વિકલ્પ નથી. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિના સમકક્ષ મુખ્ય ચૂંટણી કમિશનર છે. - વિવાદનાં કેન્દ્રમાં ચંદ્રશેખરન અને જ્ઞાનેશકુમાર અત્યારે ઔદ્યોગિક જગતમાં તાતાના ચંદ્રશેખરન અને રાજકીય વર્તુળોમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર વિવાદનાં કેન્દ્રમાં છે.

ચંદ્રશેખરનના કેસમાં કાનૂની મુદ્દા છે અને જ્ઞાનેશકુમારના કેસના મૂળમાં રાજકારણ છે.

**વિશ્લેષણ**
કુન્દન વ્યાસ

# પુરુષોના મનનું 'બ્લેક બોક્સ' જે ક્યારેય નથી ખુલતું

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

વિમાન જ્યારે દુર્ઘટનાગ્રસ્ત થાય છે ત્યારે આખી દુનિયા જે એક નાનકડા સાધનની શોધમાં અધીરી બને છે, તે છે બ્લેક બોક્સ. આ બોક્સમાં વિમાનની છેલ્લી ક્ષણોની તમામ હકીકતો, પાયલોટનો સંવાદ અને ટેકનિકલ ખામીઓના રહસ્યો દફન હોય છે. નવાઈની વાત એ છે કે આપણી આસપાસ ફરતા, મજબૂત દેખાતા અને જવાબદારીઓના બોજ નીચે દબાયેલા પુરુષોનું મન પણ કંઈક આવા જ બ્લેક બોક્સ જેવું હોય છે. આ બ્લેક બોક્સમાં અનેક સંઘર્ષો, રુદન, ડર અને અધૂરી ઈચ્છાઓ સંગ્રહાયેલી હોય છે, જે બહારની દુનિયા માટે હંમેશા અકબંધ રહે છે. સમાજે પુરુષની જે છબી કંડારી છે, તેમાં ક્યાંય નબળાઈને સ્થાન નથી. પુરુષ ક્યારેય રડે નહીં અથવા મર્દ કો દર્દ નહીં હોતા જેવી ફિલ્મી અને સામાજિક માન્યતાઓએ પુરુષના મન પર એવા મજબૂત તાળા મારી દીધા છે કે તે પોતાની અંદર ચાલતા વાવાઝોડા વિશે કોઈને જાણ થવા દેતો નથી.

બાળપણથી જ છોકરાઓને શીખવવામાં આવે છે કે તારે રક્ષક બનવાનું છે, તારે કમાવાનું છે અને તારે આખા પરિવારનો સ્તંભ બનવાનું છે. આ સ્તંભ બનવાની પ્રક્રિયામાં તે ક્યારે પથ્થર જેવો જડ બની જાય છે તેની તેને ખુદને પણ ખબર નથી રહેતી. પુરુષ જ્યારે ઓફિસેથી થાકીને ઘરે આવે છે, ત્યારે તેના ચહેરા પર છવાયેલો થાક માત્ર કામનો નથી હોતો, પણ એ સતત ચાલી રહેલી સ્પર્ધા અને અસલામતીનો હોય છે. તેને ડર લાગે છે કે જો તે નિષ્ફળ જશે તો તેની પાછળ નિર્ભર રહેલા લોકોનું શું થશે? આ પ્રોવાઈડર હોવાનો બોજ તેના મનના બ્લેક બોક્સમાં કેદ રહે છે. તે ક્યારેય પત્નીને એમ નથી કહી શકતો કે આજે ઓફિસમાં મારો આત્મવિશ્વાસ ડગમગી ગયો હતો, કે તે ક્યારેય પિતાને એમ નથી કહી શકતો કે મને આ વ્યવસાયમાં રસ નથી. તે બસ એક મશીનની જેમ ચાલતો રહે છે કારણ કે તેના મૌનને દુનિયા તેની મજબૂતી માની લે છે.

સંબંધોની બાબતમાં પણ પુરુષોનું મન ઘણું રહસ્યમય હોય છે. બે પુરુષ મિત્રો કલાકો સુધી સાથે બેસી શકે છે, રાજકારણ કે ક્રિકેટ પર ચર્ચાઓ કરી શકે છે, પણ ભાગ્યે જ એવું બને કે એક મિત્ર બીજા મિત્રના ખભા પર માથું મૂકીને એમ કહે કે યાર, હું અંદરથી ભાંગી પડ્યો છું. પુરુષોની મિત્રાતામાં પણ એક અઘોષિત બ્રો-કોડ હોય છે જ્યાં ભાવનાત્મક પ્રદર્શનને નબળાઈ ગણવામાં આવે છે. આ જ કારણ છે કે પુરુષોમાં એકલતાનું પ્રમાણ સ્ત્રીઓ કરતા વધુ હોય છે. સ્ત્રીઓ પોતાની પીડા સંવાદ દ્વારા હળવી કરી શકે છે, જ્યારે પુરુષ તે પીડાને મનના બ્લેક બોક્સમાં દાટી દે છે. વર્ષો સુધી જમા થયેલી આ પીડા ક્યારેક ગુસ્સો બનીને બહાર આવે છે તો ક્યારેક બ્લડ પ્રેશર કે હૃદયરોગ જેવા શારીરિક રોગોના સ્વરૂપે ફાટી નીકળે છે. દુનિયાને જે ગુસ્સો દેખાય છે, તેની પાછળ વાસ્તવમાં વર્ષોનું દબાયેલું દુઃખ હોય છે જેને કોઈ શબ્દો મળ્યા નથી હોતા.મધ્યમ વયે પહોંચતા પુરુષોમાં મિડ-લાઈફ ક્રાઈસિસ એક ગંભીર સમસ્યા છે, છતાં તેના વિશે કોઈ ખુલીને વાત કરતું નથી. પિસ્તાલીસની ઉંમરે પહોંચેલો પુરુષ જ્યારે અચાનક શાંત થઈ જાય છે અથવા વધુ પડતો ચિડિયો બની જાય છે, ત્યારે તે ખરેખર તેના અસ્તિત્વના પ્રશ્નો સાથે લડતો હોય છે. તેણે આખી જિંદગી અન્યો માટે જીવવામાં વિતાવી હોય છે અને જ્યારે તે પાછળ વળીને જુએ છે ત્યારે તેને પોતાના અસ્તિત્વનો ખાલીપો દેખાય છે. તેની આસપાસ લોકોની ભીડ હોય છે, પરિવાર હોય છે, પણ તેની અંદરની વાત સમજનાર કોઈ હોતું નથી. તે પોતે પણ એ વાત વ્યક્ત કરતા અચકાય છે કારણ કે તેને લાગે છે કે જો તે હવે ભાવુક થશે તો લોકો તેને પાગલ ગણશે અથવા તેની મજાક ઉડાવશે. આ સંઘર્ષ તેના મનના ઊંડાણમાં ચાલતો રહે છે અને બ્લેક બોક્સ વધુ ને વધુ ભારે થતું જાય છે.

આધુનિક યુગમાં સ્ત્રી સશક્તિકરણની વાતો થાય છે જે ખૂબ જરૂરી છે, પણ આ પ્રક્રિયામાં પુરુષો પર વધેલા માનસિક દબાણને સમજવાની પણ એટલી જ જરૂર છે. આજે પુરુષે માત્ર આર્થિક રીતે સક્ષમ નથી રહેવાનું, પણ તેણે ઘરકામમાં મદદ કરવાની છે, આધુનિક પિતા બનવાનું છે અને પત્નીની કરિયરને પણ સપોર્ટ કરવાનો છે. આ તમામ બદલાતા રોલ મોડેલ્સ વચ્ચે તે ઘણીવાર મૂંઝવણ અનુભવે છે. તેને શીખવવામાં આવ્યું હતું જૂનું મોડેલ, પણ જીવવાનું છે નવું મોડેલ. આ મથામણ તેને અંદરથી કોરી ખાય છે. જ્યારે તેની પત્ની કે પાર્ટનર તેના કરતા વધુ સફળ થાય છે, ત્યારે તેનો અહમ નહીં પણ તેના ઉછેર દરમિયાન અપાયેલી મર્દાનગીની ખોટી વ્યાખ્યા તેને પીડા આપે છે. તે ઈચ્છવા છતાં આ સામાજિક બેડીઓ તોડી શકતો નથી અને ફરીથી મૌનનો આશરો લે છે. વાસ્તવમાં, પુરુષોના મનનું આ બ્લેક બોક્સ ખોલવા માટે સમાજે અને પરિવારે એક સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું પડશે. આપણે સ્વીકારવું પડશે કે પુરુષને પણ થાક લાગે છે, તેને પણ નિષ્ફળતાનો ડર લાગે છે અને તેને પણ કોઈના ટેકાની જરૂર હોય છે. તારે મજબૂત રહેવું પડશે એવી સલાહ આપવાને બદલે તું જેવો છે તેવો અમને મંજૂર છે એવો ભરોસો આપવાની જરૂર છે. પુરુષનું મૌન એ હંમેશા તેની શાંતિ નથી હોતી, ઘણીવાર એ તેની લાચારી હોય છે. જે દિવસે પુરુષ પોતાનું મન ખોલીને રડી શકશે અથવા પોતાની હારનો સ્વીકાર કરી શકશે, તે દિવસે આ બ્લેક બોક્સનો બોજ હળવો થશે. ત્યાં સુધી, તે બહારથી સ્મિત આપતો રહેશે, જવાબદારીઓ ઉપાડતો રહેશે અને પોતાની અંદર એક આખું અજાણ્યું વિશ્વ લઈને ફરતો રહેશે. તે બ્લેક બોક્સ જે વિમાનની જેમ હવામાં ઊડે તો છે, પણ તેની અંદરની સાચી હકીકત માત્ર અંતિમ ક્ષણે જ બહાર આવે છે. જરૂરિયાત એ વાતની છે કે આ રહસ્યો દુર્ઘટના પછી નહીં, પણ જીવતા જીવ સંવાદ દ્વારા ઉકેલાય. ઈનશોર્ટ આ આખી વાતનો સાર માત્ર એટલો જ મર્દાનગી એ લાગણીઓને દબાવવામાં નથી, પણ તેને સમજવામાં અને વ્યક્ત કરવામાં છે. સમાજ તરીકે આપણે પુરુષના મૌનને વાંચતા શીખવું પડશે. તેની આંખોમાં દેખાતા ખાલીપાને પારખવો પડશે. તે જ્યારે એકલો બેસીને આકાશ તરફ જોતો હોય કે રાત્રે મોડે સુધી જાગતો હોય, ત્યારે તે કદાચ તેના બ્લેક બોક્સના પાના ઉથલાવી રહ્યો હોય છે. તેને એવા કાનની જરૂર છે જે ચુકાદો આપ્યા વગર તેને સાંભળે અને એવા હૃદયની જરૂર છે જે તેની નબળાઈમાં પણ તેની મજબૂતી જુએ. જે દિવસે પુરુષનું મન બ્લેક બોક્સ મટીને એક ખુલ્લુ પુસ્તક બનશે, તે દિવસે કદાચ સાચા અર્થમાં માનવીય સંબંધોનો સૂર્યોદય થશે. ત્યાં સુધી આ બ્લેક બોક્સ બંધ રહેશે—અકબંધ, રહસ્યમય અને ભારેખમ.

# ઉત્સવો દર વર્ષે આવશે પણ યુવાનોનો સમય..?

**"Time is the most valuable thing a man can spend." (Theophrastus) આપણે સૌ જાણીએ છીએ કે સમય જીવનની સૌથી મૂલ્યવાન સંપત્તિ છે. ગુમાવેલું ધન ફરી મેળવી શકાય, પરંતુ ગુમાવેલો સમય ક્યારેય પાછો મળતો નથી. છતાંય ઉત્સવોના નામે યુવાનો દ્વારા થતી ધન અને સમયની બરબાદીની ચિંતા કોઈક યુવાનને થાય છે ખરી? સમાજનાં કહેવાતા વડીલો કે રાજકીય નેતાઓ આ તરફ જુવાનોનું ધ્યાન દોરે છે ખરાં? આપણાં જેવા કોઈક જો એ તરફ યુવાનોનું ધ્યાન દોરે તો તે જુના જમાનાના અને વિરોધી જ કહેવાય ને !**

**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

ૐ **गं गणपतये नमः ।**

વિઘ્નહર્તા અને સુખકર્તા શ્રી ગણેશનો ઉત્સવ આજથી શરૂ થઈ રહ્યો છે. ભક્તોની મનોકામના સાંભળનારા મોટા કાનવાળા અને મુશ્કેલીઓને દૂરથી જ સૂંઘી લેનાર લાંબી સૂંઢવાળા વિનાયકનો આ ઉત્સવ જાણે પ્રકૃતિ અને યુવાનોનાં સમયનો વિનાશક બનતો હોય એવો કોઈકના મનમાં ક્યારેક આભાસ સુદ્ધા થાય છે? ઈન્સ્ટા પર ઈન્સ્ટન્ટ લાઈક, શેર કે કોમેન્ટ કરીને ક્રાંતિનાં સપના જોનારા કહેવાતા ઝેન-જી અને ઝેન-મિલેનિયમને આ કહેણ થોડું ખૂંચશે પણ ઝેન-જી અને ઝેન-મિલેનિયમ સંતાનો પરથી સ્વશિસ્ત અને સ્વનિયંત્રણ ગુમાવી દેનારા માતાપિતાઓને આ કહેણ કડવું છતાંય ચિંતનીય સત્ય લાગશે.

ભારત ઉત્સવોનો દેશ છે. અહીં ઋતુ, પ્રાંત અને ધર્મ સાથે જોડાયેલા અસંખ્ય ઉત્સવો ઉજવાય છે.

આ ઉત્સવોનો મૂળ હેતુ સમાજમાં સંસ્કૃતિ અને સંસ્કાર સ્થાપિત કરવાની સાથે આનંદ, એકતા અને આધ્યાત્મિકતાનો વિકાસ કરવાનો છે. પરંતુ આધુનિક યુગમાં ધીમે ધીમે ઉત્સવોનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. એક તરફ ઉત્સવો પવિત્રતા અને ધાર્મિક મહત્વ ગુમાવીને માત્ર વ્યાવસાયિક બનતા જાય છે તો બીજી તરફ આ જ ઉત્સવો યુવાનો માટે મનોરંજન, દેખાદેખી અને સમયની બરબાદીનું સાધન પણ બની રહ્યા છે.

પ્રાચીન સમયમાં ઉત્સવો સામૂહિક શ્રમ, ભજન-કીર્તન, ધાર્મિક ચિંતન, લોકકલા અને પરિવારનાં મિલન સાથે જોડાયેલા હતાં. આજે ઉત્સવો સોશિયલ મીડિયા, ડીજે, ફેશન



અને સેલ્ફીની દુનિયામાં જકડાયેલા છે. ઉત્સવોમાં ઉત્સાહથી ડીજેના સંગીતમાં ડાન્સ કરનારા અનેક યુવાનોને ઉત્સવના મૂળ સંદેશની જાણ જ નથી, એમને માટે તો આ ઉત્સવો માત્ર મનોરંજન અને પ્રદર્શન જ છે.

આજે ઉત્સવોની ઉજવણી અફીણના નશા જેવી થઈ ગઈ છે, જેને પરિણામે ઉત્સવો નામે નકામો અતિશય ખર્ચ, ઘોંઘાટ, રાત્રિ જાગરણ અને સોશિયલ મીડિયા પર કલાકો સુધી વ્યસ્ત રહીને યુવાનો સમય, સ્વાસ્થ્ય અને ઊર્જાનો વ્યય કરી રહ્યા છે, નશામાં ભાન ભૂલેલા નશેડીની જેમ આજના યુવાનોની સ્થિતિ થઈ રહી છે. એટલે જ તો પરીક્ષાઓ નજીક હોવા છતાં પણ ઘણાં વિદ્યાર્થીઓ ઉત્સવોમાં એટલા વ્યસ્ત થઈ જાય છે કે તેમનાં અભ્યાસ અને કારકિર્દી પર માઠી અસર પડે છે.

"Time is the most valuable thing a man can spend." (Theophrastus) આપણે સૌ જાણીએ છીએ કે સમય જીવનની સૌથી મૂલ્યવાન સંપત્તિ છે. ગુમાવેલું ધન ફરી મેળવી શકાય, પરંતુ ગુમાવેલો સમય ક્યારેય પાછો મળતો નથી. છતાંય ઉત્સવોના નામે યુવાનો દ્વારા થતી ધન અને સમયની બરબાદીની ચિંતા કોઈક યુવાનને થાય છે ખરી? સમાજનાં કહેવાતા વડીલો કે રાજકીય નેતાઓ આ તરફ જુવાનોનું ધ્યાન દોરે છે ખરાં? આપણાં જેવા કોઈક જો એ તરફ યુવાનોનું ધ્યાન દોરે તો તે જુના જમાનાના અને વિરોધી જ કહેવાય ને !

ભારતીય સંસ્કૃતિના ઉત્સવો જીવનમૂલ્યો અને પ્રકૃતિનો સંબંધ શીખવે છે. નવરાત્રિ શક્તિપૂજા અને આત્મવિશ્વાસ, દિવાળી અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાશ તરફ પ્રયાણ, રક્ષાબંધન સંબંધોની પવિત્રતા તો ગણેશોત્સવ બુદ્ધિ અને વિનમ્રતાનો સંદેશ આપે છે. ગણેશોત્સવ તો ક્રાંતિ અને નેતાગીરીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. લોકમાન્ય તિલકે આઝાદી માટે ગણેશોત્સવનું કરેલું સામાજિકીકરણ આજે સામાજિક એકતા નિર્માણ કરવાને બદલે સામાજિક મતભેદ અને સરખામણી ઊભી કરે છે. ગણેશોત્સવમાં આગમન અને વિસર્જનના બહાને બિનજરૂરી ઘોંઘાટ કરી, ફટાકડાઓનો ધુમાડો કરી, ડીજેના તાલે ડાન્સ કરી, રસ્તા પર ટ્રાફિક જામ કરનારા યુવાનોમાંથી કેટલાં યુવાનોને ગણેશજીનાં આ પાવનપર્વની ઐતિહાસિક પૃષ્ઠભૂમિની જાણ છે ? કેટલાં યુવાનો ગણપતિના દસ દિવસના ઉત્સવ પછી ગણેશજીનાં મૂલ્યો અને શિખામણોને જીવનમાં ઉતારવા કટિબદ્ધ થાય છે ?

જોકે, આપણે 'ઘેટાં ચાલ' ચાલનારી આ યુવાનીને ઉત્સવ ઉજવવાની ના નથી પાડતાં પણ ઉત્સવની સાથે સમયનું મહત્વ સમજવું એ ગણપતિ કરતાં વિશેષ કોણ સમજાવી શકે? પ્રાણી માત્રને મનોરંજન આવશ્યક છે પણ **उद्यमेन हि सिद्धयन्ति कार्याणि न मनोरथैः ।** અર્થાત્ માત્ર કલ્પનાઓ કે મનોરંજનથી નહીં પરંતુ પુરુષાર્થથી જ કાર્યો સિદ્ધ થાય છે. તેથી ઉત્સવોના આનંદ અને પોતાની જવાબદારી વચ્ચે સંતુલન જાળવવું ખૂબ જ જરૂરી છે. ઉત્સવોનું બદલાતું સ્વરૂપ સંપૂર્ણપણે નકારાત્મક જ છે, એવું નથી, પરંતુ તેમાં વધતી દેખાદેખી અને સમયનો વ્યય ચિંતાજનક છે.

યુવાનો જો ઉત્સવોના મૂળ હેતુને સમજીને ઉજવણી કરે અને સમયનું મૂલ્ય ઓળખે તો આ ઉત્સવો માત્ર મનોરંજન નહીં પરંતુ વ્યક્તિત્વ નિર્માણ અને રાષ્ટ્ર નિર્માણનું શક્તિશાળી સાધન બની શકે છે.

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

DGT
આપનું અખબાર : આપનો અવાજ
પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913
● ધરમપુર
● નાનાપોંઢા
● કપરાડા
● મોટાપોંઢા

### મંજૂરી છતાં રસ્તાનું અધુરું કામ શરૂ કરવા માંગ

## કાસ્ટુનિયા-કરચોંઢ વડચોંઢી ફળિયાના બિસ્માર રસ્તાથી ગ્રામજનોમાં રોષ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૭ :** વનબંધુ કલ્યાણ યોજના અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના વિવિધ રોડ-રસ્તાના નોન-પ્લાન રિસરફેસિંગ કાર્યોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં કાસ્ટુનિયા મુખ્ય રસ્તાથી પ્રાથમિક શાળા થઈ કરચોંઢ વડચોંઢી ફળિયા સુધીના આશરે ૧ કિલોમીટર માર્ગ માટે રૂ. ૫૫ લાખના ખર્ચે ડામર રસ્તો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે માર્ગને મંજૂરી મળ્યા બાદ પણ છેલ્લા કેટલાય સમયથી રસ્તાનું કામ શરૂ ન થતાં આ માર્ગ પરથી પસાર થતા ગ્રામજનોને ભારે હાલાકીનો



સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા મુજબ, રસ્તાનું કામ વહેલી તકે શરૂ થાય તે માટે વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ હોદ્દેદારોને વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. ઉપરાંત સંબંધિત વિભાગના અધિકારીઓને પણ મૌખિક રીતે જાણ કરવામાં આવી હોવા છતાં આજદિન સુધી માર્ગનું કામ શરૂ કરવામાં આવ્યું નથી. જેના કારણે આ વિસ્તારના રહેવાસીઓ તેમજ રોજિંદી અવરજવર કરતા લોકોને મુશ્કેલી વેઠવી પડી રહી છે.

ગ્રામજનોનું કહેવું છે કે માર્ગને મંજૂરી મળ્યા બાદ પણ કામમાં વિલંબ કેમ થઈ રહ્યો છે તે અંગે સંબંધિત તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે અને મંજૂર થયેલા માર્ગનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે. જો વહેલી તકે રસ્તાનું કામ હાથ ધરવામાં નહીં આવે તો આગામી સમયમાં ગ્રામજનો દ્વારા આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે.

## કપરાડાના બારપુરામાં એક વિધવા મહિલાને પાકું મકાન ક્યારે ?

### PM-JANMAN યોજના હેઠળ પાત્રતા મુજબ આવાસ સહિતની સુવિધા આપવા માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૭ :** કપરાડા તાલુકાના બારપુરા ગામના નાચખડક ફળિયામાં રહેતા વિધવા સુમિત્રાબેન ધવળુભાઈ ચિલારે ગરીબી વચ્ચે જીવન નિર્વાહ કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ, તેઓ હાલ કાચા પ્લાસ્ટિક અને નેટના સહારે બનાવેલા રહેઠાણમાં રહે છે. આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં સુમિત્રાબેન લાઈટ બિલ પણ નિયમિત ભરતા હોવાનું જણાવાય છે, પરંતુ હજુ સુધી તેમને પાકા મકાન સહિતની જરૂરી સરકારી સુવિધાઓનો લાભ મળ્યો નથી.

કેન્દ્ર સરકારની PM-JANMAN યોજના ખાસ નબળા આદિવાસી જૂથો (PVTG)ના પરિવારો સુધી મૂળભૂત સુવિધાઓ



પહોંચાડવાના હેતુથી અમલમાં મૂકવામાં આવી છે, જેમાં પાત્ર લાભાર્થીઓને આવાસ સહિતની સુવિધાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે. સુમિત્રાબેનની રજૂઆત મુજબ, તેઓ યોજનાના લાભ માટે પાત્ર હોવા છતાં હજુ સુધી તેમને તેનો લાભ મળ્યો નથી.

આ અંગે સુમિત્રાબેન દ્વારા કપરાડા તાલુકા મથકે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. જેથી હવે તંત્ર દ્વારા તેમના રહેઠાણની સ્થળ તપાસ કરી, પાત્રતા અંગે યોગ્ય ચકાસણી કરવામાં આવે અને જો તેઓ યોજનાના નિયમો મુજબ પાત્ર ઠરે તો PM-JANMAN યોજના હેઠળ આવાસ સહિતની જરૂરી સરકારી સુવિધાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

સુમિત્રાબેન જેવી જરૂરિયાતમંદ મહિલાને સરકારી યોજનાનો લાભ વાસ્તવિક રીતે મળે અને તેઓ કાચા પ્લાસ્ટિકના આશ્રયમાંથી બહાર આવી સુરક્ષિત આવાસમાં રહી શકે તે માટે સંબંધિત તંત્ર દ્વારા સંવેદનશીલતાપૂર્વક કાર્યવાહી કરવામાં આવે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી ૨૮ સપ્ટેમ્બરે મુખ્યમંત્રી, રાજ્યના આદિજાતિ કમિશનર, વલસાડ જિલ્લા વિકાસ અધિકારી તથા કપરાડા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવશે તેમ જણાવાયું છે.

## કપરાડા, નાનાપોંઢા, ધરમપુરમાં આંગણવાડી સેવા મિલન કાર્યક્રમો યોજાયા










**વલસાડ, તા. ૨૫ : કપરાડા :** કપરાડા તાલુકાના આઈસીડીએસના દાબખલ સેજાના વરવટ -૫ આંગણવાડી કેન્દ્રનો આંગણ મિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ ભરતભાઈ ગાંવઢા, સરપંચ સતીશભાઈ, ઉપસરપંચ તેમજ ગ્રામ પંચાયત સભ્યો, મુખ્ય સેવિકા, વાલીઓ, આશા કાર્યકર, આંગણવાડી કાર્યકર, તેડાગર અને બાળકો હાજર રહ્યા હતા.

તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા વાલીઓને આંગણવાડીની મુલાકાત અને તેના લાભો લેવા માટે પ્રોત્સાહન શબ્દો કહ્યા હતા. કહાની બદલાવ કી અંતર્ગત લાભાર્થીઓ એ પોતાની કહાની રજૂ કરી હતી. બાળકોને સુખડી અને ફળ વિતરણ કરવામાં આવ્યા હતા અને પોષણ ચેમ્પિયન બાળકોને મુખ્ય મહેમાનના હસ્તે પ્રોત્સાહન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આંગણવાડી કાર્યકર, તેડાગર અને આશા કાર્યકર બહેનો ને સન્માન પત્ર આપી સન્માનિત કરવામા આવ્યા હતા.

**નાનાપોંઢા :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના અરનાલા ગામે અરનાલા કોસમ પાતળી આંગણવાડી કેન્દ્ર પર ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમાં આંગણવાડી સેવા મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કુપોષિત અવસ્થામાંથી બહાર આવેલા બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. સગર્ભા, ધાત્રી માતાને માતૃ શક્તિ (ટેક હોમ રાશન) ના પેકેટ, મુખ્ય મંત્રી માતૃ શક્તિ યોજના હેઠળ અનાજ આપવામાં આવ્યું અને હાલ જે બાળકો કુપોષિત અવસ્થામાં છે એમને પોષણ કીટ આપવામાં આપવામાં આવી હતી.

આંગણવાડી કેન્દ્ર થકી આંગણવાડી કાર્યકર, હેલ્પર અને આશા વર્કર ગામના લોકોને આરોગ્ય પોષણ સેવાઓ આપે છે અને સમાજને સશક્ત બનાવવામાં મહત્વની કામગીરી કરે છે. તેમની કામગીરીને બિરદાવવા મહાનુભાવોના હસ્તે તેમણે પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં.

કાર્યક્રમમાં તાલુકા પંચાયત ના સભ્ય જીતેન્દ્રભાઈ, ગામના સરપંચ સરીતાબેન, માજી જીલ્લા પંચાયત સભ્ય શૈલેષભાઈ, બાળ વિકાસ યોજના અધિકારી રીટાબેન પટેલ તેમજ આંગણવાડી કેન્દ્રના લાભાર્થીઓ, ગ્રામજનો હાજર રહ્યા હતા.

**ધરમપુર :** ઘટક ૧ હેઠળના સિદુંબર સેજાના આંગણવાડી કેન્દ્ર કાનુરબરડા ૨ મંદિર ખાતે આંગણ મિલન સેવા કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રેરણાદાયી કાર્યક્રમમાં નગરપાલિકાના પ્રમુખ મયંકભાઈ મોદી, ચીફ ઓફિસર વિજયભાઈ ઈટાલિયા, નગરપાલિકાના તમામ સદસ્ય તેમજ આઈસીડીએસ શાખાના સીડીપીઓ, મુખ્ય સેવિકા બેન, આશા વર્કર બહેનો અને આંગણવાડીના મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સીડીપીઓ દ્વારા આંગણવાડીની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત અને ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આંગણવાડી યોજનાઓનો લાભ લેતા લાભાર્થીઓએ પોતાના હકારાત્મક પ્રતિભાવો અને અનુભવો રજૂ કર્યા હતા. યોજના અંતર્ગત એમએમવાય , ટીએચઆર (THR - ટેક હોમ રેશન) અને પૌષ્ટિક ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોના ઉત્કૃષ્ટ સ્વાસ્થ્યને -પ્રોત્સાહન આપવા માટે ँસ્વસ્થ બાળક - પોષણ ચેમ્પિયન એવોર્ડ઼ આપીને બાળક અને માતાને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વાવરમાં વીજકરંટથી મૃતક બે યુવાનોના પરિવારોને રૂા.૫૦ લાખ વળતરની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૨૭ :** કપરાડા તાલુકાના વાવર ગામે તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ DGVCLના વીજપોલ નાખવાની કામગીરી દરમિયાન કરંટ લાગવાથી સાગર સરનાયક અને સુરેશ પવારના મોત થયા હોવાની ઘટના સામે આવી છે. ઘટનાને પગલે સ્થાનિક સ્તરે શોકની લાગણી ફેલાઈ છે.

આ ઘટનાને લઈને આમ આદમી પાર્ટીના આગેવાનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે વીજપોલ નાખવાની કામગીરી દરમિયાન DGVCL તથા કોન્ટ્રાક્ટર દીપેશ પટેલની કથિત બેદરકારીના કારણે આ દુર્ઘટના બની હતી. પક્ષના આગેવાનોએ સમગ્ર ઘટનાની યોગ્ય તપાસ કરી જવાબદારી નક્કી કરવાની માંગ કરી છે.

આમ આદમી પાર્ટીના હોદ્દેદારોએ મૃતકોના પરિવારજનોને DGVCL અને સંબંધિત કોન્ટ્રાક્ટર તરફથી કુલ રૂ. ૫૦ લાખનું વળતર આપવામાં આવે તેવી માંગ કરી છે. સાથે જ સરકારમાં રહેલા સ્થાનિક અને રાજ્ય સ્તરના નેતાઓ દ્વારા પણ પીડિત પરિવારોને આર્થિક સહાય આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

પક્ષના આગેવાનોએ કપરાડા વિધાનસભાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલ તથા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના રાહત ફંડમાંથી રૂ. ૫-૫ લાખની સહાય આપે તેવી માંગણી કરી છે.

આમ આદમી પાર્ટીના વલસાડ-ડાંગ લોકસભા સંગઠન મંત્રી દિવ્યેશ પટેલ, પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્ર ગાંવિત, કપરાડા વિધાનસભા યુવા પ્રમુખ લતેશ પટેલ, કપરાડા સંગઠન મંત્રી આનંદ થોરાત સહિત સ્થાનિક આગેવાનોએ પીડિત પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી અને પરિવારને યોગ્ય ન્યાય તથા સહાય મળે તેવી માંગ કરી હતી.

### એથલેટિક્સ દોડ સ્પર્ધામાં

## કપરાડાના બેઝ ભવાડા પ્રા.શાળાની શિક્ષકા પ્રથમ ક્રમ મેળવ્યો





**કપરાડા, તા.૨૭ :** ગુજરાત રાજ્ય ના નડિયાદ ખાતે યોજાયેલી અખિલ ભારતીય મુલકી સેવા એથલેટિક્સ સ્પર્ધા - ૨૦૨૬ અંતર્ગત ભાગ લેનાર ગુજરાત સચિવાલય ટીમની પસંદગી સંપર્ધામાં વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના બેઝ ભવાડા પ્રાથમિક શાળાની ઉપ શિક્ષિકા સ્નેહલતા પિનાકીન પટેલે ૪૦૦ મીટર અને ૮૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર મેળવી જિલ્લા, તાલુકાનું ગૌરવ વધાર્યું છે.હવે તેઓ નેશનલ કક્ષાએ ભાગ લેવા જશે. તાલુકા પ્રાથમિક શિક્ષણ વિભાગનું ગૌરવ વધારનાર ઉપ શિક્ષિકા સ્નેહલતાબેનને તાલુકા શિક્ષણ વિભાગ, શાળા પરિવાર દ્વારા અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવી છે. સ્નેહલતાબેન પટેલે જણાવ્યુંકે કોલેજકાળથીજ તેઓ દોડની સ્પર્ધાઓમાં ભાગ લેતા હતા અને અલગ અલગ રાજ્યોમાં વિવિધ ટુર્નામેન્ટમાં ભાગ લઈ અનેક મેડલો મેળવ્યા હતા,તો ઉજળા દેખાવ થકી યુનિવર્સિટી પણ ચેમ્પિયન બની હતી. તેઓ લોંગ રનિંગ માટે સુવિખ્યાત છે,તેઓ ૬.૮ અને ૧૦ કી.મી. દોડમાં રાષ્ટ્રીય કક્ષાએ પણ સત્તત ભાગ લીધો હતો.સાથે અનેક મેરેથોનમાં ભાગ લઈ પ્રથમ ક્રમાંક મેળવ્યા હતા.

**‘દમણગંગા ટાઈમ્સ’**
દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત લો.

### આદિવાસી ધોડિયા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## ધરમપુર બામટી ખાતે યોજનાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો



**વલસાડ, તા.૨૭ :** આદિવાસી ધોડિયા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ ધરમપુર દ્વારા ધરમપુર બામટી ખાતે આદિવાસી સમાજના ભાઈ-બહેનોને વિવિધ યોજનાકીય માર્ગદર્શન મળી રહે તે માટે યોજનાકીય માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

આ સેમિનારમાં સૌને આવકારતાં ટ્રસ્ટ ના પ્રમુખ વિજયભાઈ પાનેરિયાએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટનો મુખ્ય આશય સમાજના ઉત્કર્ષનો છે. સમાજ સામાજિક, શૈક્ષણિક તેમજ યોજનાકીય લાભો મેળવી આગળ વધે તે આશય સાથે સેમીનારનું આયોજન થયું છે. ભવિષ્યમાં આવા વિવિધ કાર્યક્રમોનું આયોજન થશે.

જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર વાય.ટી. પાવાગઢીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર - રાજ્ય સરકારની નાના વ્યવસાયકારોથી માંડીને મોટા ઉદ્યોગો સ્થાપવા અનેક યોજનાઓ છે. જેમાં લોન - સબસીડી નો સમાવેશ થાય છે. વાજપાઈ બેંકેબલ, માનવ કલ્યાણ યોજના, msme સહિત યોજનાઓનો લાભ મેળવવા લોકોને અનુરોધ કર્યો હતો.

જીલ્લા ખેતીવાડી અધિકારી અરુણભાઈ ગરાસીયાએ જણાવ્યું હતું કે, ખેતીવાડી વિવિદ્ય યોજનાઓની માહિતી અને અરજી કરવા ઓનલાઇન અરજી કરવાની થાય છે. જેની સમયાંતરે જાહેરાત થાય છે. ખેતી સાધનો, એની ઓજારો માટે સહાય મળે છે. ઉપરાંત પૂર કે વાવાઝોડા સમયે થયેલા નુકસાન માટે જે તે સમયના ગૂગલ તારીખ સાથેના ફોટોગ્રાફસ જરૂરી હોય છે. જેની ખાસ તકેદારી રાખવી જોઈએ.

નાયબ બાગાયત નિયામક નિકુંજભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણા વિસ્તારમાં બાગાયતી ખેતી મોટા પ્રમાણમાં થાય છે. રાજ્ય સરકારની વિવિધ બાગાયતી યોજના હેઠળ આંબાવાડી, ફૂલોની ખેતી, ડ્રેગનફ્રૂડ સહિત અન્ય માટે સહાય અને સબસીડી મળે છે. જેનો લાભ મેળવી પગભર બનવા તેમણે સૌને અનુરોધ કર્યો હતો.

નાયબ પશુપાલન અધિકારી જગદીશભાઈ વસાવા એ પશુપાલન માટે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ, ચાપ કટર, બકરા યુનિટ, સહિત યોજનાની જાણકારી યોજનાકીય લાભ લેવા અનુરોધ કર્યો હતો.વલસાડ સંકલિત આદિજાતિ કચેરીના પ્રાયોજના વહીવટદાર આસ્થા સોલંકીના માર્ગદર્શન હેઠળ પ્રોજેક્ટ મેનેજર રાકેશભાઈ વસાવાએ આદિજાતિ વિભાગની રોજગારલક્ષી યોજનાની જાણકારી આપી હતી.

ધરમપુર બેંક ઓફ બરોડાના મેનેજર રવિરાજન અને બંધન બેંકના મેનેજર આદિત્ય ઠાકુર અને ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ દાહોદએ બેંકને લગતી વિવિધ યોજના તેમજ લોન ભારતીય રિઝર્વ બેન્ક અને નાબાર્ડની દરેક યોજનાઓ તથા ફાઈનાન્સિયલ લીટરસીની માહિતી આપી હતી.

ખેડૂત અગ્રણી હસમુખભાઈ પટેલે પ્રાકૃતિક ખેતી કરવા સૌને અનુરોધ કર્યો હતો. કાર્યપાલક ઈજનેર મનીષભાઈ પટેલ અને નાયબ માહિતી નિયામક ઉમેશ બાવીસાએ સેમિનારના આયોજનમાં મહત્વની સેવા બજાવી હતી. યોજનાકીય માર્ગદર્શન સેમિનારને સફળ બનાવવા ઉપપ્રમુખ અશ્વિનભાઈ પટેલ, આશાબેન મનીષભાઈ પટેલ, ખુશાલભાઈ પટેલ, મહામંત્રી ઉત્તમભાઈ પટેલ, સહમંત્રી પ્રો. કમલેશભાઈ પટેલ, નરેશભાઈ પટેલ, ખજાનચી અભેસિંહભાઈ, તેમજ ટ્રસ્ટીઓ કમલેશભાઈ ઘેલાભાઈ, ધીરજભાઈ, રિતેશભાઈ, પ્રયાગભાઈ, હસુમતીબેન, અશોકભાઈ પટેલ, અજીતભાઈ સહિતના ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવી હતી. ટ્રસ્ટી અરુણાબેન પટેલે આભારદર્શન કર્યું હતું.

## પાનસ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની તાલુકાની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ



**કપરાડા.તા.૨૭ :** વિકસિત ભારત- ૨૦૪૭ અંતર્ગત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ તથા વિકસિત ભારતના સંકલ્પને પ્રોત્સાહન આપવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચિત્ર સ્પર્ધામાં પાનસ પ્રા શાળાની વિદ્યાર્થીની કુમારી કશિશબેન ધોરણ ૬ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીએ વિકસિત ભારત-૨૦૪૭ અંતર્ગત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, કલાત્મક અભિવ્યક્તિ તથા વિકસિત ભારતના સંકલ્પને પ્રોત્સાહન આપવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચિત્ર સ્પર્ધામાં પાનસ પ્રા શાળાની વિદ્યાર્થી કુમારી કશિશબેન ધોરણ ૬ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીએ વિકસિત ભારત-૨૦૪૭ વિષયને કેન્દ્રમાં રાખીને પોતાની કલાત્મક પ્રતિભા અને સર્જનાત્મક વિચારોનું સુંદર ચિત્ર દ્વારા પ્રદર્શન કર્યું હતું.

વિદ્યાર્થીનીની ઉત્તમ કલાત્મક રજૂઆત અને સર્જનાત્મકતાને ધ્યાનમાં લઈને તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો. આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીને પ્રમાણપત્ર તથા ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીની આ સફળતાથી શાળા પરિવારનું ગૌરવ વધ્યું છે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીનીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. વિદ્યાર્થીનીના માતા-પિતાને પણ અભિનંદન પાઠવી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

બાળકની પ્રતિભાને મળેલું પ્રોત્સાહન તેની સફળતાની પ્રથમ સીડી છે. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો. આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીને પ્રમાણપત્ર તથા ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીની આ સફળતાથી શાળા પરિવારનું ગૌરવ વધ્યું છે. આ સિદ્ધિ બદલ શાળાના આચાર્ય, શિક્ષકગણ તથા સમગ્ર શાળા પરિવાર દ્વારા વિદ્યાર્થીનીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 28, September 2026


## ખાદ્યતેલ : રાહત અને ચિંતા

ખાદ્યતેલનો ભાવવધારો તહેવારોની ઉજવણીમાં અવરોધક ન બને તે માટે કેન્દ્ર સરકારે સોયાબીન, પામ સહિતના તેલની ડયૂટીમાં ઘટાડો કર્યો છે, જેને લીધે ગ્રાહકોને તો રાહત થઈ છે, પરંતુ આગામી દિવસોમાં ખેડૂતની હાલત બગડશે તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે. મોંઘવારીનું દબાણ ચોક્કસ ઘટશે, પણ લાંબાગાળે સૌરાષ્ટ્રના કૃષિક્ષેત્રને વિપરિત અસર થશે. કોઈ પણ ચીજ-વસ્તુની કિંમત ઘટે તે વ્યાપક હિતમાં હોય, પરંતુ ગ્રાહકો-સામાન્ય લોકોની સાથે અહીં ખેડૂતોનું હિત પણ જોખમાય નહીં તેવા આયોજનની જરૂર છે. અલબત્ત, વૈશ્વિક અને કુદરતી કારણે મોંઘવારી વધી છે તેમાં આ ભાવઘટાડો રાહતદેય તો છે જ. આ વર્ષે ખાદ્યતેલની કિંમતનો વધારો ૩૦ ટકાને આંબી ગયો હતો. ફૂડ સૂરજમુખી તેલ ઉપરની બેઝિક કસ્ટમ ડયૂટી ૧૦ ટકાથી ઘટાડીને શૂન્ય કરી છે. સોયાબીન અને પામ તેલ પરની ડયૂટી ૧૦થી ઘટાડી ૫ ટકા કરી છે. ફૂડ અને રિફાઈન્ડ તેલ વચ્ચે ૧૯.૨૫ ટકાનો આયાત જકાતનો ગાળો રખાયો છે, જેથી દેશની અંદર રિફાઈનિંગને પ્રોત્સાહન મળે. આયાત જકાતમાં થયેલા ઘટાડાની તાત્કાલિક અસર થઈ છે. આ બધા તેલની કિંમતમાં પ્રતિકિલો રૂા. ૨૦ ઘટયા છે. રસોડાંના બજેટમાં તેનાથી રાહત થશે. તહેવાર નજીક આવી રહ્યા છે. જન્માષ્ટમી સમયે તેલના ભાવ વધારે હતા, દિવાળીના દિવસોમાં તે ઓછા થશે તેવી આશા સેવી શકાય. જો કે, આ રાહત ગ્રાહકો પૂરતી છે, સીંગતેલના ભાવ ઉપર અસર શું પડે છે તે સવાલ મોટો છે. આયાતી તેલ સસ્તું થવાથી સ્થાનિક તેલીબિયાં અને તેમાંથી બનતાં તેલની બજારમાં સ્પર્ધા વધી શકે. સીંગતેલના ભાવમાં ભડકો છે, ડબ્બાનો ભાવ રૂા. ૩૦૫૦ને પાર કરી ગયો છે. નવી મગફળી આવે ત્યારે ભાવ દબાવા જોઈએ તેના બદલે આ વખતે ચિત્ર જરા જુદું છે. મગફળીનું ઉત્પાદન ઘટવાની પણ શક્યતા છે. કારણ કે, વરસાદ ઓછો છે. ઓછા પાકની શક્યતા, જૂની મગફળીની આવક બજારમાં ઘટતાં આવક તળિયે પહોંચી છે. પરિણામે ભાવ વધી રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય તેલ તો સસ્તાં થયા, પરંતુ સૌરાષ્ટ્રના યાર્ડમાં મગફળીની આવક થવાનું ટાણું આવ્યું છે. કપાસ, તેલીબિયાં પણ આવશે. આયાત વધે તેથી કિંમત ઘટે તે કામચલાઉ વ્યવસ્થા છે, જેને કાયમી અવસ્થા બનતાં અટકાવવી જોઈએ. જે કોઈ વસ્તુની ઘટ પડે તેની આયાત કરવાનો જ રવૈયો અપનાવવાથી સ્થાનિક ઉત્પાદકોનું હિત જોખમાય. તેલમાં પણ એવું જ છે. આત્મનિર્ભર ભારતની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ ત્યારે મલેશિયા કે બ્રાઝિલના તેલ ઉપર નિર્ભર રહેવાને બદલે સૌરાષ્ટ્રના ખેડૂતોને મગફળીના પોષક ભાવ મળે, તેનું વાવેતર વધે તેવી નીતિ અપનાવવી જોઈએ. અન્ય તેલોની જેમ સીંગતેલના ભાવ પણ ગ્રાહકો માટે નિયંત્રણમાં રાખવા જોઈએ, સટ્ટાખોરી ઉપર નજર રાખવી જોઈએ અને યાર્ડમાં પણ ખેડૂતોનું હિત સચવાય તે જોવું જોઈએ. પામ, સોયાતેલ સસ્તું થયું, તહેવાર સુધરી જશે, પરંતુ ખેતીના ભવિષ્ય અને ભવિષ્યની ખેતી બંને ઉપર નજર રાખવાની આવશ્યકતા છે. સરકારે ડયૂટી ઘટાડીને ગ્રાહકના-નાગરિકના મોટા સમુદાયનું જ ભલું ઈચ્છયું છે, તેમાં કોઈ શંકા નથી, લાંબાગાળાનું કોઈ આવું આયોજન થવું જોઈએ.

### મન કી બાતમાં બોલ્યા વડાપ્રધાન મોદી

# આજનું ભારત આતંકવાદનો જડબાતોડ જવાબ આપે છે:મોદી

**મોદીએ સર્જિકલ સ્ટ્રાઈક, ગુજરાતના સોમનાથ મંદિર સ્વાભિમાન યાત્રા, મોઢેરાના સૂર્યમંદિર, જાતિ આધારિત વસ્તી ગણતરી સહીતના મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા દેશને સંબોધિત કર્યા. કાર્યક્રમના ૧૩૮મા એપિસોડમાં, વડાપ્રધાન મોદીએ સર્જિકલ સ્ટ્રાઈક અને જાતિ આધારિત વસ્તી ગણતરી જેવા અનેક મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આવતીકાલે, ૨૮ સપ્ટેમ્બરે, સર્જિકલ સ્ટ્રાઈકની ૧૦મી વર્ષગાંઠ છે. ભારત હવે એવું ભારત નથી રહ્યું; આતંકવાદનો જડબાતોડ જવાબ આપવામાં આવશે. અગાઉ, શ્રેણીબદ્ધ વિસ્ફોટો સામાન્ય બાબત હતી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આજનું ભારત આતંકવાદ સહન કરી શકતું નથી. અમે આતંકવાદ સામે 'ઝીરો-ટોલરન્સ' (શૂન્ય સહનશીલતા) નીતિ અપનાવી છે.

'મન કી બાત'ના ૧૩૮મા એપિસોડમાં, વડાપ્રધાન મોદીએ બાલાકોટ એર સ્ટ્રાઈકનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે ૧૦ વર્ષ પહેલાં, ૨૮-૨૯ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ, આતંકવાદ સામે સરહદ પાર આપણી સેનાએ જે બહાદુરી બતાવી હતી તેનાથી વિશ્વ આશ્ચર્યચકિત થઈ ગયું હતું. સર્જિકલ સ્ટ્રાઈકે સમગ્ર વિશ્વ સમક્ષ ભારતની આતંકવાદ-વિરોધી નીતિનું એક નવું ઉદાહરણ હિંમતપૂર્વક રજૂ કર્યું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે છેલ્લા એક દાયકામાં, બાલાકોટ એર સ્ટ્રાઈકથી લઈને 'ઓપરેશન સિંદૂર' સુધી, ભારતે વારંવાર સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો આતંકવાદીઓ ભારત પર હુમલો કરવાની હિંમત કરશે, તો તેમને જડબાતોડ જવાબ આપવામાં આવશે. આજે ભારત આતંકવાદ સામે 'ઝીરો-ટોલરન્સ' નીતિ અપનાવી રહ્યું છે અને આપણે તેના પરિણામો જોઈ રહ્યા છીએ.

PM મોદીએ દેશના જૂના સમયને યાદ કરતાં કહ્યું, "એક સમય હતો જ્યારે ભારતમાં સિરિયલ બ્લાસ્ટ થવા સામાન્ય વાત બની ગઈ હતી. સપ્ટેમ્બરના આ મહિનામાં એટલે કે ૧૩ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ દિલ્હીમાં થયેલા સિરિયલ બ્લાસ્ટમાં અનેક નિર્દોષ લોકો માર્યા ગયા હતા. તેના થોડા અઠવાડિયા બાદ જ મુંબઈમાં ૨૬/૧૧નો આટલો મોટો હુમલો થયો હતો."

તેમણે કહ્યું કે અગાઉ દરેક આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન સામે કાર્યવાહી કરવાની માંગ થતી હતી, પરંતુ તેના પર એટલું ધ્યાન આપવામાં આવતું નહોતું અને સમય પસાર થવાની રાહ જોવામાં આવતી હતી.

PM મોદીએ કહ્યું, "હવે આજનું ભારત આતંકવાદ વિરુદ્ધ ઝીરો-ટોલરન્સ પોલિસી સાથે આગળ વધી રહ્યું છે અને તેના પરિણામો પણ આપણે જોઈ રહ્યા છીએ." પોતાના સંબોધનમાં વડાપ્રધાન મોદીએ વસ્તી ગણતરીનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વસ્તી ગણતરીનો પ્રથમ તબક્કો લગભગ પૂર્ણ થઈ ગયો છે. ૩૨ કરોડથી વધુ પરિવારોની માહિતી નોંધવામાં આવી છે. ઉત્તરાખંડમાં વસ્તી ગણતરીની શરૂઆત ચમોલીના 'માણા' ગામથી થઈ હતી. માણા ગામ દેશના પ્રથમ ગામ તરીકે ઓળખાય છે. વસ્તી ગણતરી એ આપણા બધા માટે એક રાષ્ટ્રીય જવાબદારી છે. ૧૫મી ઓગસ્ટે મેં મારા દેશવાસીઓને એ વાતની પણ અપીલ કરી હતી કે તેઓ આ માટે ચોક્કસપણે સમય ફાળવે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, વિવિધ મુદ્દાઓની સાથેસાથે સોમનાથ સ્વાભિમાન પર્વનો ઉલ્લેખ કર્યો હતો. મહમંદ ગઝનીનો ઉલ્લેખ કરીને મોદીએ કહ્યું કે, સોમનાથ મંદિર તોડીને ભારતની ઓળખ ભૂસવાનો પ્રયાસ કરનારાનો અત્તો પત્તો નથી.

વિવિધ મુદ્દાઓની સાથેસાથે ગુજરાતના મોઢેરા અને વિશ્વ હિંદુ પરિષદના અશોક સિંઘલને પણ યાદ કર્યા હતા. ૧૦૨૬માં મોઢેરાના સૂર્ય મંદિર ઉપર પણ હુમલો થયો હતો. આ મંદિર બન્યાને એક વર્ષ થયુ હતુ. રાજા ભીમદેવે પ્રથમે તે બંધાવ્યું હતું.

## મણિપુરમાં ફરી હિંસા

**મણિપુરમાં સેનાપતિ જિલ્લાના કાલાજાન ગામમાં ઉગ્રવાદીઓએ નગા સમુદાયને નિશાન બનાવી અંધાધૂંધ ગોળીબાર કર્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

મણિપુર, તા.૨૭ : મણિપુરમાં છેલ્લાં એક-બે વર્ષથી હિંસાનો દોર જોવા મળી રહ્યો છે ત્યારે તાજેતરમાં સેનાપતિ જિલ્લામાં ઉગ્રવાદીઓએ નગા સમુદાયને નિશાન બનાવતા અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં બે લોકોએ જીવ ગુમાવ્યા. હુમલો નગા બહુમતી ધરાવતા કાલાજાન ગામમાં કરાયો હતો. પહેલા અધિકારીઓએ આ ઘટના કાંગપોકપી જિલ્લામાં બની હોવાની જાણકારી હતી.

મુખ્યમંત્રી વાય.ખેમચંદ સિંહે આ હિંસક ઘટનાને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું હતું તો સામે પૂર્વ મુખ્યમંત્રી એન.બિરેન સિંહે આ હત્યાઓની ટીકા કરતા કાયદો વ્યવસ્થા સામે જ સવાલો ઊભા કરતાં કહ્યું કે ચાલુ વર્ષે ૯ મહિનામાં ૬૦ થી વધુ લોકોની હત્યા કરી દેવામાં આવી છે. તાજેતરમાં બે લોકો રાંકી અને પૌમાઈ જે રીતે હત્યા કરાઈ છે તે ચિંતાની વાત છે.

હથિયારધારી ઉગ્રવાદીઓ લોકોના ઘરોમાં ઘૂસી રહ્યા છે અને તેમને ઊંઘમાં જ ગોળી ધરબી દીધી. આપણે ક્યાં સુધી આ રીતે જ લાશો ગણતા રહીશું. જવાબદાર લોકો જવાબદારી લે અને બગડતી કાયદો વ્યવસ્થાને કાબૂમાં લાવે.

## UNSCમાં ભારતના સ્થાયી સભ્યપદની માગને રશિયાનું ખુલ્લું સમર્થન મળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

મોસ્કો, તા.૨૭ : સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલે કે UNSCમાં ભારતના સ્થાયી સભ્યપદની માગને રશિયાનું ખુલ્લું સમર્થન મળ્યું છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કહ્યું કે, રશિયા ભારતની સાથે બ્રાઝિલની સ્થાયી બેઠકની દાવેદારીનું પણ સમર્થન કરે છે. સાથે જ તેમણે પશ્ચિમી દેશો માટે નવી સ્થાયી બેઠકો વધારવાનો વિરોધ કર્યો છે.

લાવરોવે કહ્યું કે UNSCમાં સુધારાનો હેતુ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાની ભાગીદારી વધારવાનો હોવો જોઈએ. તેમણે ખાસ કરીને જર્મની અને જાપાનને નવી સ્થાયી બેઠક આપવાનો વિરોધ કર્યો છે. રશિયાનું કહેવું છે કે આ વિસ્તારોને પરિષદમાં પૂરતું સ્થાન મળ્યું નથી. લાવરોવે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કહ્યું કે, સુરક્ષા પરિષદમાં સુધારા હેઠળ પશ્ચિમી દેશો માટે વધારાની સ્થાયી બેઠકો ન હોવી જોઈએ. તેમણે જર્મની અને જાપાનનું નામ લઈને તેમની દાવેદારીનો વિરોધ કર્યો. તેના બદલે રશિયા એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાની વધુ ભાગીદારીના પક્ષમાં છે. લાવરોવે આ જ આધાર પર ભારત અને બ્રાઝિલના સ્થાયી સભ્યપદની દાવેદારીનું સમર્થન કર્યું છે. તેમણે એમ પણ કહ્યું કે UNSCમાં સુધારા દરમિયાન આફ્રિકા ખંડના હિતોને ધ્યાનમાં રાખવા જોઈએ.

UN મહાસભામાં ચાલી રહેલી વર્તમાન ચર્ચા દરમિયાન ભારતની દાવેદારીને અન્ય દેશોનું સમર્થન પણ મળ્યું છે. મોરિશિયસના વિદેશ મંત્રી ધનંજય રામફુલે G4 અને L69ના વલણનું સમર્થન કરતા ભારતના સ્થાયી સભ્યપદની દાવેદારીનું પુનરાવર્તન કર્યું છે.

બીજી તરફ, પોર્ટુગલે પણ UNSCમાં ફેરફારની જરૂરિયાત જણાવી હતી. ત્યાંના વડાપ્રધાન લુઈસ મોન્ટેનેગ્રોએ વધુ પ્રતિનિધિત્વ ધરાવતી સુરક્ષા પરિષદની વાત કરી હતી. તેમાં આફ્રિકા, બ્રાઝિલ અને ભારતને સ્થાયી પ્રતિનિધિત્વ આપવાના સમર્થનનો સમાવેશ થાય છે.

માર્શલ આઈલેન્ડ્સનાં રાષ્ટ્રપતિ હિલ્ડા હાઈનેએ કહ્યું કે તેમનો દેશ જાપાન અને તેના G4 ભાગીદારોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સ્થાયી સભ્યપદ અપાવવાના સમર્થન પર લાંબા સમયથી કાયમ છે. બીજી તરફ, જાપાનનાં વડાપ્રધાન સનાએ તાકાઈચીએ સુરક્ષા પરિષદમાં ફેરફારની માગ કરી હતી. તેમણે કહ્યું કે વર્તમાન વૈશ્વિક સ્થિતિને દર્શાવવા માટે UNSCમાં ફેરફાર થવો જોઈએ. આ માટે તેમણે સ્થાયી અને બિન-સ્થાયી બંને પ્રકારની બેઠકોની સંખ્યા વધારવાની તરફેણ કરી હતી.

આફ્રિકન દેશો તરફથી પણ વધુ પ્રતિનિધિત્વની માગ ઉઠી છે. સીએરા લિયોનના રાષ્ટ્રપતિ જુલિયસ માડા બાયોએ કહ્યું કે UNSC હજુ પણ ૧૯૪૫ની દુનિયાને દર્શાવે છે. તેમણે કહ્યું કે ૧.૬ અબજથી વધુ વસ્તી ધરાવતા આફ્રિકા પાસે પરિષદમાં એક પણ સ્થાયી બેઠક નથી. UNSCમાં કુલ ૧૫ સભ્યો હોય છે. તેમાં ચીન, ફ્રાન્સ, રશિયા, બ્રિટન અને અમેરિકા સ્થાયી સભ્યો છે. આ પાંચેય પાસે વીટોનો અધિકાર છે. બાકીના ૧૦ સભ્યો ૨ વર્ષ માટે ચૂંટાય છે. UNSCમાં સ્થાયી સભ્યોની સંખ્યા વધારવા માટે UN ચાર્ટરમાં ફેરફાર કરવો પડશે. તેના માટે મહાસભામાં બે તૃતીયાંશ બહુમતી સાથે બે તૃતીયાંશ સભ્ય દેશોની મંજૂરી જરૂરી છે. તેમાં હાલના પાંચેય સ્થાયી સભ્યોની મંજૂરી પણ સામેલ છે.

## ભારતે એશિયન ગેમ્સમાં રવિવારે ૨ સિલ્વર મેડલ જીત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭ : ૨૦૨૬ એશિયન ગેમ્સમાં આજે નવમો દિવસ છે. ભારતીય ખેલાડીઓએ આઠમા દિવસે કુલ ૭ મેડલ જીત્યા હતા, જ્યાં બંને કબડ્ડી ટીમોએ ગોલ્ડ મેડલ પર નિશાન સાધ્યું હતું. સાતમાં દિવસના અંતે ભારત પાસે ૪ ગોલ્ડ સહિત ૩૦ મેડલ હતા. એશિયાઈ રમતોના નવમા દિવસે ભારતના ખેલાડીઓ ૧૫ રમતોમાં ભાગ લેવા મેદાનમાં ઉતર્યા છે. એથલેટિક્સ, સ્ક્વોશ અને વેઈટલિફ્ટિંગ સહિત અન્ય રમતોમાં ભારતીય એથ્લેટ્સ મેડલ માટે દાવેદારી રજૂ કરી.

ભારતે એશિયન ગેમ્સમાં રવિવારે ૨ સિલ્વર મેડલ જીત્યા. રવિવારે અભય સિંહ અને અનાહત સિંહ સ્ક્વોશમાં પોતપોતાના ફાઈનલ મેચ હારી ગયા. અભય સિંહને મેન્સ સિંગલ્સના ફાઈનલમાં મલેશિયાના એનજી એઈન યોવે ૩-૦ થી હરાવ્યો. જ્યારે, અનાહતને મલેશિયાની શિવાસંગરી સુબ્રમણિયમે ૩-૦ થી માત આપી. સ્ક્વોશની મેન્સ સિંગલ્સ સ્પર્ધામાં અભય સિંહને મલેશિયાના ઈયાન યાઉએ સીધા સેટોમાં ૧૧-૯, ૧૧-૫, ૧૧-૫ થી હરાવી દીધો છે. અભયને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો. અભય સિંહ બાદ ૧૮ વર્ષની અનાહત સિંહે પણ સિંગલ્સ સ્ક્વોશ સ્પર્ધામાં નિરાશ કર્યા છે. તેમને મલેશિયાની શિવાસંગરી સુબ્રમણ્યમે ૧૧-૪, ૧૧-૪, ૧૧-૭ ના અંતરથી સીધા સેટોમાં ૩-૦ થી હરાવી દીધી. અનાહતને પણ સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો છે. ભારતને દિવસનો બીજો મેડલ મળ્યો છે. તેના કુલ મેડલની સંખ્યા ૩૨ પહોંચી ગઈ છે. જેમાં ૪ ગોલ્ડ, ૧૪ સિલ્વર અને ૧૪ બ્રોન્ઝ સામેલ છે. ઈન્ડિયા ૧૨મા સ્થાને આવી ગયું છે.

## અર્નબ વાવાઝોડાંએ ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને ઉત્તરાખંડમાં તારાજી સર્જી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭ : છહિક્કહ્મ ઝઅર્ષ્ક્ષ્ઞહી: બંગાળની ખાડીમાં ઉઠેલા અર્નબ વાવાઝોડાંએ હવે ઉત્તર પ્રદેશ, ઝારખંડ, ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદથી સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. ઉત્તર પ્રદેશના ૬૩ જિલ્લામાં સામાન્ય કરતાં ૧૯ ગણો વરસાદ પડયો હતો. અનેક જિલ્લામાં વૃક્ષો, કાચી દિવાલો અને મકાનો તૂટી પડતાં ૪૨ લોકોનાં મોત નીપજ્યાં હતા જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. ઝારખંડમાં વંટોળિયા વરસાદથી નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થઈ ગયા હતા અને ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો. બિરસા મુંડા એરપોર્ટ પર છ ફલાઈટ રદ કરાઈ હતી. ઉત્તરાખંડમાં મૂશળધાર વરસાદના કારણે ફરી એક વખત ચારધામ યાત્રા સસ્પેન્ડ કરાઈ હતી.

અર્નબ વાવાઝોડું આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠા પર ત્રાટક્યા પછી શનિવારે છેક ઉત્તર પ્રદેશ સુધી તેની અસર જોવા મળી હતી. ઉત્તર પ્રદેશમાં મૂશળધાર વરસાદ ખાબક્યો હતો અને તોફાની પવન ફૂંકાયો હતો. અલગ અલગ જિલ્લાઓમાં વૃક્ષો, કાચી દિવાલો અને મકાન પડવાની ઘટનાઓમાં ૪૨ લોકોનાં મોત નીપજ્યાં હતા. અવધ ક્ષેત્રમાં ૨૩ લોકોએ જીવ ગુમાવ્યા હતા જ્યારે બુંદેલખંડ અને મધ્ય ઉત્તર પ્રદેશમાં આઠ લોકો માર્યા ગયા હોવાના અહેવાલ છે.

ઉત્તર પ્રદેશના ૬૩ જિલ્લાઓમાં સામાન્યથી વધુ વરસાદ ખાબક્યો હતો. કેટલાક જિલ્લામાં ફ્લેશ ફ્લડનું જોખમ સર્જાયું હતું. મૂશળધાર વરસાદ, વાવાઝોડાં અને તિવ્ર પવન ફુંકાવાના કારણે ગ્રામીણ વિસ્તારોમાં ઊભા પાકને નુકસાન થયું હતું જ્યારે રાજ્યમાં કુલ ૧૦૦થી વધુ ઘરોને નુકસાન થયું હતું. ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં સામાન્ય કરતાં ૧૯ ઘણો વધુ વરસાદ નોંધાયો હતો.

લખનઉમાં ૨૧ કલાકમાં ૧૨૫.૮ મીમી વરસાદ ખાબક્યો હતો. ફરૂખાબાદમાં સામાન્ય કરતાં ૨૦૦ ગણો, કાનપુર નગરમાં ૧૬૦ ગણો અને કન્નૌજ, કાનપુર દેહાત તથા હરદોઈમાં ૧૩૦ ગણો વરસાદ પડયો હતો. ઉત્તર પ્રદેશમાં અનેક જિલ્લાની સ્કૂલો બંધ રખાઈ હતી. મેરઠથી પ્રયાગરાજને જોડતા રૂ. ૩૬૫૦૦ કરોડના ખર્ચે બનાવાયેલા ગંગા એક્સપ્રેસ વે પર ઉન્નાવ નજીક સોનિક અને બશીરતગંજ વચ્ચે લગભગ અડધો કિ.મી. સુધી ૩ ફૂટ જેટલા પાણી ભરાતા એક્સપ્રેસ વે સ્વિમિંગ પૂલ બની ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી, જેથી વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

## નેપાળમાં હિમલુંગ હિમાલ બેઝ કેમ્પ પર હિમસ્ખલન

(સંપૂર્ણ સમાચાર સેવા)

કાઠમંડુ, તા.૨૭ : નેપાળના મનાંગ જિલ્લામાં તિબેટ સરહ પાસે સ્થિત હિમલુંગ હિમાલ બેઝ કેમ્પ પર રવિવારે સવારે હિમસ્ખલન થયું હતું. જેમાં ૭૧૨૬ મીટર ઊંચા પર્વત પર ૧૦ લોકો લાપતા થઈ ગયા છે. જેમાં પર્વતારોહક સહિત સહાયક કર્મચારીઓ સામેલ છે. મિશન આયોજકોએ આ ઘટનાની પુષ્ટિ કરી છે.

એક્સપેડિશન ઓપરેટર્સ એસોસિએશન નેપાળના મહાસચિવ ઋષિ ભંડારીએ કહ્યું છે કે, આ ઘટના સત્ય છે. તેમના જણાવ્યા પ્રમાણે, બે લોકો ઈમેજિન નેપાળ પ્રાઈવેટ લિમિટેડ અને ૮ લોકો હિમાલયન હોલિડેઝ નેપાળ સાથે જોડાયેલા છે. મિશન આયોજક મિંગમા ગ્યાલ્ઝે શેરપાએ પુષ્ટિ કરી છે કે, એવલાન્ચ રવિવારે સવારે થયો હતો. જેમાં તેમના બે રસોઈયા પણ લાપતા છે.

ગત સપ્તાહે હવામાનની ચેતવણી પછી મોટાભાગની ટીમ પહાડી વિસ્તારોના ઢોળાવથી ઉતરીને સુરક્ષિત સ્થળે ખસી ગયા હતા. પરંતુ કેટલાક લોકો અકારણ પાછળ રહી ગયા હતા અને ત્યારબાદ થયેલી ભારે હિમવર્ષાને કારણે પર્વતારોહણ અટકી ગયું હતું. લાપતા લોકો અલગ અલગ મિશન કંપનીઓ સાથે જોડાયેલા છે.

નેપાળના પ્રવાસન વિભાગના મહાનિદેશક રામ કૃષ્ણ લામિછાનેએ આ મામલે જણાવ્યું હતું કે, વિભાગ નજીકથી સમગ્ર ઘટના પર નજર રાખી રહ્યું છે. અધિકારી વધુ માહિતી મેળવી રહ્યા છે અને લાપતા લોકોની શોધખોળ તેમજ રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. હિમલુંગ હિમાલ પર હેલિકોપ્ટર લઈ જવા વધારાની પરમિટની જરૂર પડી શકે છે, તેથી પહોંચવામાં મુશ્કેલી વધી શકે છે. આ શિખર પર્વતારોહકોમાં ખાસ્સું લોકપ્રિય છે.

## ગૂગલમેપ અને ટપાલમાં પણ ખાવડા ચમકશે!

(દમણગંગા ટાઈમ્સ)

વાપી, તા. ૨૭ : ગુજરાતના કચ્છમાં આવેલા વિશ્વના સૌથી મોટા ખાવડા રિન્યુએબલ એનર્જીપાર્કને હવે એક અનોખી ભૌગોલિક ઓળખ મળી છે. આ ગ્રીન એનર્જીહબ માટે ભારતીય ટપાલ વિભાગ દ્વારા એક સમર્પિત ડિલિવરી પોસ્ટ ઓફિસ સાથે નવો પોસ્ટલ ઈન્ડેક્સ નંબર ૩૭૦૨૪૬ ફાળવવામાં આવ્યો છે. આ નવો પિનકોડ ખાવડાના અભૂતપૂર્વ પરિવર્તન અને આર્થિક કેન્દ્ર તરીકે તેના વધતા મહત્વને દર્શાવે છે.

અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને અન્ય ડેવલપર્સ દ્વારા આશરે ૫૩૮ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા આ વિશાળ પાર્કનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. હાલમાં અહીં ૧૦ ગીગાવોટથી વધુ રિન્યુએબલ એનર્જી ક્ષમતા કાર્યરત થઈ ચૂકી છે, અને AGELનો લક્ષ્યાંક વર્ષ ૨૦૨૯ સુધીમાં તેને ૩૦ ગીગાવોટ સુધી પહોંચાડવાનો છે.

આ ભગીરથ વિકાસને કારણે ક્યારેક વેરાન ગણાતો કચ્છનો આ વિસ્તાર આજે એક ધમધમતા ટાઉનશિપમાં ફેરવાઈ ગયો છે. હાલમાં અહીં ૧૫,૦૦૦ થી વધુ કામદારો અને સ્ટાફ વસવાટ કરે છે.

આ વધતી વસ્તી માટે પાકા રસ્તા, ડ્રેનેજ નેટવર્ક, પાણી માટે ડિસેલિનેશન પ્લાન્ટ અને ૨૦૦ કિલોમીટરથી વધુ લાંબી ઓપ્ટિકલ ફાઈબર કનેક્ટિવિટી જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

## ભારતનું અર્થતંત્ર લગાવશે લાંબી છલાંગ : નાણામંત્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૭ : કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામણે ભારતની અર્થવ્યવસ્થાને લઈને મોટો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે ભારત ૧૦%થી વધુ આર્થિક વિકાસ દર હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. આ માટે ટેક્નોલોજી, ઈનોવેશન અને અર્થતંત્રના જુદા જુદા ક્ષેત્રોમાં નવી ટેકનોલોજીને ઝડપથી અપનાવવી જરૂરી રહેશે.

સીતારામણે કહ્યું કે, ભારતની આર્થિક ક્ષમતા વધારવામાં ટેક્નોલોજી અને ઈનોવેશનની મહત્વપૂર્ણ ભૂમિકા રહેશે. તેમણે ૨૦૧૫ પછી દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિસ્તારનો પણ ઉલ્લેખ કર્યો. તેમના મતે, નવી ટેકનોલોજીનો ઉપયોગ માત્ર IT ક્ષેત્ર પૂરતો સીમિત ન રહેવો જોઈએ, પરંતુ કૃષિ સહિતના અન્ય ક્ષેત્રોમાં પણ તેનો વિસ્તાર થવો જોઈએ. નાણાં મંત્રીએ કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીના ઉપયોગને પણ અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યો. આધુનિક ટેક્નોલોજી દ્વારા ખેતીની ઉત્પાદકતા વધારવા અને ખેડૂતોની આવક સંબંધિત તકો સુધારવાની ક્ષમતા રહેલી છે. આનાથી અર્થતંત્રના મોટા હિસ્સાને વિકાસની પ્રક્રિયા સાથે જોડવામાં મદદ મળી શકે છે.

સરકારના ફેબ્રુઆરી ૨૦૨૬ના આંકડા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ભારતનો વાસ્તવિક GDP ગ્રોથ ૭.૪% રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. જ્યારે, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં નોમિનલ GDP ગ્રોથ ૧૦% રહેવાનો અંદાજ છે. સરકારના જણાવ્યા અનુસાર, સર્વિસ સેક્ટર ૯.૧%ના દરે વધ્યું, જ્યારે મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શનમાં ૭% વૃદ્ધિનો અંદાજ હતો.

ભારતની આર્થિક વૃદ્ધિમાં ઘરેલુ માંગની મહત્વની ભૂમિકા રહી છે. FY26માં પ્રાઈવેટ ફાઈનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર (PFCE) ૭% વધવાનો અંદાજ હતો અને GDPમાં તેનો હિસ્સો ૬૧.૫% રહેવાની વાત કહેવામાં આવી હતી. સરકારના જણાવ્યા મુજબ, રોકાણ પ્રવૃત્તિઓમાં પણ મજબૂતી જળવાઈ રહી છે, અને ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ફોર્મેશન (GFCF) માં ૭.૮% વૃદ્ધિનો અંદાજ હતો. જોકે, આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે વાસ્તવિક GDP ગ્રોથનો અંદાજ ૬.૮-૭.૨% રાખવામાં આવ્યો હતો અને ભારતનો સંભવિત વિકાસ દર લગભગ ૭% આંકવામાં આવ્યો હતો. તેવામાં ૧૦%થી વધુ ગ્રોથનો લક્ષ્યાંક વર્તમાન અંદાજ કરતાં ઘણો વધારે છે. સીતારામણના નિવેદનનો મુખ્ય ફોકસ ટેક્નોલોજી અને ઈનોવેશન દ્વારા ઉત્પાદકતા વધારવા પર છે.

## દ.આફ્રિકાના બે મોટા શહેરોમાં અંધાધૂંધ ફાયરિંગ:૨૭ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)

જોહાનિસબર્ગ, તા.૨૭ : દક્ષિણ આફ્રિકામાં ભયાનક અંધાધૂંધ ગોળીબારની બે અલગ-અલગ ઘટનાઓ સામે આવતાં સમગ્ર દેશ સ્તબ્ધ થઈ ગયો છે. દેશના બે મુખ્ય શહેરો નજીક થયેલા આ ભીષણ હુમલાઓમાં અત્યાર સુધીમાં ૨૭ લોકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘવાયા છે. પોલીસના જણાવ્યા અનુસાર, શનિવારે મોડી રાત્રે જોહાનિસબર્ગના દક્ષિણ-પશ્ચિમમાં આવેલી 'વેડેલા ટાઉનશિપ'ના એક બારમાં લોકો સંગીતના તાલ પર નૃત્ય કરી રહ્યા હતા અને ડ્રિંક્સ માણી રહ્યા હતા. તે જ સમયે છદ્ભ-૪૭ રાઈફલ અને પિસ્તોલ જેવા આધુનિક શસ્ત્રોથી સજ્જ અજ્ઞાત હુમલાખોરો ત્રાટક્યા હતા અને અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ ઘટનામાં ૧૭ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ઘટનાનો ભયાનક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં ગોળીઓનો અવાજ ગૂંજતાં જ લાશોના ઢગલા થઈ ગયેલા જોવા મળે છે. બીજી લોહિયાળ ઘટના રવિવારે વહેલી સવારે આશરે ૧ વાગ્યે કેપ ટાઉન નજીક આવેલા 'લવાંડલે' વિસ્તારમાં બની હતી.

## વાપીમાં કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં મન કી બાત સાથે ટિફિન બેઠક યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** વાપી મહાનગરપાલિકા ના વોર્ડ નંબર ૮ માં આજે મંત્રી કનુભાઈ દેસાઈ ની ઉપસ્થિતિમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ તેમજ સંગઠન ના હોદ્દેદારોએ સાથે મન કી બાત કાર્યક્રમ નિહાળી ટિફિન બેઠક યોજાઈ હતી.

ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી તેમજ પારડી વિધાનસભાના ધારાસભ્ય કનુભાઈ દેસાઈ ની ઉપસ્થિતિમાં વાપી શહેર બુથ નંબર ૨૨૪ વોર્ડ નંબર ૮ ખાતે મન કી બાત કાર્યક્રમ ને તમામ ચૂંટાયેલ કોર્પોરેટ એ સાથે મળી નિહાળ્યો. સાથે ટિફિન બેઠક નું આયોજન કર્યું હતું. જેમાં સેવકોએ પોતપોતાના ઘરે થી લાવેલ ટિફિન એકબીજા સાથે શેર કરી વાતો કરતા કરતા ભોજન આરોગ્યુ.

આ પ્રસંગે નાણા અને શહેરી વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી ના અવિરત વિકાસ અને સેવા ને સંકલ્પ બનાવી તમામ પ્રતિનિધિ પોતાના મતવિસ્તાર માં પ્રજા લક્ષી કર્યો કરે એવી અપીલ કરી હતી.પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓ મનપા ના મેયર દક્ષાબેન પટેલ ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ કારોબારી અધ્યક્ષ સતિષભાઈ પટેલ વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ તેમજ તમામ ચૂંટાયેલ મહાનગરપાલિકા ના જન પ્રતિનિધિ, સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## અમિત શાહે દેશની પ્રથમ LNG સંચાલિત ટ્રેનને લીલીઝંડી આપી

**અમારા પ્રતિનિધિ તરફથી,**

**અમદાવાદ,તા.૨૭ :** ભારતીય રેલવે દ્વારા સલામતી, કાર્યક્ષમતા અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે આજે ગુજરાતના અમદાવાદ સ્થિત સાબરમતી રેલવે સ્ટેશનથી રૂ. ૧,૫૪૨ કરોડથી વધુના વિવિધ અત્યંત મહત્વપૂર્ણ રેલવે પ્રોજેક્ટ્સનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને ઉદઘાટન કર્યું હતુ અને દેશની પ્રથમ LNG-સંચાલિત ટ્રેનને લીલી ઝંડી બતાવી રવાના કરી હતી. તેમણે રેલવે લોકોમોટિવ એન્જિનોની જાળવણી માટે સ્થાપિત થઈ રહેલા WAG-12 મેન્ટેનન્સ શેડનું પણ ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને અન્ય અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.દેશમાં રેલવે ક્ષેત્રે સ્થાપિત થઈ રહેલા આત્મનિર્ભરતાના નવા આયામો અને શક્તિશાળી લોકોમોટિવ વિશે વાત કરતાં તેમણે જણાવ્યું હતું કે, એક એવું એન્જિન જે ૧૨,૦૦૦ હોર્સપાવરની ટ્વિન સેક્શન ક્ષમતા સાથે, લગભગ ૬૦૦ ટ્રક જેટલો માલસામાન આ એકલું એન્જિન ખેંચી જશે. પહેલાં બે લોકોમોટિવ લગાવવા પડતા હતા, હવે એક જ WAG-12 આ કામ કરી શકે છે. તે દેશને રેલવેના ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સ્થાને પહોંચાડશે. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીનું પરિણામ છે, જેમણે મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતનું વિઝન આપ્યું અને રેલવેએ તેને ચરિતાર્થ કર્યું છે.તેમણે કહ્યું કે રેલવે લોકોમોટિવ એન્જિનોની જાળવણી માટે અહીં રૂ. ૭૦૦ કરોડના ખર્ચે WAG-12 મેન્ટેનન્સ શેડનું નિર્માણ કરવામાં આવ્યું છે. સુરક્ષા વધારવા માટે સાબરમતી-કલોલ-સાબરમતી રેલ વિભાગ પર રૂ. ૪૮ કરોડના ખર્ચે કવચ ટ્રેન સુરક્ષા પ્રણાલી શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત, અમદાવાદ-પાલનપુર



અને અમદાવાદ-સામખીયાળી રેલ વિભાગો પર કવચ લાગુ કરવા તેમજ સાબરમતી-સરખેજ રેલવે લાઈનના બેવડીકરણનું કામ શરૂ કરવામાં આવ્યું છે.દેશની પ્રથમ એલએનજી ટ્રેનને લીલીઝંડી આપવા નિમિત્તે રેલવેના ગ્રીન એનર્જી સંકલ્પ અને ડીઝલમુક્ત ભવિષ્યની રૂપરેખા સ્પષ્ટ કરતાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે ૨૦૧૫-૧૬માં રેલવે ૨૯૩ કરોડ લીટર ડીઝલનો ઉપયોગ કરતી હતી. આ ડીઝલ વપરાશ વર્ષ ૨૦૨૪-૨૫માં ઘટીને ૧૦૮ કરોડ લીટર થઈ ગયો છે, અને ૨૦30 સુધીમાં તેને શૂન્ય (ઝીરો) કરીને આપણે ભારતનું હુંડિયામણ બચાવીશું. વિદ્યુતીકરણ ૨૦૧૦-૧૧માં વર્ષે માત્ર ૭૫ કિલોમીટર થતું હતું, જ્યારે ૨૦૨૩-૨૪માં એક જ વર્ષમાં ૭,૧૮૮ કિલોમીટર વિદ્યુતીકરણ થયું છે.

૭૫થી સીધો ૭,૦૦૦ કિલોમીટરનો કૂદકો જોવા મળ્યો છે.ગુજરાતને મળેલા રેલવે બજેટની અગાઉની સરકારો સાથે સરખામણી કરતાં અમિત શાહે કહ્યું કે હું માત્ર ગુજરાતના રેલવે બજેટની વાત કરું તો ૨૦૦૯થી ૨૦૧૪ વચ્ચે ૫ વર્ષમાં માત્ર ૫૮૯ કરોડ રૂપિયા મળ્યા હતા. જ્યારે માત્ર ૨૦૨૬-૨૭ના બજેટમાં ગુજરાતને રૂ. ૧૭,૩૬૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, પશ્ચિમ રેલવે અને અમદાવાદ ડિવિઝન માટે આ ગૌરવપૂર્ણ અવસર છે. ક્લીન અને ગ્રીન એનર્જી તરફ આ પહેલ એક મોટું કદમ સાબિત થશે,

જે ઈંધણ ખર્ચ ઘટાડવાની સાથે કાર્બન ઉત્સર્જન નિયંત્રિત કરવામાં મદદરૂપ બનશે. સરકાર 'ઈકોનોમી અને ઈકોલોજી' બંનેને સાથે લઈને ચાલી રહી છે. રેલવેમાં ૯૯ ટકા ઈલેક્ટ્રિફિકેશન, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર અને હાઈડ્રોજન ટ્રેન જેવી પહેલો રેલવેને આધુનિક અને પર્યાવરણ-અનુકૂળ બનાવી રહી છે.

**ચૂંટણી પંચ સહિતની બંધારણીય સંસ્થાઓ અંગે**

## સંઘ પ્રદેશના ભાજપ અધ્યક્ષ મહેશ અગરિયાએ કોંગ્રેસના આક્ષેપોનો વિરોધ કર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૭ :** ભાજપા જનતા પાર્ટી દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ દ્વારા સિલવાસામાં યોજાયેલી પત્રકાર પરિષદમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ મહેશ અગરિયાએ કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચ સહિતની બંધારણીય સંસ્થાઓ અંગે કરવામાં આવી રહેલા આક્ષેપોનો વિરોધ કર્યો હતો.

મહેશ અગરિયાએ જણાવ્યું હતું કે, ૨૬ સપ્ટેમ્બરે યોજાયેલી ચૂંટણી પંચની બેઠક અને ત્યારબાદ જાહેર કરાયેલા સંયુક્ત પ્રેસ નિવેદનથી સમગ્ર સ્થિતિ સ્પષ્ટ થઈ છે. તેમના જણાવ્યા મુજબ, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIR સહિતના મહત્વપૂર્ણ નિર્ણયો ત્રણેય ચૂંટણી કમિશનરોની સર્વસંમતિથી લેવામાં આવ્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચમાં મતભેદ હોવાના દાવા કરીને વિપક્ષ દ્વારા ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ ચૂંટણી પંચના સ્પષ્ટીકરણથી આ દાવાઓની વાસ્તવિકતા સામે આવી છે. ૨૪ જૂન ૨૦૨૫ના મૂળ આદેશ તેમજ વિવિધ તબક્કાની સમયસૂચિ સાથે જોડાયેલા નિર્ણયો અંગે સમગ્ર ચૂંટણી પંચની સંમતિ હોવાનું તેમણે જણાવ્યું હતું.

કેબિનેટ સચિવને લખાયેલા પત્રનો ઉલ્લેખ કરતાં અગરિયાએ જણાવ્યું હતું કે આ પત્ર કોઈ નીતિગત મુદ્દો કે SIR સાથે સંબંધિત ન હતો. તેમણે 'ધ ઈન્ડિયન એક્સપ્રેસ'માં પ્રકાશિત અહેવાલના સંદર્ભમાં પણ કહ્યું હતું કે સંબંધિત સ્પષ્ટીકરણથી તેમાં રજૂ કરવામાં આવેલા કેટલાક નિષ્કર્ષોનું ખંડન થયું છે. અધૂરી માહિતીના આધારે બંધારણીય સંસ્થાઓ વચ્ચે ટકરાવનું વાતાવરણ ઊભું કરવું યોગ્ય નથી, તેમ તેમણે જણાવ્યું હતું.ફોર્મ-૬ના ડિક્લેરેશન અંગે મહેશ અગરિયાએ જણાવ્યું હતું કે આ મુદ્દે સુપ્રીમ કોર્ટે અગાઉ જ તેની કાયદેસરતા અંગે નિર્ણય આપ્યો છે.

તેમ છતાં આ મુદ્દે વિપક્ષ દ્વારા ભ્રમ ફેલાવવામાં આવી રહ્યો હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે કોંગ્રેસને ન્યાયિક નિર્ણયો અને સત્તાવાર સ્પષ્ટીકરણોનું સન્માન કરવાની અપીલ કરી હતી.

રાહુલ ગાંધીના અગાઉના નિવેદનોનો ઉલ્લેખ કરતાં અગરિયાએ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસ નેતૃત્વ દ્વારા ચૂંટણી પંચની નિષ્પક્ષતા ઉપરાંત ન્યાયતંત્ર, CAG અને ભારતીય સશસ્ત્ર દળો સંબંધિત વિવિધ મુદ્દાઓ પર પણ અવિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રાફેલ, સર્જિકલ સ્ટ્રાઈક, બાલાકોટ એર સ્ટ્રાઈક અને તવાંગની ઘટના અંગેના નિવેદનોનો ઉલ્લેખ કરીને તેમણે કોંગ્રેસની ટીકા કરી હતી.મહેશ અગરિયાએ જણાવ્યું હતું કે લોકશાહીમાં પ્રશ્નો પૂછવાનો અને અસહમતિ વ્યક્ત કરવાનો અધિકાર દરેકને છે, પરંતુ તેની સાથે તથ્યો પ્રત્યે જવાબદારી પણ જરૂરી છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણીમાં થયેલી હાર બાદ પોતાની ખામીઓની સમીક્ષા કરવાને બદલે બંધારણીય સંસ્થાઓને જવાબદાર ઠેરવવાનું કોંગ્રેસનું વલણ બની ગયું છે.તેમણે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી નિષ્પક્ષ ચૂંટણી, બંધારણીય મર્યાદાઓ અને લોકશાહી સંસ્થાઓના સન્માન માટે પ્રતિબદ્ધ છે. કોંગ્રેસે આધારવિહોણા આક્ષેપો કરવાને બદલે તથ્ય આધારિત સંવાદ કરવો જોઈએ અને જનતાએ સત્તાવાર માહિતીના આધારે પોતાનો મત બનાવવો જોઈએ.

## વલસાડ -એન્દરગોટાથી કારમાંથી દારૂ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૭ : ?વલસાડ તા ૨૭ : વલસાડ જિલ્લા એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી વખતે મળેલી બાકીની આધારે વલસાડના અંદર ગોટા ગામ નજીક સ્વીફ્ટ કાર રોડ પર જોવા મળતા પોલીસે કારની અંદર તપાસ કરતા તેમાંથી ૨.૫૮ લાખનો દારૂ ઝડપી પાડ્યો છે.

વલસાડ જિલ્લા એલ.સી.બી. પી. આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે.બી. ધનેશા અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. ત્યારે બાતમી આધારે વલસાડ ના અંદરગોટા ગામ ના ફકીરા ફળીયા તરફ જવાના રોડ પણ પોલીસ જોતા એક લાલ કલરની મારુતિ સ્વિફ્ટ કાર નંબર જીજે ૦૫ / જે.બી.૩૯૯૩ માંથી દારુલ બિયરની બાટલી નંગ ૧૧૭૬ કિંમત રૂપિયા ૨,૫૮,૭૨૦ સ્વિફ્ટ કાર ની કિંમત ૩ લાખ મળી કુલ ૫,૫૮,૭૨૦ રૂપિયાના મુદ્દા માલ સબજે કર્યો છે પોલીસે દારૂ ભરેલી કાર મૂકી ભાગી જનાર અજાણ્યા કાર ચાલક વિરોધ ડુંગરી પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર ચાલકને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

## ગિફ્ટ સિટી 'ગુજરાત પ્રવાસન વર્ષ'નો લોગો, 'ગુજરાત ફિલ્મ શૂટિંગ પરમિશન પોર્ટલ' લોન્ચ

અમારા પ્રતિનિધિ તરફથી,

અમદાવાદ, તા.૨૭ : ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ને 'ગુજરાત પ્રવાસન વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે, ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ખાતે પ્રવાસન રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામિત, પ્રવાસન સચિવ ડૉ. કુલદીપ આર્ય, ગુજરાત પ્રવાસન નિગમના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. વિપિન ગર્ગ, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ રમેશ મેરજા સહિત વરિષ્ઠ અધિકારીઓ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ સહિત પ્રવાસન ક્ષેત્ર સાથે જોડાયેલા નાગરિકો, હોટેલિયર્સ અને ટૂર ઓપરેટર્સ ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં વિશ્વ પ્રવાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અહીં નાયબ મુખ્યમંત્રીએ મહત્વની જાહેરાત કરતા કહ્યું હતું કે, વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતી સ્પોર્ટ્સ ઈવેન્ટ હાયરોક્સનું આયોજન આગામી ૨૬મીથી ૨૮મી, નવેમ્બર દરમિયાન ગાંધીનગરમાં થશે. જેમાં ૧,૦૦૦થી વધુ વિદેશી એથલીટ્સ સહિત કુલ ૧૦,૦૦૦ જેટલા પ્રવાસીઓ ભાગ લે તેવી શક્યતાઓ છે. આ ઈવેન્ટમાં ભાગ લેનારા ખેલાડીઓ માટે સાંજે વિશેષ 'ભજન ક્લબિંગ'નું આયોજન પ્રવાસન નિગમ દ્વારા કરાશે. એવી જ રીતે, આગામી ૧૪મી, ફેબ્રુઆરીએ અમદાવાદમાં આયર્નમેન-હાફ-આયર્નમેન ઈવેન્ટનું આયોજન કરવામાં આવશે.

## સેલવાસથી ધરમપુર લઈ જવાતો દારૂ ઝડપાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** વાપી તા વલસાડ જિલ્લામાં દેશી-વિદેશી દારૂની પ્રવૃત્તિ નેસ્તનાબૂદ કરવા પોલીસની કાર્યવાહી હેઠળ નાનાપોઢા પોલીસે મોટી સફળતા મેળવી છે. પોલીસને ખાનગી બાતમી મળી હતી કે સિલ્વર કલરની મારૂતી ઈકો કાર નં. GJ-15-CJ-4370 માં સેલવાસ તરફથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી મોરખલ-વારોલી થઈ ધરમપુર તરફ લઈ જવાતો છે. બાતમીના આધારે જોગવેલ આસલુન ફળિયા પાસે વોચમાં રહેલી પોલીસે કારને રોકી તલાશી લીધી હતી.

તલાશીમાં કારના વચ્ચેના અને પાછળના સીટના ભાગે સંતાડેલી વ્હીસ્કીની ૧૩૪૪ બાટલીઓ (કિં. રૂ.૨,૬૩,૭૬૦) મળી આવી હતી. પોલીસે કાર (કિં. રૂ.૨,૫૦,૦૦૦), દારૂનો જથ્થો અને બે મોબાઈલ (કિં. રૂ.૫,૫૦૦) મળી કુલ રૂ.૫,૧૯,૨૬૦ નો પ્રોહી મુદ્દામાલ કબ્જે કરી બે ઈસમોની ધરપકડ કરી છે.

પકડાયેલા આરોપીઓમાં કાર ચાલક નિલેશભાઈ મુકેશભાઈ નાયકા પટેલ (ઉં.૨૮, રહે.ખરુડી, તા.ખેરગામ, જિ.નવસારી) અને ગૌરાંગભાઈ શાંતિલાલ પટેલ (ઉં.૪૦, રહે.વાલોડ ફળિયા, ધરમપુર) નો સમાવેશ થાય છે.

## પારડી પોલીસને બાઈક ચોરીનો ગુનો ઉકેલ્યો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** પારડીમાં બનેલી વાહન ચોરીની ઘટનામાં પારડી પોલીસને સફળતા મળી છે. પારડી નેશનલ હાઈવે નં. ૪૮ પર આવેલા મેટ્રો ગેરેજ સામેના ઘર આંગણે પાર્ક કરેલ બાઈક ચોરીમાં અગાઉ એક આરોપી નરેશ ઉર્ફે નરીયો ગોહાયડાભાઈ ટોકરીયા રહે. મધ્ય-દેશ ઝડપાયો હતો. જયારે આ વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલ આરોપી ચંદુ પ્રેમજા તોમર વાહન ચોરી કર્યા બાદ પોતાના વતન અલીરાજપુર મધ્ય -દેશ ખાતે ભાગી ગયો હતો. આ અંગે પારડી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. દિનેશભાઈ પટેલ અને ચંદુભાઈ સુરપાલ નાઓએ ખાનગી બાતમીદારો અને ટેકનિકલ એનાલિસિસની મદદથી આરોપીનું લોકેશન ટ્રેસ કર્યું હતું. આ દરમિયાન, આરોપી ફરી પારડી આવનાર હોવાની ચોક્કસ અને સચોટ બાતમી મળતા જ પારડી પોલીસે વોચ ગોઠવી હતી. ]

પારડી કોલેજ રોડ પાસેથી પોલીસે આરોપી ચંદુ તોમરને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારબાદ આરોપીને નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા, કોર્ટે તેને નવસારી જેલ ખાતે મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

## નંદાવલાના સરપંચને હોદ્દા પરથી દૂર કરવાના DDOના હુકમ સામે સ્ટે

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ તાલુકાના નંદાવલા ગ્રામ પંચાયતના સરપંચ ને હોદ્દા પરથી દૂર કરવા અંગે જિલ્લા વિકાસ અધિકારી વલસાડ દ્વારા કરવામાં આવેલા હુકમ સામે ગાંધીનગર સ્થિત અધિક વિકાસ કમિશનરે સ્ટે ફરમાવ્યો છે. આ સાથે જ સરપંચ પક્ષે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પણ કેવિયેટ દાખલ કરી છે. વલસાડ તાલુકા ના નંદાવલા ગામના મેહુલભાઈ નાથુભાઈ પટેલ દ્વારા ડીડીઓને અરજી કરી આક્ષેપ કરવામાં આવ્યો હતો કે સરપંચ અજય પટેલે સરકારી પડતર જમીન પર ફેબ્રિકેશનની દુકાન બનાવી દબાણ કર્યું છે. આ મામલે તાલુકા વિકાસ અધિકારીના તપાસ અહેવાલના આધારે વલસાડ ડીડીઓ દ્વારા ગત તા. ૦૫/૦૯/૨૦૨૬ના રોજ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) હેઠળ સરપંચ અજયભાઈ પટેલને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરાયો હતો. વલસાડ ડીડીઓના આ એકતરફી હુકમ સામે સરપંચ અજયભાઈ પટેલે એડવોકેટ મારફતે ગાંધીનગર અધિક વિકાસ કમિશનર સમક્ષ કલમ-૫૭(૩) હેઠળ અપીલ દાખલ કરી હતી. સુનાવણી દરમિયાન સરપંચના વકીલ દ્વારા ધારદાર રજૂઆત કરવામાં આવી હતી કે, ઉક્ત મિલકત વર્ષ ૨૦૧૬-૧૭થી આકારણી પત્રકમાં નોંધાયેલી છે અને તેઓ સરપંચ તરીકે ચૂંટાયા તે પહેલાંની છે. વધુમાં, નોટિસ મળ્યા પહેલાં જ તે જગ્યા સ્વેચ્છાએ ખાલી કરી દેવામાં આવી હોવાથી હાલ સ્થળ પર કોઈ દબાણ નથી. આ ઉપરાંત ડીડીઓ દ્વારા કારણદર્શક નોટિસ સાથે તપાસ અહેવાલની નકલ પણ આપવામાં આવી ન હતી, જેથી કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થયું છે.

બંને પક્ષોની દલીલો અને દસ્તાવેજો ધ્યાને લીધા બાદ અધિક વિકાસ કમિશનર ડૉ. ગૌરવ દહિયા એ પ્રાથમિક તબક્કે વલસાડ ડીડીઓના આદેશ પર તત્પૂરતો મનાઈ હુકમ (સ્ટે) ફરમાવતો આદેશ કર્યો છે. આ રાહત મળતાં જ સરપંચ જૂથમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. બીજી તરફ, સામાપક્ષ દ્વારા કોઈ એકતરફી કાનૂની પગલું ન ભરાય તે હેતુથી સરપંચ અજયભાઈ પટેલ દ્વારા નામદાર હાઈકોર્ટમાં કેવિયેટ પણ દાખલ કરી દેવામાં આવી છે.

### જાહેર નોટિસ

આ જાહેર નોટિસ થી લાગતા વળગતા તમામ સર્વે જાહેર આલમ ને જાણ કરવાની કે:
મોજે વાપી નગરપાલીકા, તા. વાપી, જી. વલસાડ માં આવેલી બીનખેતી ની જમીન જેનો સીટી સર્વે નં. ૧૩૪૨ તથા ૧૩૫૨ છે. જેનું કુલ ક્ષેત્રફળ ૯૨૧.૮૩ ચો.મી છે. આ મીલકત મે. નંદીની ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી ના અધિકૃત ભાગીદારો (૧) અનીરૂધ્ધ કે.ડાંગર તથા (૨) દિપક કે. સૌમેયા ના નામે સરકારી રેકર્ડ દફતર ચાલી આવે છે. તેઓ એ સદરહુ જમીન પર 'ગૌરી એન્કલેવ' નામથી ઓળખાતા રહેઠાણ ના ફલેટો તથા દુકાનો વાળા બીલ્ડીંગ નું બાંધકામ કરેલુ છે. આ બીલ્ડીંગ માં બાંધવામાં આવેલા ફલેટો પૈકી ચોથા માળે આવેલ ફલેટ નં. ૪૦૨ વાળી મીલકત જેનું સુપર બિલ્ટ અપ ક્ષેત્રફળ ૧૩૧૦.૦૦ ચો.ફુટ તથા તે સાથે લાગુ ટેરેસ જેનું ક્ષેત્રફળ ૧૫૭૫.૦૦ ચો.ફુટ છે. તે ફલેટ વાળી મીલકત મારા અસીલો વેચાણ થી લેવાના છે.

આ મિલકત બાબત કોઈ પણ વ્યકતિ કે સંસ્થા કે અન્ય કોઈ ને પણ કોઈ પણ પ્રકાર નો લાગ ભાગ કે હક, હીત કે બોજો હોય તેઓ એ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન ૧૫ (પંદર) માં, હું નીચે સહી કરનાર ને પોતાના વાંધા વિરોધ યોગ્ય પુરાવા સહિત લેખીત માં રજુ કરવાના રહેશે. સદરહુ મુદત માં જો કોઈ પણ વ્યકતિ કે સંસ્થા કે અન્ય કોઈ નો પણ કોઈ પણ પ્રકાર નો વાંધો વિરોષ આવશે નહી તો આ મુદત પુરી થયા બાદ કોઈ ને પણ કોઈ પણ પ્રકાર નો વાંધો વિરોધ નથી અથવા જો હોય તો તેવો વાંધો વિરોધ છોડી દેવામાં આવ્યો છે. તેવું સમજી લેવામાં આવશે તથા ત્યારબાદ મારા અસીલ ઉપરોકત મિલકત નો કાયદેસર રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈ પણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતાએ આથી નોંધ લેવાની રહેશે.

મોબાઈલ : 098251 55440
ઓફિસ નં. 23/24, પહેલા માળે,
તુલશી દર્શન બિલ્ડીંગ, જનસેવા હોસ્પીટલ પાસે,
વાપી ટાઉન, તા. વાપી, જી. વલસાડ

સહિ/-
વિરેન્દ્ર એમ. વશી
એડવોકેટ એન્ડ નોટરી

### જાહેર નોટિસ (બેદખલ કર્યા અંગેની નોટિસ)

આ જાહેર નોટિસ દ્વારા લાગતા-વળગતા તમામ લોકોને તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમે નીચે સહી કરનાર ગોર વિનોદભાઈ હરિભાઈ તથા ગોર ગુણવંતિબેન વિનોદભાઈ (હાલ રહેવાસી ફ્લેટ નં.સી-૩૦૬, સાંઈ લીલા એપાર્ટમેન્ટ, રામવાડી, ગુંજન, વાપી) આથી લેખિતમાં જાહેર કરીએ છીએ કે :

અમારો દીકરો ગોર પ્રેમકુમાર વિનોદભાઈ અમારા તેમજ અમારા કુટુંબીજનોના કહ્યામાં નથી. તે પોતાની મનમાની કરે છે અને વારંવાર કુટુંબ પરિવારને નુકશાનકારક અને અસામાજીક પ્રવૃત્તિઓ કરી પરિવારની શાંતિ, પ્રતિષ્ઠા અને સલામતીને જોખમમાં મૂકે છે.

તેની આવી વારંવારની ગેરવર્તણૂક અને અયોગ્ય પ્રવૃત્તિઓથી ત્રસ્ત થઈને, અમે અમારા પુત્ર ગોર પ્રેમકુમાર વિનોદભાઈ સાથેના તમામ કૌટુંબિક, સામાજીક અને આર્થિક સબંધો આજ રોજથી કાયમ માટે તોડી નાખીએ છીએ. અમે તેને અમારી તમામ જંગમ અને સ્થાવર મિલકતોમાંથી બેદખલ કરીએ છીએ.

હવે પછીથી ગોર પ્રેમકુમાર વિનોદભાઈ સાથે કોઈપણ વ્યક્તિ, પેઢી, બેંક કે સંસ્થાએ કોઈપણ પ્રકારનો આર્થિક કે અન્ય કોઈ વ્યવહાર કરવો નહીં. જો કોઈ વ્યક્તિ કે સંસ્થા તેની સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે, તો તે પોતાના અંગત જોખમે અને જવાબદારીએ કરશે. ભવિષ્યમાં તેના દ્વારા કરવામાં આવતા કોઈપણ કૃત્ય, આર્થિક લેવડ-દેવડ, કરજ (દેવું) કે કાનૂની ગુના માટે અમે કે અમારા પરિવારના અન્ય સભ્યો (અમારી દીકરી શ્રેયા સહિત) કોઈપણ રીતે જવાબદાર રહીશું નહીં, જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

**તારીખ : ૨૬/૦૯/૨૦૨૬** **લિ. (સહી)**
**સ્થળ : વાપી**
**૧. ગોર વિનોદભાઈ હરિભાઈ (પિતા)**
**૨. ગોર ગુણવંતિબેન વિનોદભાઈ (માતા)**












દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Monday 28, September 2026

# દમણગંગા ટાઇમ્સ




વાપીની દીકરી ધૃતિ કૃણાલ દેઢિયાએ બેડમિંટનમાં ગુજરાત સ્ટેટ લેવલે સિંગલ્સ અને ડબલ્સ બંને કેટેગરીની સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાત સ્ટેટ લેવલે ત્રીજા નંબરે વિજેતા બની સમગ્ર વાપી અને વલસાડ જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

### ખારવેલમાં યોજાયેલી કીસાન અધિકાર યાત્રામાં માજી ધારાસભ્યનો ઉવાચ

## ખેડૂતોના પડતર પ્રશ્નો સરકાર સમક્ષ પહોંચાડી નિરાકરણ કરાશે : કિશન પટેલ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૭ :** વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ અને વલસાડ જિલ્લા કિસાન સેલ કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત કિસાન અધિકાર યાત્રા અંતર્ગત ધરમપુર તાલુકાના ખારવેલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ બાદ કિસાન અધિકાર યાત્રા બારસોલ તરફ પ્રયાણ કરી હતી. કોંગ્રેસ દ્વારા જણાવ્યા મુજબ, તા. ૧૦ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન આ યાત્રા વલસાડ જિલ્લાના વિવિધ ગામોમાં ફરી ખેડૂતો અને ગ્રામજનોના પ્રશ્નો તથા રજૂઆતોને વાચા આપશે.

આ પ્રસંગે વલસાડ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશનભાઈ પટેલે જણાવ્યું હતું કે યાત્રા દરમિયાન ગામેગામ ખેડૂતો અને ગ્રામજનોની રજૂઆતો સાંભળી તેમના પ્રશ્નોને સંકલિત કરવામાં આવશે અને સંબંધિત પ્રશ્નો સરકાર તથા તંત્ર સમક્ષ રજૂ કરવામાં આવશે. ખેડૂતોના પ્રશ્નો અંગે સતત રજૂઆત કરી તેમના નિરાકરણ માટે પ્રયાસ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. કિશનભાઈ પટેલે ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં વન અધિકાર કાયદા હેઠળ વર્ષોથી પેન્ડિંગ દાવાઓ, સરકારી પડતર જમીનના પ્રશ્નો અને જમીનની માપણીમાં થયેલી ભૂલો જેવા મુદ્દાઓ ઉકેલવાની જરૂરિયાત અંગે વાત કરી હતી. સાથે જ ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળે, ન્યૂનતમ ટેકાના ભાવ (MSP)નો લાભ મળે, ઉત્પાદન ખર્ચમાં વધારાની અસર ઓછી થાય તથા પાક વીમા અને કમોસમી વરસાદથી થતા નુકસાનના પ્રશ્નો ખેડૂતોને સમયસર સહાય મળે તે અંગે સરકારનું ધ્યાન દોરવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ રાજેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય હિનાબેન દીવા, તાલુકા મહામંત્રી મુફિદ પઠાણ, વલસાડથી પધારેલા ધર્મેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા દેવુભાઈ મોકાશી, પૂર્વ તાલુકા પ્રમુખ સુરેશભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, તાલુકા પંચાયતના સભ્ય ઈલેશ સુરતી, નરેશભાઈ ચૌધરી સહિત કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## વાપી ગીતાનગરથી કોઈ બાઈકની ઉઠાંતરી કરી ગયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૭ :** વાપીના ગીતાનગર ભીખી માતા મંદિર આગળ પાર્ક કરેલી બજાજ પલ્સર N-૧૬૦ મોટરસાયકલની ચોરી થતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી મયુરભાઈ ઈશ્વરભાઈ પટેલ (ઉં.૨૨, રહે. ગીતાનગર, વાપી) એ જણાવ્યું હતું કે તેઓ વાપી વિસ્તારમાં ડેકોરેશનનું કામ કરે છે અને રોજિંદા અવરજવર માટે સને-૨૦૨૨માં ખરીદેલી બ્લેક કલરની પલ્સર N-૧૬૦ (નં. GJ-15-EM-૧૧૯૧, કિં. રૂ.૩,૩૦,૦૦૦) વાપરતા હતા. ગઈ તા.૧૭/૦૯/૨૦૨૬ના રોજ રાત્રે તેઓ બાઈકને ગીતાનગરમાં સુર્યદિપ રેસીડન્સી પાસે પાર્ક કરી સ્ટેરીંગ લોક મારી ઘરે સુવા ગયા હતાં. બીજા દિવસે તા.૧૮/૦૯/૨૦૨૬ના સવારે જોતા બાઈક ગાયબ હતી. આજુબાજુમાં તપાસ કરવા છતાં મળી ન આવતા અજાણ્યા ચોર ઈસમે સ્ટેરીંગ લોક તોડી કે ડુપ્લીકેટ ચાવીથી ચોરી કરી હોવાનું જણાવી ઓનલાઈન E-FIR કરાવી છે.

## દમણમાં રીક્ષા ચાલક પાસે લાંચ લેવાના કેસમાં બે કોન્સ્ટેબલ સસ્પેન્ડ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૭ :** ભ્રષ્ટાચાર, ધાકધમકી અને પદના દુરુપયોગ સામે કડક કાર્યવાહી કરતા, દમણ પોલીસે બે પોલીસ કોન્સ્ટેબલ, દીપક થોરાટ અને હિતેશ પરીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. તેમની સામે ભારતીય દંડ સંહિતા (IPC)ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

પોલીસના એક નિવેદન અનુસાર, ૨૪ અને ૨૫ સપ્ટેમ્બરની રાત્રે ભેંસલોરની સુજલ કંપની પાસે એક ઓટોરિક્ષા ચાલક પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. ખોટા કેસોમાં ફસાવવાની ધમકી આપીને તેને ૨,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવા માટે પણ દબાણ કરવામાં આવ્યું હતું.

આ કેસની તપાસ દમણના એસડીપીઓ આદર્શ પાટિલ, આઈપીએસના નિર્દેશન હેઠળ કરવામાં આવી હતી. તપાસ બાદ, નાની દમણ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નંબર ૦૦૨૩/૨૦૨૬ નોંધવામાં આવી હતી. આઈપીસીની કલમ ૧૧૫(૨), ૩૦૮, ૧૧૯(૧), અને ૩(૫) હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. નાની દમણ પોલીસ સ્ટેશનમાં તૈનાત પોલીસ કોન્સ્ટેબલ દીપક થોરાટ અને પોલીસ કોન્સ્ટેબલ હિતેશ પરીને વિભાગીય અને ફોજદારી તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ કેસમાં વાપીના કુંતા સ્થિત સડક ફળિયાના રહેવાસી કરણ ગુગાભાઈ ભરવાડનું પણ નામ આપવામાં આવ્યું છે. આ મામલે આગળની કાનૂની કાર્યવાહી ચાલુ છે.

### માતા સામે અશ્લીલ ઈશારા કરનારને ઠપકો આપતા

## ગણદેવીમાં પુત્ર-ભાભી પર હુમલો : ચાર શખ્સો સામે ગુનો નોંધાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૨૭ :** ગણદેવીમાં ગણેશ વિસર્જન દરમિયાન એક મહિલાને અશ્લીલ ઈશારા કરનાર યુવકને ઠપકો આપવા જતા તેના પુત્ર અને વચ્ચે પડેલી ભાભી પર ચાર શખ્સોએ હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી છે.

ગણદેવી કસ્બાવાડી નિશાળ ફળિયામાં રહેતા જૈનીશ ધીરુભાઈ પટેલ (૨૧) શુક્રવારે સાંજે મિત્ર ધ્રુવ હળપતિ સાથે બાઈક પર ગણપતિ વિસર્જન જોવા ગયા હતાં. પરત ફરી વેળા કસ્બાવાડીમાં દેસાઈની વાડી પાસેથી જૈનીશની માતા જશુબેન પગપાળા પસાર થઈ રહ્યા હતાં. ત્યારે વિરલ સુમનભાઈ નાયકા નામના યુવકે જશુબેન તરફ અશ્લીલ ઈશારા કર્યા હોવાનું જણાવતા જૈનીશે બાઈક ઊભી રાખી વિરલ નાયકાને ઠપકો આપી સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. આથી ઉશ્કેરાયેલા વિરલે જૈનીશનું ગળું પકડી તેને નીચે પાડી દીધો હતો. ત્યારબાદ જીમીત સંજયભાઈ નાયકા, કેતનભાઈ અરવિંદભાઈ નાયકા અને ભાર્ગવભાઈ વિનોદભાઈ નાયકા પણ ત્યાં આવી પહોંચ્યા હતાં. ફરિયાદ મુજબ, ચારેયે ભેગા મળી જૈનીશને મારમાર્યો જૈનીશને બચાવવા તેના ભાભી પ્રિયાબેન વચ્ચે પડતાં કેતન નાયકાએ હાથમાં પહેરેલા કડાથી તેમના કપાળના ભાગે ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ બાદ બંને પક્ષો વચ્ચે સમાધાન થયું હતું. દરમ્યાન મોડી રાત્રે જૈનીશને માથામાં અસહ્ય દુખાવો થતાં તેને સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે જૈનીશ પટેલની ફરિયાદના આધારે ગણદેવી પોલીસે વિરલ સુમનભાઈ નાયકા, જીમીત સંજયભાઈ નાયકા, કેતનભાઈ અરવિંદભાઈ નાયકા અને ભાર્ગવભાઈ વિનોદભાઈ નાયકા તમામ રહે. કસ્બાવાડી, નિશાળ ફળીયા, ગણદેવી સામે ગુનો નોંધી વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જયેશ પટેલ એ હાથ ધરી છે.

## દમણમાં ત્રણ સ્થળેથી દારૂ સાથે ૬૮ લાખનો માલ જપ્ત

**દમણ, તા.૨૭ :** દમણ પોલીસે ગેરકાયદેસર દારૂના કબજા, સંગ્રહ અને આંતરરાજ્ય દાણચોરી સામે લાલ આંખ કરી છે.

પોલીસે ૨૬ સપ્ટેમ્બર બાતમી આધારે, કાચીગાંવ ચાર રસ્તાના ચંદન કોમ્પ્લેક્સ ખાતે એક દારૂના સ્ટોલ પર દરોડો પાડી પાર્ક કરેલી ક્રેટા કારમાંથી દારૂ અને બીયર મળી આવ્યા હતાં. સ્ટોલમાં મોટી માત્રામાં ગેરકાયદેસર દારૂ પણ સંગ્રહિત મળી આવ્યો હતો. પોલીસે કુલ ૨૨,૪૮૮ બોટલ/ટીન જપ્ત કરી હતી, જેની અંદાજિત કિંમત રૂા.૧૭.૨૮ લાખ છે. અંદાજે રૂા.૧૩ લાખની કિંમતની હ્યુન્ડાઇ ક્રેટા પણ જપ્ત કરવામાં આવી હતી. તે જ સમયે, ડાભેલ પોલીસ સ્ટેશનની એક ટીમ પેટ્રોલિંગમાં હતી. અઠિયાવાડ ચોકડી પાસે પાર્ક કરેલી ટોયોટા રુમિયન અને મારુતિ સુઝુકી એર્ટિગાની તલાશી દરમિયાન, બંને વાહનોમાંથી દારૂના ૧૨ કારટન મળી આવ્યા. દારૂની અંદાજિત કિંમત રૂા.૫૧,૭૫૦ છે. પોલીસે બંને વાહનો પણ જપ્ત કર્યા છે.

ત્રીજું ઓપરેશન કડાયા કોસ્ટલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પટાલિયા ચેકપોસ્ટ પાસે થયું. પેટ્રોલિંગ દરમિયાન, એક શંકાસ્પદ વ્યક્તિની બેગમાંથી દારૂની બોટલો મળી આવી. પોલીસે દારૂના બે કારટન, જેની અંદાજિત કિંમત રૂા.૬,૯૬૦ છે, અને એક એક્સેસ મોપેડ જપ્ત કરી.

પોલીસના જણાવ્યા અનુસાર, ૧૯ સપ્ટેમ્બરથી કુલ રૂા.૨૮.૫૬ લાખનો દારૂ અને બિયર જપ્ત કરવામાં આવ્યો છે. ૪ ટુ-વ્હીલર અને ૫ ફોર-વ્હીલર સહિત કુલ ૯ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે, જેની અંદાજિત કિંમત રૂા. ૪૦.૨૨ લાખ છે. આ સાથે કુલ જપ્તીનો આંકડો રૂા.૬૮.૭૮ લાખ થયો છે.

## કછોલીમાં જૂની અદાવતમાં યુવક પર ચપ્પુથી હુમલો : ચાર સામે ફરિયાદ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૨૬ :** કછોલી ગામે જૂની અદાવતને લઈને ૧૮ વર્ષીય યુવક પર ચાર શખ્સોએ ભેગા મળી માર મારી ચપ્પુ વડે હુમલો કરતાં ચકચાર મચી ગઈ હતી. ગણદેવીનાં કછોલી ગામના આશ્રમ ફળિયામાં રહેતો રાહુલ વિજયભાઈ હળપતિ (૧૮) શુક્રવારે સાંજે આશરે છ વાગ્યાના અરસામાં ફળિયામાં દુકાને ઠંડુ પીણું લેવા ગયો હતો. ત્યાં તેનો મિત્ર જગદીશ ઉર્ફે પેટી હાજર હતો. રાહુલે તેની સાથે વાતચીત દરમિયાન 'ડીજેમાં નાચવા નથી જવાનો?' તેમ પૂછતાં ત્યાં હાજર સમથ ભીખુભાઈ હળપતિ ઉશ્કેરાઈ ગયો હતો અને રાહુલ સાથે ગાળાગાળી કરી તેને ત્યાંથી જતો રહેવા જણાવ્યું હતું.

આ દરમિયાન સમથ ભીખુભાઈ, હીમેશ ઉર્ફે ગુજુ હળપતિ તથા જતીન જીતુભાઈ હળપતિએ રાહુલને પકડી માર માર્યા બાદ આર્યન ઉકાભાઈ હળપતિએ ચપ્પુ વડે રાહુલ પર હુમલો કર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા રાહુલને લોકોએ ૧૦૮માં નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

આ બનાવ અંગે રાહુલ હળપતિની ફરિયાદના આધારે ગણદેવી પોલીસે સમથ ભીખુભાઈ હળપતિ, આર્યન ઉકાભાઈ હળપતિ, જતીન જીતુભાઈ હળપતિ અને હીમેશ ઉર્ફે ગુજુ હળપતિ તમામ રહે. ચુમ્માલિશ ફળીયા, કછોલી સામે ગુનો નોંધી ધરપકડ નાં ચક્રો ગતિમાન કર્યા છે. વધુ તપાસ ગણદેવી પીએસઆઈ કે આર નાયકા કરી રહ્યા છે.

## વલસાડમાં ગણેશ વિસર્જન બાદ યુવક પર બે નો હુમલો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા ૨૭ :** વલસાડ શહેરના નાની ખત્રીવાડ વિસ્તારમાં જી.વી.ડી. સ્કૂલ પાસે જમીન બાબતની જૂની અદાવત રાખી બે શખ્સોએ એક યુવક પર હુમલો કરી માર માર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. ઈજાગ્રસ્ત યુવકને મોઢા, આંખ અને માથાના ભાગે ઈજાઓ થતાં તેને સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે.

વલસાડના કોસંબા નવી ભાવડી, કૃષ્ણ ફળિયા ખાતે રહેતા અને મર્ચન્ટ નેવીમાં નોકરી કરતા ૨૫ વર્ષીય ચિરાગભાઈ યશવંતભાઈ ટંડેલ ગત ૨૫ સપ્ટેમ્બરના રોજ રાત્રે ગણપતિ વિસર્જન જોવા ગયા હતા. તેમણે પોતાની ડીઓ મોપેડ જી.વી.ડી. સ્કૂલ પાસેની ગલીમાં પાર્ક કરી હતી. વિસર્જન પૂરું થયા બાદ તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ મોડી રાત્રે આશરે ૧:૨૦ વાગ્યે તેઓ પોતાની મોપેડ લઈને ઘરે જવા નીકળ્યા હતાં. તે દરમ્યાન કોસંબા તુલસીવાડમાં રહેતા ભાવિક ભગવાન ટંડેલ અને રોબિન ભગવાન ટંડેલ ચેતક બાઈક લઈને ત્યાં આવી પહોંચ્યા હતાં અને ચિરાગભાઈની ગાડી આગળ ઊભી રાખી દીધી હતી. બંને શખ્સોએ જમીન બાબતના જૂના ઝઘડાની અદાવત રાખી ચિરાગભાઈ સાથે ગાળાગાળી શરૂ કરી દીધી હતી. ત્યારબાદ ઉશ્કેરાઈ જઈને રોબિને પકડી રાખતા ભાવિકે હાથની મુક્કીઓથી ચિરાગભાઈને મોઢા, હોઠ, આંખ અને માથાના ભાગે માર માર્યો હતો.

હુમલા દરમિયાન આસપાસના લોકો એકઠા થઈ જતાં આરોપીઓએ માર મારવાનું બંધ કર્યું હતું અને તું જ્યાં મળશે ત્યાં તને મારી નાખીશું તેવી ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત ચિરાગભાઈ પોતાની ગાડી લઈને ત્યાંથી નીકળી ગયા હતા અને ત્યારબાદ ૧૧૨ નંબર પર જાણ કરી વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ થયા હતાં.

હોસ્પિટલમાં સારવાર લેતા ચિરાગભાઈ એ ફરિયાદ નોંધાવતા પોલીસે ભાવિક ભગવાન ટંડેલ અને રોબિન ભગવાન ટંડેલ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બરૂમાળમાં બુલેટ સાથે પટકાતા યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૭ :** ધરમપુર તાલુકાના બરૂમાળ ગામે ૨૬ સપ્ટેમ્બરની મોડી રાત્રે બુલેટ અકસ્માતમાં ૨૪ વર્ષીય યુવકનું મોત થયું હતું. કુરગામના પ્રતિક અનિલભાઈ ભુસારા બુલેટ નં. GJ-15-DB-5280 પર દિક્ષિતભાઈ ભુસારાને પાછળ બેસાડી બિલપુડીથી આવધા તરફ જઈ રહ્યા હતાં.

બુલેટનો કાબૂ ગુમાવતા રોડની બાજુના ગામના બોર્ડ અને લોખંડના એંગલ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં પાછળ બેઠેલા દિક્ષિતભાઈનેસામાન્ય ઈજા થઈ હતી, જ્યારે બુલેટચાલક પ્રતિકભાઈને ગંભીર ઈજાઓ થતાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યુંહતું. બનાવ અંગે મૃતકના પિતા અનિલભાઈ કીકુભાઈ ભુસારાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## મલિયાધરાથી જુગાર રમતા આઠ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૭ :** ચીખલી તાલુકાના મલિયાધરા ગામેથી ચીખલી પોલીસે તીન પત્તીનો હાર જીતનો જુગાર રમતા આઠ જુગારીને ઝડપી પાડી રોકડા રૂપિયા મોબાઈલ મળી કુલ રૂપિયા ૯૧.૨૯૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. જ્યારે ત્રણ જુગારી પોલીસની રેડ જોઈને ભાગી જવામાં સફળ રહ્યા હતાં.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના મલિયાધરા ગામ ભુરી ફળિયા ખાતે આવેલ રાજેશ રમણ પટેલના ખેતર પાસે ખુલ્લી જગ્યામાં સાંજના સમયે ગોળ કુંડાળું વળીને તીન પત્તીનો હારજીતનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ચીખલી પોલીસને મળતા ચીખલી પોલીસે ઘટના સ્થળે જઈ રેડ પાડતા આઠ જુગારીઓને રંગે હાથ ઝડપી પાડ્યા હતાં. પોલીસે દાવ ઉપર મુકેલા રોકડા રૂપિયા ૬.૧૪૦ તથા પકડાયેલ જુગારીઓની અંગ ઝડતી કરતા મળી આવેલ રોકડા રૂપિયા ૧૪.૬૫૦ મળી કુલ રૂપિયા ૨૦.૭૯૦ તથા તથા છ નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫૦.૫૦૦ તથા જુગારવાળી જગ્યાએથી અન્ય એક મોબાઈલ જેની કિંમત રૂપિયા ૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૯૧.૨૯૦નો મુદ્દામાલ પકડી પાડી ૮ જુગારીયા સામે જુગાર ધારાની કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે જ્યારે સ્થળ ઉપરથી ત્રણ જુગારીઓ ભાગી જવામાં સફળ રહ્યા હતા જેને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

## ત્રણ લાખના લાંચમાં ઉદવાડાના સરપંચ-ઉપસરપંચ સસ્પેન્ડ

**વાપી, તા.૨૭ :** પારડી તાલુકાની ઉદવાડા ગ્રામ પંચાયત સાથે સંકળાયેલા ત્રણ લાખ રૂપિયાની લાંચના આક્ષેપના કેસમાં વલસાડ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગ્રામ પંચાયતના સરપંચ ધર્મેશ પટેલ અને ઉપસરપંચ સરોસ ઈરાનીને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. તપાસ કમિટીના અહેવાલને આધારે આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ, ઉદવાડા ગ્રામ પંચાયત વિસ્તારમાં રહેતા એક જાગૃત નાગરિકની જમીન અંગેની એન્ટ્રી કરવાના મુદ્દે ગ્રામ પંચાયતના સરપંચ, ઉપસરપંચ તથા એક સભ્ય દ્વારા કથિત રીતે ત્રણ લાખ રૂપિયાની માંગ કરવામાં આવી હોવાની ફરિયાદ વલસાડ એસીબી સમક્ષ કરવામાં આવી હતી.

આ ફરિયાદના અનુસંધાને એસીબી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે પ્રકરણમાં ઉપસરપંચ સરોસ ઈરાની તથા ગ્રામ પંચાયતના મહિલા સભ્ય ધર્મિષ્ઠા પટેલની અટકાયત કરવામાં આવી આવી હતી. જ્યારે ઉદવાડા ગ્રામ પંચાયતના સરપંચ તથા પારડી તાલુકા સરપંચ સંઘના પ્રમુખ ધર્મેશ પટેલ એસીબીનીની કાર્યવાહી બાદ ફરાર હોવાનું અને તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું.

આ સમગ્ર પ્રકરણને પગલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તપાસ કમિટી નીમવામાં આવી હતી. તપાસ કમિટીના અહેવાલને આધારે ગત શુક્રવારે સરપંચ ધર્મેશ પટેલ અને ઉપસરપંચ સરોસ ઈરાનીને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. ઉદવાડા ગ્રામ પંચાયતના સરપંચ અને ઉપસરપંચ સામે થયેલી આ કાર્યવાહી બાદ સમગ્ર પારડી તાલુકા તેમજ વલસાડ જિલ્લા વિસ્તારમાં આ પ્રકરણ ચર્ચાનો વિષય બન્યું છે.

## સાપુતારા ઘાટ પર બે કાર વચ્ચે અકસ્માત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૭ :** સાપુતારા ઘાટમાર્ગમાં સાપુતારાથી નીચે ઉતરતા જ એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં મરાઠી પરિવારની ટાટા નેક્સોન કાર (નંબર MH 15 KC 7113) અને સુરતી પરિવારની ટોયોટા ઈનોવા ગાડી (નંબર GJ 05 CK 8712) વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં ટાટા કારના આગળના ભાગને ભારે નુકસાન પહોંચ્યુ હતું અને એરબેગ્સ પણ ખુલી ગઈ હતી. આ દર્દનાક ઘટનામાં ગાડીમાં સવાર મા-દીકરી ઘાયલ થયા હોવાના અહેવાલ સાંપડ્યા છે. ઘટના બાદ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતાં અને ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## ધરમપુરની સગીરા સાથે દુષ્કર્મની ફરિયાદ

**ધરમપુર, તા.૨૭ :** ધરમપુર નજીકના એક ગામમાં સગીરા ગામમાં રહેતો આરોપી ઈકો વાહનમાં બેસાડી નજીકના મંદિર તરફ લઈ ગયો હતો.

ત્યારબાદ ઘરે મૂકવા જતી વખતે રસ્તામાં ઈંટના ભઠ્ઠા નજીક ઈકો વાહન ઊભું રાખી એકલતાનો લાભ લઈ સગીરા સાથે જબરદસ્તી દુષ્કર્મ આચર્યું હોવાનો ફરિયાદ કરવામાં આવી છે. આ ઉપરાંત, બનાવ અંગે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી સગીરાને ઘરે ઉતારી દેવામાં આવી હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. પોલીસે ઈકો ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.




## નાનાપોંઢાથી રૂા.૫.૧૯ લાખના દારૂ સાથે બે ઝડપાયા

**ધરમપુર, તા. ૨૭ :** નાનાપોંઢા પોલીસે બાતમીના આધારે જોગવેલ આસલુન ફળિયા નજીક વોચ ગોઠવી સેલવાસથી ધરમપુર તરફ જઈ રહેલી મારૂતી ઈકો કાર નં. GJ-15-CJ-4370ને અટકાવી તપાસ હાથ ધરી હતી. કારની વચ્ચેની તથા પાછળની સીટના ભાગેથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો.

પોલીસે કુલ ૧,૩૪૪ બોટલ (૩૧૮.૭૨૦ લીટર), કિંમત રૂા.૨,૬૩,૭૬૦નો દારૂ, રૂા.૨.૫૦ લાખની ઈકો કાર અને રૂા.૫,૫૦૦ના બે મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૫,૧૯,૨૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ કેસમાં પોલીસે નિલેશભાઈ મુકેશભાઈ નાયકા પટેલ (ઉં.વ.૨૯), રહે. ખેરગામ, નવસારી અને ગૌરાંગભાઈ શાંતિલાલ પટેલ (ઉં.વ.૪૦), રહે. ધરમપુર, વલસાડની ધરપકડ કરી નાનાપોંઢા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**